# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ • અંક-૫ • મે-૨૦૧૦ • પાના-૨૮ • કીમત રૂા. ૧૦

## જિન-વચન

### પાપકર્મની ગતિ

जे पावकम्मेहिं धणं मणुस्सा समाययंती अमइं गहाय ।
पहाय ते पास पयट्ठिए नरे वेराणबद्धा नरगं उवेंति ।।

–उत्तराध्ययन–४-२

જે મનુષ્ય પાપકર્મો કરીને, ધનને અમૃત સમજીને ભેગું કરે છે, તેઓ કર્મના ફાંસામાં બંધાય છે અને છેવટે વેર બાંધીને, ધનને અહીં જ છોડીને, નરકગતિમાં ચાલ્યા જાય છે.

जो मनुष्य धन को अमृत समझ कर, पापकर्मों से उपार्जन करते हैं, उन्हें देखो । वे कर्म के फंदे में पड़ने के लिए तैयार है । वे वैर से बंधे हुए सारा धन यहीं छोड़कर नरक में जाते हैं ।

Those people who accumulate wealth through sinful deeds, as if they were collecting nectar, get involved in great sins, create enmity with others, and eventually leaving all wealth here, go to hell.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## સૈનિકની સંમતી

પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટન વતી લડતો ભારતની ગુરખા રેજિમેન્ટનો એક સૈનિક મરણતોલ ઘવાયો અને યુદ્ધકેદી તરીકે જર્મનોના હાથમાં પડ્યો. તેના બંને પગ સખત ઘવાયા હતા. એક પગ કાપી નાંખવામાં આવે તો જ તેનો જીવ બચે તેમ હતો. તેનો એક પગ કાપવા જર્મન ડૉક્ટરને તેની સંમતિ જોઈતી હતી. સૈનિક બહુ ગભરાયેલો હતો, કારણ કે યુદ્ધકેદીઓ પર જર્મનોના ક્રૂર જુલ્મની વાતો એણે સાંભળી હતી. જર્મન ડૉક્ટર વિમાસણમાં હતા: 'સૈનિકમાં વિશ્વાસ કેવી રીતે ઊભો કરવો અને એક પગ કાપવા તેની સંમતિ શી રીતે મેળવવી?' ડૉક્ટર અંગ્રેજી જાણતા નહોતા અને ભારતીય સૈનિક જર્મન ભાષા નહોતો જાણતો. જર્મન ડૉક્ટરે બહુ વિચાર કર્યો. 'કયો શબ્દ બોલું તો આ ભારતીય સૈનિકના મનમાં વિશ્વાસ પેદા થાય અને એ ડોકું હલાવી પગ કાપવા સંમતિ આપે?' અંતે ડૉક્ટરને રસ્તો સૂઝ્યો. ડૉક્ટરે સૈનિકના કાનમાં ત્રણ વાર મોટેથી શબ્દોચ્ચાર કર્યો. 'રવીન્દ્રનાથ ટાગોર, રવીન્દ્રનાથ ટાગોર, રવીન્દ્રનાથ ટાગોર.' સૈનિકના મોં પર ચમક આવી. તેણે ડોકું હલાવી યોગ્ય હોય તે કાપકૂપ કરવા સંમતિ આપી.

–**મહેશ દવે** કૃત 'કવિતાનો સૂર્ય'માંથી

# આચમન

## પગલી

ગુરુદેવ એક દિવસ થાકીને ઉપરના મજલે ઊભા ઊભા દૂર કંઈક જોઈ રહ્યા હતા. અચાનક એક ગાંડી સ્ત્રી નીચે દેખાઈ અને તે ઉપર આવવા માટે દાદર ચડવા લાગી. દરવાને તેને રોકી હટાવતાં કહ્યું: 'ચાલી જા, ચાલી જા અહીંથી!' અને તે નીચે ઉતરી ગઈ. ગુરુદેવને ઉપરથી આ જાણ થઈ અને તેઓ વિચારવા લાગ્યા:

'આ ગામમાં આ ગાંડી આવી શા માટે? નીચે જઉં અને પૂછું?' પણ એટલામાં તો નીચેથી એ મર્મભર્યું પ્રશ્ન-વેણ બોલી:

**'ઉપરના માળેથી હેઠા ક્યારે ઉતરશો ઠાકુર?'**

(આવા જ મર્મભર્યા વેણોએ જગાડ્યા અને માનરૂપી ગજ પરથી નીચે ઉતાર્યા હતા. માન-ગજારૂઢ બાહુબળીજીને બ્રાહ્મી-સુંદરી બહેનોએ 'વીરા મોરા! ગજ થકી હેઠા ઉતરો, ગજ ચઢ્યે કેવળ ન હોય!'કહીને.)

ગુરુદેવ આ શબ્દો સાંભળી ચોંકી ઊઠ્યા. તેઓ નીચે ઉતર્યા. પ્રેમનું મિલન 'ઉપર' થોડું જ થાય છે! એ ગાંડી વૈષ્ણવી સ્ત્રી જોતી રહી. બોલી: 'હું રોજ અહીં આવું છું, પણ આ દરવાન મને તમને મળવા દેતો નથી.'

આ પરથી ગુરુદેવે દરવાનને કહ્યું: 'જ્યારે પણ આ અહીં આવે ત્યારે તેને ઉપર આવવા દેવી.'

ગુરુદેવને વિચાર કરતા કરી ઢંઢોળી મૂકનારી એ ગાંડી તે વખતે તો ત્યાં ન રોકાઈ. ફરી બીજે દિવસે આવી. સીધી ઉપર ચઢી ગઈ. પગમાં સૅન્ડલ-બૅન્ડલ ન હતા. કરમાયેલા ફૂલને પોતાના હાથમાં રાખીને તે બેઠી રહી. ગુરુદેવ લખવાના કામમાં હતા. વાત કરવાની ફુરસદ ન હતી. ગાંડી થોડા સમય પછી ચાલી ગઈ. કેટલાક દિવસો બાદ ફરીને એ આવી. ગુરુદેવ લખતા જ બેઠા રહ્યા અને ગાંડી તેમના **કાનમાં કંઈક કહી ગઈ!** શું કહી ગઈ? એ ખબર નથી. પરંતુ ગુરુદેવે કહ્યું-

'પહેલાં તો હું કલ્પના દ્વારા સૌની સાથે એકતા અનુભવતો હતો, પરંતુ તે દિવસથી મારી સૌની સાથે સાચી એકતા, આંતરિક એકતા થઈ ગઈ.'

આ પ્રસંગ પછીથી ગુરુદેવે નીચે ધરતી પર ઝુંપડી બાંધીને બેસવાનું અને નિકટના લોકો-સાંથાલ જનો વગેરે સાથે હળવા-મળવાનું, તેમના દુઃખોને સમજવાનું અને વાચા આપવાનું પણ શરૂ કર્યું. 'દીઠી સાંથાલની નારી' જેવા હૃદય-દ્રાવક કરુણ કાવ્યો આમાંથી સર્જાયા.

–**પ્રા. પ્રતાપકુમાર જે. ટોલિયા**

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | 'જન ગણ મન અધિનાયક'ના સર્જક ઋષિ કવિ રવીન્દ્રનાથ ટાગોર | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | સૂફી પરંપરા અનુપ્રાણિત ગુજરાતી સંત સાહિત્ય | પ્રૉ. મહેબૂબ દેસાઈ | ૭ |
| (૩) | સર્વજ્ઞતા વિશે વિચારણા | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૧૦ |
| (૪) | ગાંધીજી અને ગુરુદેવ | શાંતિલાલ ગઢિયા | ૧૨ |
| (૫) | અનુભૂતિની અફલાતૂન અનુભૂતિ | ડૉ. રણજિત એમ. પટેલ | ૧૩ |
| (૬) | પત્ર-ચર્ચા | અશોક ન. શાહ | ૧૭ |
| (૭) | નવકાર મંત્રમા 'ન' કે 'ણ' નમુક્કારો કે ણમુક્કારો? | પુષ્પાબેન પરીખ | ૧૮ |
| (૮) | જયભિખ્ખુ જીવનધારા-૧૮ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| (૯) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન–૧૯ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૩ |
| (૧૦) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૧) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૨) | પંથે પંથે પાથેય : રવીન્દ્રસ્મૃતિ | પ્રા. પ્રતાપ ટોલિયા | ૨૮ |


### 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે

૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯–૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

**પૂર્વ તંત્રી મહાશયો**

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : ૫૭ ● અંક : ૫ ● મે ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૬ ● નિ. વૈશાખ સુદ –તિથિ-૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●   ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## 'જન ગણ મન અધિનાયક'ના સર્જક ઋષિ કવિ રવીન્દ્રનાથ ટાગોર

*વિપત્તિમાં કરો રક્ષા, ન એવી પ્રાર્થના મારી.*
*વિપત્તિથી ડરું ના હું કદી – એ પ્રાર્થના મારી!*
*સદા મસ્તક રહો નમ્ર, ન સુખમાં ગર્વ કંઈ હોજો,*
*સદા મુજ નેત્ર સઘળે સર્વદા તવ મુખ-છબી જોજો!*

**–ટાગોર**

આંતર સંવેદનામાંથી સૂરજના કિરણો જેવી, જગતને નવ પલ્લવિત કરી દે એવી કવિતા જન્માવે એ મહાકવિ અને જગતના રહસ્યોને પોતાના સર્જનમાં ઝાંઝરની જેમ ગુંજતા કરી વિશ્વને આનંદ વિભોરની પરમ કક્ષાએ લઈ જાય એ ઋષિ કવિ.

**આ અંકના સૌજન્યદાતા :**
**શ્રી રસિકલાલ લહેરચંદ શાહ**

કવિવર રવીન્દ્રનાથ ટાગોર આવા મહાકવિ અને ઋષિ કવિ હતા. ભારતની ધરતીએ અમીર ખૂશરો પછી કદાચ આવો ભવ્ય કવિ આ ટાગોરમાં નિહાળ્યો.

મારા વિદ્વાન મિત્ર શાંતિભાઈ ગઢિયાએ હમણાં જ મને એક પત્રમાં લખ્યું કે 'આપણા આ ટોગાર તો સપ્ત આયામી પ્રતિભાથી વિભૂષિત 'સપ્તર્ષિ' કવિ છે. કવિ, નાટ્યકાર, વાર્તાકાર, નવલકથાકાર, સંગીતકાર, ચિત્રકાર અને નૃત્ય અભિનયકાર', આ સપ્ત કલામાં પારંગત અને પ્રતિષ્ઠિત આ કવિએ મબલખ લખ્યું. અઢળક લખ્યું. આઠ વર્ષની ઊંમરથી ૮૦ વર્ષની ઊંમર સુધી બસ સાહિત્ય-કલાનું સર્જન આ વિભૂતિ કરતા જ રહ્યા. તેમના ગદ્ય-પદ્ય સર્જનોના ૨૮ દળદાર ગ્રંથો બંગાળીમાં પ્રકાશિત થયા છે. ઉપરાંત પોતે જ સ્વરબદ્ધ કરેલા ૨૫૦૦ ગીતો ( આ રવીન્દ્ર સંગીતને આપણા ગુજરાતી સ્વરકારોએ ગુજરાતમાં જીવંત રાખ્યું છે, એમાં વર્તમાનમાં વિદૂષી કવિ ડૉ. નલિની મંડગાંવકર મોખરે છે.) અને જીવનની ઉત્તર અવસ્થા, ૬૮ની ઊંમરે આંગળીઓમાં પિંછી લઈ ૨૦૦૦ થી વધુ ઉત્તમ અને રહસ્યમય ચિત્રોનું સર્જન કર્યું. એઓ કહેતા Painting have an universal language.

*મન જરીયે નથી આજ મરવાનું*
*ગમે છે સુંદર આ વિશ્વે ફરવાનું*
*રહેવું છે માનવો વચ્ચે*
*સૂરજ-તેજની સાખે*
*ફૂલો પ્રફુલ્લ વચ્ચે ને અવસર મળે તો*
*પ્રેમીજનના હૃદયકમળે.*

**–કવિવર ટાગોર**

કલકત્તાની દ્વારકાનાથ ગલીમાં જોડાસાંકોના ટાગોર પરિવારના નંબર પાંચમાંના ઘરમાં રત્નગર્ભા શારદાદેવીની કુખે ૭મે ૧૮૬૧માં એક સૂરજ ઊગ્યો અને એજ ઘરમાં ૭ ઑગસ્ટ ૧૯૪૧માં આ સૂરજ આથમ્યો. એ સૂરજ આપણા રવીન્દ્રનાથ ટાગોર. દેવેન્દ્રનાથ અને શારદાદેવીનું આ ૧૪મું સંતાન. જે ઘરમાં આંખ ઊઘડી એ જ ઘરમાં આંખ મિંચાણી. જે ઘરમાં પ્રવેશ એજ ઘરમાંથી મહાપ્રયાણ. જ્યાં પહેલો શ્વાસ લીધો એ જ સ્થાને શ્વાસ થંભ્યો.

રવીન્દ્રનાથ ટાગોરનું પરાપૂર્વથી જમીનદારી કુટુંબ. સમાજના સર્વ ક્ષેત્ર, સમાજ સુધારો, કેળવણી, સાહિત્ય, તત્ત્વજ્ઞાન વગેરે બધામાં આ કુટુંબ પ્રતિષ્ઠિત અને સમાજને પ્રેરણા આપે એવું.

પિતામહ દ્વારકાનાથ અતિ શ્રીમંત, વેપાર ઉદ્યોગમાં પણ કુશળ. સુખ સમૃદ્ધિમાં છલોછલ એટલે એમને 'પ્રિન્સ'નું બિરુદ મળ્યું.

પિતામહ દ્વારકાનાથના પુત્ર દેવેન્દ્રનાથ પણ આ શ્રીવૈભવમાં ઉછર્યા અને પાંગર્યા. પરંતુ જીવનની એક ક્ષણે એમને કંઈક એવો સાક્ષાત્કાર થયો કે આ બધું ત્યજીને હિમાલય જઈ બેઠા, છતાં ફરજો બજાવવા સંસારમાં રહ્યા, પણ વેદ-ઉપનિષદ વગેરે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ, ધ્યાન અને મનન સાથે, એટલે સમાજે એમને 'મહર્ષિ' દેવેન્દ્રનાથ કહ્યા.

પ્રિન્સ દ્વારકાનાથે ધંધામાં નુકસાની કરી અને કુટુંબ માથે મોટું દેવું મૂકી વિલાયતમાં અવસાન પામ્યા. પરંતુ ઉત્તમ પુત્ર દેવેન્દ્રનાથે બધી જાગીર વેચી, છેવટે આંગળીઓની વીંટી વેચીને પણ પિતાનું દેવું ભરપાઈ કર્યું.

મહર્ષિ દેવેન્દ્રનાથના પત્ની શારદાદેવી પણ વૈદિક ધર્મમાં પૂરી શ્રદ્ધાવાળા અને ધર્મ-ધ્યાનમાં લીન સાત્ત્વિક પ્રકૃતિના ભારતીય નારી. આવા આ યુગલ થકી જે સંતાનો આ ધરતી ઉપર અવતર્યા એ બધાં જ અતિ તેજસ્વી. એટલે જ માતા શારદાદેવી રત્નગર્ભા કહેવાયા.

મા શારદાદેવી પૂજા-ધર્મ ધ્યાનમાં વ્યસ્ત એટલે રવીન્દ્રને માતાનું લાલનપાલન ઓછું મળ્યું. ભર્યાભાદર્યા ઘરમાં નોકર ચાકરોની વચ્ચે રવીન્દ્રનો ઊછેર થયો. યુવાન વય સુધીની પોતે લખેલ આત્મકથા 'જીવન સ્મૃતિ'માં રવીન્દ્રનાથ લખે છેઃ 'મા શી વસ્તુ છે તે હું જાણી જ ન શક્યો.' પોતાની ૧૪ વર્ષની ઊંમરે રવીન્દ્રનાથે માતાને ગુમાવ્યા. પિતા દેવેન્દ્રનાથ વિશે ટાગોર લખે છેઃ

'દેવેન્દ્રનાથને યાદ કરું છું ત્યારે હિમાલયના અતીવ સુંદર શિખર કાંચનજંઘાની ભવ્ય શ્વેત એકલતાની મૂર્તિ મારા મનઃચક્ષુ સમક્ષ ખડી થાય છે. ઉપનિષદના શબ્દોમાં કહું તો સ્વર્ગીય આકાશમાં ઊભેલા ઊંચા વૃક્ષ જેવા તે હતા.'

આ પિતા પાસે રવીન્દ્રનાથે પૂજન-અર્ચન, ધ્યાન, વેદ અને ઉપનિષદોનો અભ્યાસ કર્યો. આ કારણે જ રવીન્દ્રનાથને ગાયત્રી મંત્ર ખૂબ ગમતો અને આ મંત્રનો એઓ નિયમિત જાપ કરતા. ઉપરાંત રવીન્દ્રનાથે વિવિધ પુસ્તકોનું વાંચન પણ કર્યું અને એમની પ્રતિભા પાંગરતી રહી.

*નથી નથી જોઈતી મુક્તિ*
*વૈરાગ્યની સાધના થકી*
*માણું અસંખ્ય બંધનમાં જ*
*સ્વાદ મહાનંદ મુક્તિનો.*

●●●

*પ્રત્યેક નવજાત શિશુ સંદેશો લાવે છેઃ*
*'ઈશ્વરે હજી મનુષ્યમાં શ્રદ્ધા ગુમાવી નથી.'*

●●●

*મને એટલી ખબર છે કે હું જ્યારે ગીત રચતો હોઉં છું ત્યારે હું ઈશ્વરની સૌથી નજીક હોઉં છું.'*

**–કવિવર ટાગોર**

ટાગોરના પરિવારનું વાતાવરણ એક પ્રાચીન ગુરૂકૂળ જેવું હતું.

રવીન્દ્રનાથના મોટા બહેન સ્વર્ણકુમારી દેવી સાહિત્ય રસિક હતા, અને કવિતા-વાર્તા લખતા. બંગાળમાં બંગાળી નવલકથા લખનાર એ પહેલા મહિલા નવલકથાકાર હતા. મોટાભાઈ સત્યેન્દ્રનાથ આઈ.સી.એસ. અધિકારી હતા, અને એઓ અમદાવાદમાં જજ હતા ત્યારે ૧૭ વર્ષની ઊંમરે રવીન્દ્રનાથ અમદાવાદમાં બાદશાહી મહેલ શાહીબાગમાં રહ્યા હતા. રવીન્દ્રનાથની પ્રસિદ્ધ કૃતિ 'ક્ષુધિત પાષાણ'ના બીજ રવીન્દ્રનાથના મનમાં ત્યારે રોપાયા હતા, અને ત્યારે જ એમણે પોતાના બે ગીતોનું સ્વરાંકન કર્યું હતું. વર્તમાનમાં અહીં સરદાર પટેલનું સ્મારક છે અને રવીન્દ્રનાથ જે ખંડમાં રહ્યા હતા એ ખંડને 'રવીન્દ્ર સ્મૃતિ' નામ અપાયું છે.

રવીન્દ્રનાથ ટાગોરના ભાઈઓ, બહેનો, પિત્રાઈઓ, કુટુંબીજનો વગેરેની એક એક વ્યક્તિ ઉપર એક ગ્રંથ લખાય એવા આ બધાં તેજસ્વી રત્નો હતા. Genetics ના અભ્યાસી માટે આ શોધનો વિષય છે. આ કુટુંબ સાથેના સંબંધોનો એક છેડો ગુજરાતને પણ સ્પર્શે છે, અને ભાવ સંબંધનો એક અંશ આપણા મહાત્મા ગાંધીજી સાથે પણ જોડાયો હતો. વધુ વિગત માટે 'મુંબઈ સમાચાર'ની નવ મે પહેલાની અને પછીની બકુલ ટેલર લિખિત 'સગપણના ફૂલ' કોલમ ધ્યાનથી વાંચવા વિનંતી.

રવીન્દ્રનાથને સાહિત્ય રુચિ કેળવવામાં મોટા ભાઈ જ્યોતિરીન્દ્રનાથનો ફાળો પણ મહત્ત્વનો. આ મોટાભાઈ પણ સર્જક સાહિત્યકાર. એમનું લગ્ન કાદમ્બરી દેવી સાથે થયું ત્યારે રવીન્દ્રનાથની ઊંમર સાત અને કાદમ્બરી દેવીની ઉંમર નવ. કાદમ્બરી દેવીમાં પણ સાહિત્યરસના ઝરણાં; પરંતુ વિશેષ ભાવઝરણું તો રવીન્દ્રનાથનું એમની સાથે બંધાયું. કવિની કવિતાને એમણે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યા. આ સંબંધ કોઈ અલૌકિક હતો. અનુભવાય પણ સમજાય નહિ. રવીન્દ્રનાથના જીવનમાં આ પ્રથમ સ્ત્રી પાત્ર. આ કાદમ્બરી દેવીને કવિ ગ્રીક દેવી 'હેક્ટે'ના નામથી સંબોધતા. પોતાના પતિ દ્વારા થતી પોતાની ઉપેક્ષા સહન ન થતા આ કાદમ્બરી દેવીએ પોતાની ૨૫ની ઊંમરે વિષ ઘોળ્યું, ત્યારે રવીન્દ્રનાથની સ્થિતિ કેવી હશે એની કલ્પના પણ અશક્ય. કવિએ આ કાદમ્બરીદેવીને જીવનભર સ્મર્યા હતા.

શિક્ષણ માટે ૧૦ વર્ષની ઊંમરે કવિને બેંગોલ એકેડેમીમાં પ્રવેશ અપાયો. ૧૩ની ઊંમરે સેન્ટ ઝેવીયર્સ સ્કૂલમાં પ્રવેશ થયો. ઉપરાંત ભારત

પ્રવાસ અને વિશેષતઃ હિમાલય પ્રવાસ પણ કર્યો. શિક્ષણ કાર્ય દરમિયાન એમનું કાવ્ય, નાટકનું સર્જન તો ગતિમાં હતું જ. આ સર્જન ત્યારે સ્થાનિક પત્રિકા અને સામયિકોમાં છપાયું. ૧૬ વર્ષની ઊંમરે અજ્ઞાત નામ ભાનુસિંહ ધારણ કરી 'ભાનુ સિંહેર પદાવલિ' લખ્યું. આ કાવ્યો 'ભારતી' સામયિકમાં પ્રકાશિત થયા. આ કાવ્યોમાં પ્રાચીન કાવ્યોની શૈલી હતી, એટલે તજજ્ઞોએ એને પ્રાચીન ગણીને વધાવી લીધી. જર્મનીમાં રહેતા એક બંગાલી વિદ્વાને તો આ પદાવલિ ઉપર ડૉક્ટરેટની પદવી પણ પ્રાપ્ત કરી હતી.

ટાગોર કુટુંબે નિર્ણય કર્યો કે રવીન્દ્રનાથને બેરિસ્ટર બનાવવા. એ માટે કવિને ઈંગ્લાંડ મોકલવાનો નિર્ણય લેવાયો. એટલે અંગ્રેજી ભાષાજ્ઞાન અને રીતભાત શિખવવા મુંબઈમાં રહેતા ટાગોર કુટુંબના સ્નેહી તબીબ ડૉ. આત્મારામ તરખુડના ઘરે મોકલ્યા. રવીન્દ્રનાથ ત્યાં બધું શિખ્યા. આ સમયે તેમની આત્મારામની ષોડષી કન્યા અન્નપૂર્ણા સાથે મૈત્રી થઈ. કવિતા-સાહિત્યના આદાન પ્રદાનની ગોષ્ઠિએ એક નવો ભાવ સંબંધ બંધાયો. રવીન્દ્રની આંતરિક પ્રતિભા અને બાહ્ય દેખાવથી 'ઍના' ખૂબ ખુશ હતી, અને રવીન્દ્રને કહેતી 'આવા રૂપાળા ચહેરા ઉપર દાઢી ન વધારીશ.' ઍનાના મૃત્યુ પછી જ કવિએ દાઢી વધારી અને જગતને અત્યંત પ્રતિભાશાળી ઋષિતુલ્ય વ્યક્તિત્વ મળ્યું. કવિ પોતાના મિત્રોને એક હુલામણું નામ આપતા, એમ આ 'ઍના'ને નલિની નામ આપ્યું. એક વખત કવિએ આ નલિની ઉપર લખેલું ગીત ભૈરવી રાગમાં સંભળાવ્યું ત્યારે આ ઍના-નલિની-કવિના સ્વર શબ્દ ઉપર મંત્ર મુગ્ધ થઈ ગઈ અને બોલી ઊઠી : 'કવિ, તારું ગીત સાંભળીને તો મૃત્યુલોકમાંથી પણ હું પાછી આવી જાઉં.' આવી 'ઍના'ને કવિ જીવનભર ભૂલી જ કેમ શકે ? ફૂલો કરમાય જાય છે પણ સુગંધ તો અવિસ્મરણીયતાના પ્રદેશમાં ચિરંજીવી સૌરભ બની સ્થાયી થઈ જાય છે.

બાર વર્ષની ઊંમરે કવિનો ઉપનયન સંસ્કાર થયો. ટાગોર કુટુંબના નિર્ણયે કવિને ૧૭ વર્ષની ઊંમરે બેરિસ્ટર બનવા ઈંગ્લાંડ જવું પડ્યું. પોતાના સ્ટીમરના આ પ્રથમ પ્રવાસ વિશે કવિએ લલિત ગદ્યમાં સુંદર લખ્યું છે.

લંડનમાં ડૉ. સ્કોટના પ્રેમાળ કુટુંબ સાથે રવીન્દ્રનાથે વસવાટ કરવો એવું ગોઠવાયું. ટાગોર ત્યાં ત્રણ માસ રહ્યા. આ કુટુંબે કવિને ખૂબ પ્રેમ અને હૂંફ આપ્યા. અહીં પણ સાહિત્ય અને સંગીતનું વાતાવરણ હતું, અને સમાન ગુણેષુ સખ્યમ્ એ નિયમે ડૉ. સ્કોટની બે સમવયસ્ક પુત્રીઓ સાથે એમને મૈત્રી સંબંધ બંધાયો. કવિનું સૌજન્ય અને પ્રતિભા જ એવી કે કોઈ પણ સહૃદયી એમને હૃદય ધરી દે. કવિ પોતાની સ્મૃતિકથામાં લખે છેઃ

'એ બન્ને મારા પ્રેમમાં હતી એ વિશે મને લગીરે શંકા નથી. કાશ...મારામાં એ વખતે વધુ નૈતિક હિંમત હોત!'

અચાનક પિતા દેવેન્દ્રનાથનો આદેશ આવ્યો કે 'જલદી ભારત આવી જાવ' અને બેરિસ્ટરીનો અભ્યાસ અધૂરો મૂકી રવીન્દ્રનાથે લંડનથી વિદાય લીધી. ત્યારે શ્રીમતી સ્કોટને ખૂબ દુઃખ થયું, અને રવીન્દ્રનાથના હાથને સ્પર્શીને અશ્રુભીની આંખે કહ્યું, 'આમ વહેલા ચાલ્યા જવું હતું તો તું અમારે ત્યાં આવ્યો જ શા માટે ?'

કોઈપણ બૌદ્ધિક અને સંવેદનશીલ પ્રતિભા અન્ન વગર જીવી શકે પણ લાગણીના સાથ વગર એનું જીવવું મુશ્કેલ બને જ, પછી તે પુરુષ હોય કે સ્ત્રી, કારણ કે અન્યો અન્યની સમજ અન્યો અન્ય માટે એક ઊર્જાનું અને અન્યો અન્ય માટે હર પળે ઉર્ધ્વીકરણનું કામ કરતી હોય છે.

રવીન્દ્રનાથને જેમની સાથે મનમેળ થયો એમની સાથે જીવનમેળ ન થયો, એથી આ કવિ 'દેવીદાસ' બની ન ગયા પરંતુ જેમની સાથે જીવનમેળ થયો એમની સાથે મનમેળ કરીને પ્રતિભાવંત જીવન જીવ્યા. પિતા દેવેન્દ્રનાથ અને ટાગોર કુટુંબે ઈચ્છેલી કન્યા સાથે એઓ પરણ્યા. પાંચ સંતાનો સાથે ૧૯ વર્ષ પ્રસન્ન દામ્પત્ય જીવન જીવ્યા.

પોતાની ૨૨ની વયે ૧૦ વર્ષના મૃણાલિની દેવી સાથે લગ્ન, અને પોતાની ૪૧ની વય હતી ત્યારે ૧૯૦૨માં ૨૯ વર્ષની ઊંમરે મૃણાલિની દેવીએ વિદાય લીધી. પત્ની બિમાર હતા ત્યારે રવીન્દ્રનાથે બે મહિના એમની શ્રમપૂર્વક સેવા કરી., અને પછી પત્નીના વિરહને પોતાના શાંતિનિકેતનના કામમાં અને સાહિત્ય સર્જનમાં ઢાળ્યો. પોતાનો કાવ્ય સંગ્રહ 'સ્મરણ' પત્નીને અર્પણ કરતા કવિ લખે છેઃ

*'તુમિ આજિ મોર માઝે આમિ હયે ઓછો!*
*આમારિ જીવને તુમિ બાંચો ઓ ગો બાંચો.'*

(તું આજે મારી અંદર મારું જ રૂપ લઈને હું બનીને રહેલી છો. મારા જ જીવનમાં તું જીવ, તું જીવ!)

આ મૃત્યુને તો કવિ જાણે પચાવી ગયા હતા. એંશી વર્ષના જીવનકાળ દરમિયાન, માતા, પિતા, પત્ની, ભાભી, ભાઈ, બે સંતાનો, એક પૌત્ર, અન્ય સ્વજનો અને અંગત મિત્રો એમ લગભગ દશેક વ્યક્તિ મૃત્યુ શૈયા એમણે નિહાળી. ભર્યાભાદર્યા અને મિત્રો-સ્વજનોથી સદૈવ ઘેરાયેલા આ કવિએ ક્યારેક અસહ્ય એકલતાનો અનુભવ કર્યો. ૩૯ વર્ષ પત્ની વગર વિતાવ્યા. પરંતુ આ વિદાયો અને એકલતામાંથી એમણે એકાંતની સમાધિ પ્રાપ્ત કરી લીધી હતી. એમના પુત્ર રથીન્દ્ર લખે છેઃ

'રવીન્દ્રનાથની આંતરિક શાંતિ કોઈ બાહ્ય

---

*જીવનમાં જાણ્યે-અજાણ્યે ઘણાં મિથ્યા આચરણો મેં કર્યા હશે, પણ કવિતામાં મેં ક્યારેય મિથ્યા વાત કહી નથી. ('છિન્નપત્ર')*

**–કવિવર ટાગોર**

• • •

'જન ગણ મન' એ ગીત ડિસેંબર ૧૯૧૧માં કલકત્તામાં મળનાર રાષ્ટ્રીય કૉંગ્રેસના અધિવેશન માટે કવિવર ટાગોરે લખેલું, અને એ ગીત ત્યારે જ પહેલી વખત ત્યાં અધિવેશનમાં ગવાયું.

શોકાર્ત ઘટનાથી વિચલિત થતી નહિ.'

રવીન્દ્રનાથે ભારત પ્રવાસ કર્યો. સોળ વખત વિદેશ પ્રવાસો કર્યા, સર્વે સ્થળેથી એમને આવકાર અને ઉષ્મા મળ્યા. વિવિધ સ્થળોએ એમના વક્તવ્યો ગોઠવાયા. એમના શબ્દોના પડઘા પડ્યા અને શ્રોતાઓમાં નવી નવી ચેતનાના ઉમેરણ થયા.

શ્રીલંકા અને રશિયાની પણ યાત્રા કરી. કવિ રશિયાના પ્રશંસક રહ્યા.

રવીન્દ્રનાથ ગાંધીજીની રાષ્ટ્રીય ચળવળમાં અંતરથી સહભાગી થયા. બેઉ મહાપુરુષોનું શાંતિનિકેતન અને અન્ય સ્થળે મિલન થયું. લોકમાન્ય તિલક માટે કવિએ ફાળો ઉઘરાવ્યો.

શાંતિનિકેતનની સ્થાપના, અને ત્યાં વિશ્વભારતી વિશ્વવિદ્યાલયની સ્થાપના. આ વિશ્વવિદ્યાલયે જગતના બૌદ્ધિકોનું ધ્યાન ખેંચ્યું. આપણા ઉમાશંકર જોષી એક સમયે આ સંસ્થાના કુલપતિ હતા.

વિશ્વભારતીનો ધ્વનિમંત્ર હતો.

अथेयं विश्वभारती यत्र विश्वं भवत्येकनीडम्

(આ વિશ્વભારતી એવું સ્થાન છે જ્યાં આખું વિશ્વ એ માળો બની રહે છે.)

ફિલ્મ સર્જક સત્યજિત રાય લખે છેઃ 'શાંતિ નિકેતનમાં મેં ગાળેલા ત્રણ વર્ષને હું મારા જીવનનો સૌથી ફળદાયી સમય ગણું છું. શાંતિનિકેતને મારી આંખો સમક્ષ ભારતીય અને પૂર્વની કળાઓની ભવ્યતા ઉઘાડી આપી. હું પશ્ચિમની કળાઓથી અભિજ્ઞ હતો. શાંતિનિકેતને મને પશ્ચિમ અને પૂર્વની કળાઓથી પૂર્ણ બનાવ્યો.'

કવિ માત્ર કવિ જ ન હતા. ઉત્તમ વહિવટકાર પણ હતા. ઓગણીસ વર્ષની વયે પરિવારની જમીનદારીના વહિવટના સૂત્રો પોતાના હાથમાં લીધા, અને મજૂરો, કર્મચારીઓ વગેરેના પ્રિયપાત્ર બન્યા.

પરંતુ આ વિશ્વવિભૂતિને વિશ્વ વિશેષ તો એક મહાકવિ તરીકે જ સ્મરે છે.

રવીન્દ્રનાથે નિજિ સંવેદનામાંથી તત્ત્વના સત્યને પ્રગટ કર્યું. અનેક વેદનાઓ છતાં ક્યાંય કશો જ આક્રોશ નહિ. ઈશ્વરના સત્યનો નત મસ્તકે સ્વીકાર એ જ એમનો જીવનમંત્ર. કવિ જાણે પ્રભુ અને પ્રકૃતિમાં રમમાણ થઈ ભાવસમાધિમાં સ્થિત થતા હોય, કોઈ અલૌકિક સાક્ષાત્કારની અનુભૂતિ કરતા હોય, કોઈ અલભ્ય 'દર્શન' પ્રાપ્ત થતું હોય, પરિણામે જીવન અને મન શાંત, સ્થિર અને આનંદરૂપ થતું હોય, આવું હોય તો જ તેજસ્વી, ઊંડા આધ્યાત્મિક સ્પર્શ સાથેની ભગવાન બુદ્ધના ઉપદેશ જેવી અને ઉપનિષદોના સૂત્રો જેવી કવિતા વહે. ઈશ્વરને અંજલિ આપતા ગીતોની 'ગીતાંજલિ' વહે. આ 'ગીતાંજલિ'ને નોબેલ પ્રાઈઝ મળ્યું. કવિની કવિતાએ ભારતને અદ્વિતિય સન્માન અપાવ્યું. આ નોબેલ પ્રાઈઝની રકમ એમણે પોતાના શાંતિ નિકેતનને ચરણે ધરી દીધી.

*શાળાનું શિક્ષણ રવીન્દ્રને રાસ ન આવ્યું. તેમણે ચાર ચાર નિશાળો બદલી, પણ એકે ન ફાવી. અભ્યાસ પૂરો કરતાં પહેલાં જ તેમણે શાળાનું શિક્ષણ છોડ્યું. શિક્ષણ વિશે રવીન્દ્રનાથના આગવા વિચારો હતા. તે માનતા કે, 'શિક્ષણનું પ્રયોજન માહિતી કે ખુલાસા પૂરા પાડવાનું નથી. શિક્ષણે ચિત્તના દ્વારે ટકોરા મારવાના છે અને ભીતરના વિશ્વને ઉઘાડવાનું છે. શિક્ષણે ચિત્તનાં દ્વાર ખટખટાવવાનાં છે...અંતઃપુરમાં જે ચાલી રહ્યું હોય છે તેની ખબર બુદ્ધિના પ્રદેશને પહોંચતી નથી.'*

રવીન્દ્રનાથ વીસમી સદીના ભારતના સર્વોત્તમ સાહિત્યકાર છે, એ વેદ યુગના કવિદ્દષ્ટાનો અર્વાચીન અવતાર છે. આ કવિ આપણા વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસની પંક્તિમાં એમના સર્જન કર્મથી સ્વયં સ્થાન પામી જાય છે.

આવા કવિનું સ્મરણ કરીએ છીએ એ જ ક્ષણે એક ઋષિની મૂર્તિ આપણી સમક્ષ સ્થિત થાય છે. આ મહાકવિને આપણે એમના શબ્દોથી જ આ ધરતી ઉપર પુનઃ પધારવા વિનવીએ.

*તુમિ નવ નવ રૂપે એષો પ્રાણે,*
*એષો ગંધે, વરણે, એષો ગાને!*
*એષો અંગે પુલકાય પરશે,*
*એષો ચિત્તે અમૃતમય હરષે,*
*એષો મુગ્ધ મુદિત દુ નયાને,*
*તુમિ નવ નવ રૂપે એષો પ્રાણે!*

(નવા નવા રૂપે તમે પ્રાણમાં પધારો!
સંગમાં, વર્ણમાં અને ગાનમાં પધારો!
અંગે અંગે પુલકમય સ્પર્શ રૂપે, પધારો!
ચિત્તમાં અમૃતમય હર્ષ રૂપે પધારો,
મુગ્ધ મુદિત નયનોમાં પધારો,
નવા નવા રૂપે તમે પ્રાણમાં પધારો.

સમગ્ર ભારત આ વર્ષે એના આ પનોતા પુત્ર મહાકવિનો ૧૫૦મો જન્મ દિવસ ઉજવી રહ્યું છે. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો પણ એમાં સાથ અને સૂર પૂરાવે છે.

**❑ધનવંત શાહ**

**નોંધ :** આ લેખ તૈયાર કરવામાં નીચેના પુસ્તકોનો આધાર લીધો છે એ સર્વેનો ઋણ સ્વીકાર કરું છું.

૧.'કવિતાનો સૂર્ય-રવીન્દ્ર ચરિત'-મહેશ દવે, ઈમેજ પબ્લિકેશન-મુંબઈ.

(આ અંકમાં વેરાયેલા ગદ્ય ખંડો પણ આજ પુસ્તકમાંથી અવતાર્યા છે. ટાગોર વિશે જિજ્ઞાસુઓને આ પુસ્તક વાંચવાની ભલામણ.)

૨.ગુરુદેવ રવીન્દ્રનાથ-રમણલાલ સોની-મિહિર પ્રકાશન-રાજકોટ).

૩. TAGORE–A Life–Krishna Kriplani National Book Trust – New Delhi.

✶ ✶ ✶

# સૂફી પરંપરા અનુપ્રાણિત ગુજરાતી સંત સાહિત્ય

*સાહિત્ય અકાદમી, મુંબઈ દ્વારા 'ગુજરાતી સંત સાહિત્ય : મૂળ અને કુળ' વિષયક બે દિવસીય રાષ્ટ્રીય સેમિનાર સોમનાથ મુકામે ૩૦, ૩૧ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ યોજાયો હતો. તેમાં આપેલ વ્યાખ્યાન.*

❑ પ્રો. મહેબૂબ દેસાઈ

**૧. સૂફીવાદનો ઉદ્‌ભવ**

સૂફીવાદના ઉદ્‌ભવના પાયામાં ઈસ્લામનો માનવતાવાદી દૃષ્ટિકોણ દટાયેલો પડ્યો છે. તેની સાક્ષી પુરતી સમજ એન્સાઈક્લોપિડિયા બ્રિટાનિકામાં આપવામાં આવી છે. તેમાં સૂફીવાદ અંગે લખ્યું છે,

'એક આધ્યાત્મિક ઈસ્લામિક પંથ અને ઉપાસના પદ્ધતિ, જેમાં ખુદા અંગે પ્રત્યક્ષ અને વ્યક્તિગત અનુભવોના માધ્યમ દ્વારા અલૌકિક પ્રેમ અને જ્ઞાનનું સત્ય જાણવાનો પ્રયાસ થાય છે.'

ઈસ્લામના આ આધ્યાત્મિકવાદને અરબી ભાષામાં 'તસવ્વુફ' અને ફારસીમાં 'સૂફી' કહે છે. 'તસવ્વુફ' એટલે ઊનનું વસ્ત્ર પહેરનાર. 'સૂફી' શબ્દનો અર્થ પણ 'સૂફ' એટલે ઊન પરથી આવ્યો છે. સૂફી સંતો મોટે ભાગે ઊનનું વસ્ત્ર કે ચોગો પહેરતા હતા. એ પરથી તેમની વિચારધારાને સૂફીવાદ કહેવાનો આરંભ થયો હશે, એમ મોટે ભાગે માનવામાં આવે છે. પણ માત્ર પોષાકને કોઈ વિચારધારાની ઓળખ ગણાવી, તેનું નામાભિધાન કે અર્થઘટન કરવું યોગ્ય નથી. સૂફી શબ્દની ઉત્પત્તિ અંગે સૂફી સંતોના જીવન પ્રસંગોને અસરકારક શૈલીમાં આલેખતા ફારસી ગ્રન્થ 'તઝકીર્તુલ ઓલિયા'ની પ્રસ્તાવનામાં લખ્યું છે:

'સૂફ' ફારસી ભાષાનો શબ્દ છે. ફારસીમાં હકીમ અને દાનીશ્વરોને ફિલસૂફ કહેવામાં આવે છે. ફિલ એટલે મુહીબ અર્થાત્ મહોબ્બત કરનાર એટલે સૂફી.'

એજ રીતે 'સૂફી' માટે અરબીમાં 'તસવ્વુફ' શબ્દ વપરાયો છે. અલ્લામાં ઈબ્ન મલ્દુન તેનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે:

'તસવ્વુફ એટલે ઈબાદત (ભક્તિ)માં પાબંદ (એકાગ્ર) રહેવું. દુનિયાના સુખચેનથી, ધનદોલતથી મુક્ત થઈ માત્ર ખુદાની એકાગ્રચિત્તે ઇબાદત કરવી.'

'સૂફ' અને 'તસવ્વુફ' શબ્દના ઉપરોક્ત અર્થઘટનો સૂફીના આધ્યાત્મિક પાસાને ઉજાગર કરે છે. ઊનનું વસ્ત્ર ધારણ કરનાર સૂફી, એવું શાબ્દિક અર્થઘટન ભલે સૌ સ્વીકારતા હોય, પણ તે સૂફી સંતોના સાચા કાર્યોને વ્યક્ત કરતું નથી. સૂફી શબ્દના આધ્યાત્મિક અર્થઘટન સુધી સીમિત ન રહેતા, સૂફી પરંપરાના મૂળ સુધી પહોંચવું જરૂરી છે.

ઈસ્લામનો ઈતિહાસ તપાસતા સૂફી પરંપરાના મૂળ ઈસ્લામની સૌથી જાણીતી અને જૂની મસ્જિત-એ-નબવી સુધી દટાયેલા જોવા મળે છે. ઈસ્લામના અંતિમ પયગમ્બર હઝરત મહંમદ સાહેબે મદીનામાં પોતાના હાથે ઈસ્લામની બીજી 'મસ્જિત-એ-નબવી'નું સર્જન કર્યું હતું. એ મસ્જિતના એક ખૂણામાં એક છતનો ચબુતરો તેમણે બનાવ્યો હતો. આ ચબુતરો એવા લોકો માટે હતો જેઓ ઘરબાર વગરના દરવેશો કે ફકીરો હતા. આવા ફકીરો ત્યાં એકઠા થતા અને ઈલ્મ અને ઈસ્લામના સિદ્ધાંતોની છણાવટ કરતા. આ ચબુતરાને ઈસ્લામી ઇતિહાસમાં 'સુફ્ફહ ખંડ' કહેવામાં આવે છે. 'સુફ્ફહ ખંડ' અંગે સીરતે સરકારે મદીના (મહંમદ સાહેબનું જીવન ચરિત્ર)માં કહ્યું છે:

'કેટલાક મુસલમાન બનનાર અગાઉથી ઘરબાર વગરના હતા. કેટલાક બહારથી આવીને ઈસ્લામ સ્વીકાર્યા બાદ, ઈલમ-એ-દીન શીખવા મદીનામાં રોકાઈ ગયા હતા. તેઓના ઉતારા માટે કોઈ જગ્યા ન હતી. આવા ફકીરો, દરવેશો માટે આ ચબુતરો નેમત (આશીર્વાદ) રૂપ હતો.' **1**

**૨. ભારતના સૂફી સંતો અને તેમનો પ્રભાવ**

ભારતમાં સૂફી વિચારનો પ્રચાર મુઘલકાળ (૧૫૨૬-૧૭૦૭) દરમ્યાન થયાનું મનાય છે. જો કે તુર્ક-અફઘાન શાસનકાળ (૧૨૦૬-૧૫૨૬)માં પણ સૂફી વિચારધારાને મોકળું મેદાન મળ્યું હતું. પ્રસિદ્ધ સૂફી સંત મીર અબ્દુલ વહીદ મીલ્ગ્રામીએ 'હકીકી હિન્દ' નામક સૂફી ગ્રન્થ ઈ. સ. ૧૫૨૬માં લખ્યો હતો. આ પછી સૂફી માન્યતાઓ, વિચારો અને વ્યવહારોનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો. આ જ અરસામાં સૂફીવાદની 'વહદ-અલ-વજૂદ' વિચારધારા ભારતમાં પ્રસરી. વહદ-અલ-વજૂદ એટલે જીવની એકતા. આ વિચારનો મુખ્ય ઉદ્દેશ જીવ કે આત્માની એકતા હતો. દરેક શરીર એક આત્માનું નિવાસ છે. અને આત્મા નાશ પામતો નથી. આત્મા એજ ખુદાનું ઘર છે. આ વિચારધારા સામે સૂફીવાદની નકશબંદી શાખાએ 'વહદ-

---

અંગ્રેજીના શિક્ષણ પ્રત્યે પહેલેથી જ રવીન્દ્રની ઇતરાજી રહી. માતૃભાષામાં શિક્ષણ વિષેના એમના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે:

*''નાનપણમાં બંગાળી શીખ્યો હતો, માટે જ આખું ચિત્ત ગતિમાન થઈ શકે છે...શરૂઆતથી જ જો ચિત્તને ગતિમાન કરવાની તક ન મળે તો તેની ચલનશક્તિ મંદ પડી જાય છે. જ્યારે ચારે બાજુ ખૂબ-ખૂબ અંગ્રેજી ભણાવવાનો વાયરો વાતો'તો ત્યારે હિંમતપૂર્વક જેમણે અમને લાંબા વખત સુધી બંગાળી ભણાવવાની વ્યવસ્થા કરી તે મારા સેજદાદા (ત્રીજા ભાઈ હેમેન્દ્રનાથ)ને હું કૃતજ્ઞતાપૂર્વક પ્રણામ કરું છું.''*

રવીન્દ્રનાથના વિચારને આધુનિક શૈક્ષણિક મનોવિજ્ઞાને પણ સમર્થન આપ્યું છે.

અલ-શૂહુદ' અર્થાત્ 'વિચારની એકતા'ને પ્રાધાન્ય આપ્યું. આત્મા ખુદા છે. પણ તેના વિચાર–આચાર અને ગતિ મહત્ત્વના છે. આ વિચારને સૂફી સંત સરેહિન્દ શેખ અહેમદ (૧૫૬૪-૧૬૨૪)એ ભારતમાં પ્રસરાવ્યો. તેમણે લખેલ ગ્રંથો 'રિસાલે તહલીલીયા' અને 'રિસાલે ફી ઈત્હાત અલ નબુવ્વત'એ સૂફી વિચારને સ્પષ્ટ અને અસરકારક રીતે રજૂ કર્યો.

૧૮મી સદીમાં દિલ્હીના સૂફી સંત શાહવલી અલ્લાહે આ બંને સૂફી વિચારધારાઓ વચ્ચે સમજુતી સાધવાનો પ્રયાસ કર્યો. તેમણે કુરાન-એ-શરીફનો મુઘલ ભારતની રાજભાષા ફારસીમાં અનુવાદ કર્યો. આ જ અરસામાં મીર દર્દ જેવા ઉર્દુ શાયરોએ 'ઈશ્ક-એ-મિજાજી' (માનવ પ્રેમ)ના સ્થાને 'ઈશ્ક-એ-ઇલાહી'ને કેન્દ્રમાં રાખી શાયરીઓની રચના કરી, સૂફીવાદને પ્રજા સુધી પહોંચાડ્યો. ઈ. સ. ૧૧૮૮માં મુલતાન શહેર નજીક કોઠાવાલ ગામમાં જન્મેલ સૂફી સંત ફરીદે ભારતમાં સૂફી પરંપરામાં નોંધપાત્ર ફાળો આપ્યો. બાબા ફરીદના ઉપદેશાત્મક કથનોમાં જીવનની સરળ ફિલસુફી સમાયેલી હતી. તેમના ગ્રન્થ 'સીઅરુલ ઓલિયા'એ એ યુગમાં લોકોને ઘેલું લગાડ્યું હતું. તેમના સૂફી વિચારો સરળ અને જીવન મૂલ્યોને સાકાર કરતા હતા. જેમકે,

'શરીરની માંગો પૂરી ના કરો, કારણ કે તેનું મોં બહુ મોટું છે.'

'મૃત્યુને ક્યારેય, ક્યાંય ન ભૂલશો.'

બાબા ફરીદના આવા સરળ વિચારોએ એ યુગના સાહિત્ય પર ઘાટી અસર કરી હતી. શીખ ધર્મના ધર્મગ્રન્થ 'ગુરુગ્રન્થ સાહિબ'માં બાબા ફરીદની વાણી પાંચમા ગુરુ અર્જુનદેવે અક્ષરશઃ મૂકી. 'ગુરુગ્રન્થ સાહિબ'માં ફરીદવાણીના ૧૨૨ શ્લોકો અને ચાર પદો સમાવિષ્ટ થયા છે. ગુરુ નાનક (ઈ. સ. ૧૪૬૯-૧૫૩૯) અને બાબા ફરીદ (ઈ. સ. ૧૧૮૮-૧૨૮૦) વચ્ચે બે ત્રણ શતાબ્દીનું અંતર હોવા છતાં ગુરુ નાનકે 'ગુરુગ્રન્થ સાહિબ'માં મૂકાયેલ ફરીદવાણીના એક પણ શબ્દમાં ફેરફાર નથી કર્યો. એ જ બાબત ઈસ્લામ અને સૂફી સંતોના યુગોના પ્રભાવને વ્યક્ત કરે છે. ફરીદ બાબાના શિષ્ય નિઝામુદ્દીન ઓલિયાએ પણ એ પછી સૂફી પરંપરાને ભારતમાં જીવંત રાખવામાં નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું. એ પછી તો સૂફી સંતોની મોટી હારમાળા ભારતના જનજીવન પર પ્રસરી ગઈ હતી. સંત જોજન (૧૫૦૪), કુત્બન (૧૪૯૪), મલિક મોહંમદ જાયસી (૧૪૬૪-૧૫૪૨), ઉસ્માન (૧૬૧૪), રહીમ (૧૬૨૭), નુર મહંમદ (૧૭૪૫) અબ્દુલ કુન્દુસ ગંગોહી (૧૪૫૬-૧૫૩૭), સૂફી સંત નાઝીર (મૃ.૧૮૨૧), સંત સચલ (૧૭૩૯-૧૮૨૭), અબ્દુલ લતીફ શાહ (૧૬૮૯-૧૭૫૨), બુલ્લેશાહ (૧૬૮૦-૧૭૫૭) જેવા સંતો સૂફીવાદના પાયાના પથ્થર બની રહ્યા.**2**

કબીર (૧૫૧૮), દાદુ દયાલ (૧૫૭૭), યારી સાહેબ (૧૫૫૬) અને દરિયા સાહેબ (૧૫૭૭) જેવા સૂફીઓને આઝાદ સૂફીઓ કહેવામાં આવે છે. આ સંતો ઈસ્લામ કે સૂફીવાદના કોઈ સંપ્રદાય સાથે જોડાયા ન હતા. છતાં તેમના સાહિત્યમાં સૂફી પરંપરાના ધબકારા મહેસૂસ થાય છે. કબીર લખે છે-

પ્રેમભાવ એક ચાહિયે, ભેશ અનેક બનાય
ચાહે ઘરમેંબસ કરે, ચાહે બન કો જાય.' **3**

એજ લયમાં યારી સાહેબ કહે છે :

'બિન બંદગી ઈસ આલમ મૈ
ખાના તુઝે હરામ હૈ રે
બંદા કરે સાઈ બંદગી
ખિદમત મૈ આઠો જામ હૈ રે.'

આમ ભારતના સાંસ્કૃતિક અને સાહિત્યક માહોલમાં સૂફી વિચારધારા સુગંધની જેમ પ્રસરતી ગઈ હતી.

**૩. ગુજરાતના સૂફી સંતો અને તેમનું ગુજરાતી સંત સાહિત્યમાં પ્રદાન**

**૩.૧ ભાષા સમૃદ્ધિ**

ભારતના મધ્યકાલિન મુસ્લિમ શાસકોના પાંચસો વર્ષના શાસન (૧૨૦૬-૧૫૨૬) દરમિયાન ગુજરાતના સુલતાનોએ પણ સૂફી સંતોને રાજ્યાશ્રય આપ્યો હતો. આ સંતોના જીવન કવનનો અભ્યાસ કરતા તેમની કેટલીક વિશિષ્ટતાઓ જાણવા મળે છે. જેમ કે,

૧. તેઓનું જીવન સાદગીપૂર્ણ હતું.

૨. તેઓ શુદ્ધ ચરિત્રના માલિક હતા.

૩. તેમના વિચાર અને આચારમાં ભેદ ન હતો.

૪. સામાજિક-ધાર્મિક ભેદભાવથી પર હતા.

૫. હંમેશા ઈબાદત (ભક્તિ)માં લીન રહેતા.

૬. નિઃસ્વાર્થી અને પરોપકારી હતા.

૭. દરેક ધર્મ અને સંપ્રદાયને માન આપતા. તેના સારા વિચારોને સ્વીકારતા.**4**

સૂફી સંતોના આ લક્ષણોએ ગુજરાતના સંત સાહિત્યના સર્જન અને પ્રસારમાં મહત્ત્વનો ભાગ

*રવીન્દ્રને તો બાળવયમાં નોકરોની કેદમાં ઊછરવાનું આવ્યું હતું. લગભગ આ જ સમયે કાદમ્બરી 'બાલિકા વધૂ' રૂપે ટાગોર કુટુંબમાં દાખલ થયાં. તે વખતે કાદમ્બરીની ઉંમર નવ વર્ષની. રવીન્દ્ર તો તેમનાથીય એકાદ વર્ષ નાના. નાક-નકશે કાદમ્બરી નમણાં ને સોહામણાં. 'ઘઉંવર્ણા કુમળા હાથમાં સોનાના નાજુક કંકણ ધારણ કરેલી' આ બાલિકાને સખી બનાવવાનું, તેની સાથે રમવાનું બાળ રવીન્દ્રને મન થતું. 'તેમનાથી થોડું અંતર રાખી તેમની આસપાસ આંટા-ફેરા મારવાનું ગમતું, પણ નજીક જવાની હિંમત ચાલતી નહોતી.' નજીક જાય તો તરત મોટી બહેન ધમકાવી નાખતાં, 'ભાગો અહીંથી! અહીં તમારું છોકરાઓનું શું કામ છે?'*

ભજવ્યો છે. હિંદુ-મુસ્લિમ બન્નેના સંત સાહિત્યમાં તેની સ્પષ્ટ અસર જોવા મળે છે. એ યુગમાં ગુજરાતના મુખ્ય સૂફી સંતોમાં શેખ ખત્તું ગંજબક્ષ (૧૩૩૭-૧૪૪૫), સૈયદ બુરાહુદ્દીન અબુ મુહમ્મદ બુખારી ઉર્ફ કુતુબેઆલમ (મૃ. ૧૪૫૨), શેખ મહમુદ ઈરજી (મૃ. ૧૪૫૮), સૈયદ મુહંમદ શાહેઆલમ (૧૪૧૫-૧૪૭૭), સૈયદ અહેમદ શાહ જહાન શાહ (મૃ. ૧૫૯૪), શેખ જમાંલીદ્દીન અત્તા મોહંમદ (મૃ. ૧૫૭૮), પીર મોહંમદ શાહ, હઝરત ઉસ્માન અને હઝરત મહેમુદ શાહ બુખારીનો સમાવેશ કરી શકાય. જ્યારે અર્વાચીન યુગમાં પણ સૂફી સંતોના પ્રભાવનો સિલસિલો યથાવત રહ્યો છે. એ સંતોમાં દાસ સત્તાર શાહ ચિસ્તી, હઝરત અશરફખાન અને હઝરત બદરુદ્દીન જેવા સંતોનો સમાવેશ કરી શકાય.

**જૈન શ્વેતાંબર તેરાપંથ સમાજના**
**આચાર્ય શ્રી મહાપ્રજ્ઞજીનું મહાપ્રયાણ**

આ યુગના પ્રાજ્ઞપુરુષ, ધરતી ઉપર સિતારા જેવા મહાજ્ઞાની આચાર્ય મહાપ્રજ્ઞજીનો આત્મા તા. ૯ મેના અરિહંતશરણ થયો.

સમગ્ર જૈન તેમ જ બૌદ્ધિકો માટે આ અસહ્ય દુઃખદ ઘટના છે.

પૂજ્યશ્રીના જીવનકર્મ વિષેનો પ્રા. ડૉ. યોગેન્દ્ર પારેખ લિખિત અભ્યાસી લેખ પ્ર.જી.ના જૂનના અંકમાં પ્રગટ થશે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવારના પૂજ્યશ્રીના આત્માને કોટિ કોટિ નમન.

ૐ અર્હમ્ નમઃ ૐ શાંતિ શાંતિ શાંતિઃ

**–તંત્રી.**

આ તમામ સૂફી સંતો પોતાની સાથે સાદગી, ભક્તિમય જીવન કે ઉદાર ધાર્મિક વિચારો માત્ર નહોતા લાવ્યા. પણ ગઝલ, રૂબાઈ, ના'ત અને કવ્વાલી જેવી લેખન શૈલી પણ લાવ્યા હતા. પરિણામે છેક ૧૫મી સદીથી ગુજરાતી સંત સાહિત્યનું કલેવર બદલવા લાગ્યું હતું. અરબી-ફારસી સાહિત્યના પરિચયને કારણે વ્યવહારની ભાષામાં સેંકડો અરબી-ફારસી શબ્દોનો પ્રવેશ થયો હતો. સમય જતાં એ શબ્દો ગુજરાતી ભાષાના પોતીકા શબ્દો બની ગયા. આવા રોજબરોજના વ્યવહારમાં વપરાતા અનેક શબ્દો મધ્યકાલિન અભિલેખો, ખતપત્રો અને અર્વાચીન ગદ્ય-પદ્ય ગુજરાતી સંત સાહિત્યમાં આજે પણ જોવા મળે છે. **5**.

ગુજરાતના જાણીતા ભક્તિ સાહિત્યના રચયિતા અખો, નરસિંહ મહેતા, મીરાંબાઈ, દયારામ, પ્રીતમદાસ વગેરેની રચનાઓ અરબી-ફારસી શબ્દોથી શણગારેલી જોવા મળે છે. ગુજરાતી સાહિત્યનો ચોટદાર વ્યંગકાર અખો ગુજરાતના સલ્તનત યુગમાં જ થઈ ગયો. તેની રચનાઓમાં ફારસી શબ્દોનો અસરકારક ઉપયોગ થયેલો જોવા મળે છે.

'ગેબી' નિપજ થઈ પિંડ તણી,

ત્યારે તું ત્યાં નોતો ધણી'

ફારસી ભાષાના ગેબ (ન દેખાય એવી વસ્તુ) શબ્દ પરથી ગુજરાતીમાં રૂઢ થયેલો ગેબી શબ્દ આપણી અભિવ્યક્તિમાં પોતીકો બની ગયો છે.

*'દૂરદૂરના પહાડોથી એકાએક ધસી આવતી વર્ષાઋતુની જળધારાઓ જૂના બંધ તોડી નાખે છે. એવું જ કંઈક બન્યું હતું.' રવીન્દ્રના સંકોચની દીવાલ તૂટી ગઈ હતી. ભાભીની સાથે નવસખ્ય પાંગર્યું હતું. રવીન્દ્ર વાંચે અને કાદમ્બરી સાંભળે એવો સાહિત્યસહવાસ રચાયો હતો.એકબીજા વગર બેઉને ચાલતું નહીં. રવીન્દ્ર ઘરે આવે અને ભાભીને જુએ નહીં તો ધૂંઆ-પૂંઆ થઈ જતા. ખબર પડે કે કાદમ્બરી બહાર ગયાં છે એટલે ચિડાય. ભાભીને પાઠ ભણાવવા તેમના રૂમમાંથી તેમની ચીજવસ્તુ ગાયબ કરતા. કાદમ્બરી આવે અને એમની વસ્તુ એની જગાએ ન જડે કે તરત રવીન્દ્રને પૂછતા.*

લોક સાહિત્યના પ્રખર સંશોધક ઝવેરચંદ મેઘાણી પણ યુગવંદના (પૃ. ૩૯)માં લખે છે,

'ગેબી, હિમ, અગાધ ઊંડાણ

ત્યાં યે આજે આગ લાગી છે

ધૂંવાધાર ટોપ દાગી છે.'

એ જ રીતે મીરાંબાઈ (૧૪૫૦-૧૫૪૭) લખે છેઃ

'વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દે જો મીરાંને હાથ,

અમૃત બની મીરાં પી ગયા જેને સહાય શ્રીવિશ્વનો નાથ.'

પ્યાલા શબ્દનું મૂળ ફારસીમાં છે. જેના પરથી ગુજરાતીમાં પ્યાલી, પ્યાલો કે પવાલું શબ્દ આવ્યો છે.**6** મધ્યયુગના પ્રસિદ્ધ ભક્તિ સાહિત્યના સર્જક પ્રીતમદાસ (સંવત ૧૭૮૦-૧૮૫૪)ના કાવ્યોમાં પ્રભુપ્રેમની પરાકાષ્ટા જોવા મળે છે.

'જીભલડી રે તું હરી ગુણ ગાતા, આવડું આળસ ક્યાંથી રે.'

'હરીનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને.'

જેવા ભક્તિ ગીતોના સર્જક કવિ પ્રીતમે પણ પોતાના કાવ્યમાં ફારસી શબ્દોને સ્થાન આપ્યું છે.

'તીરે ઊભો જુવે 'તમાશો' તે કોડી નવ પામે જોને.'

અહીં વપરાયેલ શબ્દ 'તમાશો' (ખેલ-ફજેતી-જોણું) ફારસી-ઉર્દુ ભાષાની દેન છે. આપણી બહુ જાણીતી કહેવતમાં 'તમાશો' શબ્દ એવી રીતે ગોઠવાઈ ગયો છે, જાણે તે આપણો જ ન હોય. **7**.

'તમાશાને તેડું ન હોય' એમ જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે તેના મૂળ છેક મધ્યકાલિન ગુજરાતમાં પડ્યા છે તેની આપણને કલ્પના સુદ્ધાં નથી હોતી.

ટૂંકમાં, ઈસ્લામના સૂફી સંતોએ ગુજરાતી સંત સાહિત્યને એક નવો શબ્દ ભંડોળ આપ્યો હતો. આજે પણ એ શબ્દો આપણા સાહિત્યના અવિભાજ્ય અંગ બની ગયા છે.

**(ક્રમશઃ)**

સુકુન, ૪૦૫, પ્રભુદાસ તળાવ,
ભાવનગર-૩૬૪ ૦૦૧.
મો. નં.: ૦૯૮૨૫૧૧૪૮૪૮

# સર્વજ્ઞતા વિશે વિચારણા

❑ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

જૈન દર્શન પ્રમાણે ચાર ઘાતી કર્મો જ્ઞાનાવરણીય, દર્શનવરણીય, મોહનીય અને અંતરાય કર્મોનો નાશ થાય એટલે સર્વજ્ઞતા, વીતરાગતા પ્રાપ્ત થાય છે. સર્વજ્ઞતાની વ્યાખ્યા પ્રમાણે ત્રણે લોકના સર્વ દ્રવ્યો અને સર્વે પર્યાયો, સર્વભાવો, ભૂત-ભવિષ્ય અને વર્તમાનકાળની સર્વ ઘટનાઓ જોઈ શકે અને જાણી શકે. જીવના બાકીના રહેલા આયુષ્ય દરમ્યાન ભોગવાતાં ચાર અઘાતી કર્મો–વેદનીયકર્મ, નામકર્મ, ગોત્રકર્મ અને આયુષ્યકર્મ ભોગવાઈને આયુષ્ય પૂર્ણ થવાથી આત્મા નિર્વાણ પામે છે, મોક્ષે જાય છે અને સંસારના પરિભ્રમણમાં ફરી જન્મ પામતો નથી, શાશ્વત સુખ, શાશ્વત સ્થિરતા મોક્ષમાં પામે છે. આમ આઠ કર્મના ક્ષયથી સિદ્ધ બનેલા પરમાત્માના આઠ ગુણોના પ્રગટીકરણનું વર્ણન જૈન શાસ્ત્રોમાં જોવા મળે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચરિત્ર અનંત વીર્ય અનંત સુખ, અક્ષય સ્થિતિ, અગુરુલઘુપણું, અરુપીપણું.

આપણે સર્વજ્ઞતાના અર્થની ચર્ચા કરવી છે. જૈનદર્શન, બૌદ્ધ દર્શન, હિંદુદર્શન વગેરે ધર્મશાસ્ત્રોમાં આ વિષયની ચર્ચા જાણવી રસપ્રદ થઈ શકશે.

દરેક દર્શનમાં આધ્યાત્મિક તત્ત્વોની વિચારણામાં જુદા જુદા દૃષ્ટિકોણથી તત્ત્વચર્ચા જોવા મળે છે. ભવિતવ્યતાવાદ, કાલવાદ, સ્વભાવવાદ, ભાગ્યવાદ, સર્વજ્ઞતાવાદ, ઈશ્વરવાદ, પુરુષાર્થવાદ વગેરે દૃષ્ટિકોણથી વિવિધ તત્ત્વોના ચિંતનનું મૂલ્યાંકન જોવા મળે છે.

પ્રસ્તુત લેખમાં સર્વજ્ઞતાવાદ વિષે ચર્ચા કરવી છે.

સર્વજ્ઞતાવાદની ચર્ચા જૈન દર્શન, બૌદ્ધ દર્શન, વૈદિક દર્શન વગેરેમાં જોવા મળે છે.

સર્વજ્ઞતાવાદની વિચારણામાં એવી માન્યતા છે કે દેશકાળની સીમાઓ વટાવીને સર્વજ્ઞની દૃષ્ટિથી તેને ભૂત-ભવિષ્યનું જ્ઞાન હોય છે. એના જ્ઞાનમાં સંભવીત છે, સંજોગોવશાત છે કે અનિયત છે એવા સંદેહાત્મક પ્રશ્નો ઉઠતા નથી, કારણ કે સર્વજ્ઞનું ભવિષ્ય સંબંધી જ્ઞાન-જાણકારી હોવાથી ભવિષ્યવાણી તેની મિથ્યા નથી હોતી. એનો એક અર્થ એવો થાય કે ભવિષ્યની ઘટનાઓ બનવાની એ નિશ્ચિત થઈ જાય છે એટલે ઘટના પૂર્વનું જ્ઞાન કે ભવિષ્ય દર્શન પ્રમાણે ઘટના બનવાની નિયતિ નક્કી હોય તો વ્યક્તિની સ્વતંત્રતા કે પુરુષાર્થનો અર્થ શું ? એ પ્રશ્ન ઉદ્‌ભવે છે. આમ દરેકના જીવનની ઘટનાઓ પૂર્વનિર્ધારિત નિશ્ચિત હોય તો વ્યક્તિએ સેવેલા આદર્શ, પુરુષાર્થ, સ્વતંત્રતાનો કોઈ મતલબ નથી. તો પછી સારી નરસી ઘટનાઓની જવાબદારી વ્યક્તિ ઉપર કેવી રીતે ગણી શકાય ? એનો દોષ કેવી રીતે આપી શકાય ? આ રીતે જોતાં પ્રભુ મહાવીરનો સર્વજ્ઞતાવાદ સિદ્ધાંત વિરુદ્ધ ગૌશાળાના નિયતિવાદ તરફ દોરી જાય છે. આનો ખુલાસો સમજવો જરૂરી છે.

પહેલી વાત સ્પષ્ટ છે કે સર્વજ્ઞની ભવિષ્યવાણી પ્રમાણે ઘટના બનતી નથી પણ ભવિષ્યમાં બનનારી ઘટનાના દર્શન થવાથી જે બનવાનું છે, જે રીતે બનવાનું છે તે જોઈને ઘટનાનું વર્ણન કરે છે અર્થાત્ સર્વજ્ઞ કહે છે તેમ નહિ પણ જેમ છે તે જાણે છે તેથી કહે છે.

જૈનદર્શનના વિસ્તૃત સમયસાર અને પ્રવચનસારમાં લખ્યું છે કે લોકાલોકના ભાવોને સર્વજ્ઞ જાણે એ વ્યવહારનયની અપેક્ષાએ છે, અને સર્વજ્ઞ સ્વ-આત્માના સ્વરુપને જાણે તે પરમાર્થ દૃષ્ટિ છે. જૈન આગમોમાં અનેક સ્થળે સર્વજ્ઞતાનો ઉલ્લેખ કર્યો છે. ભગવતીસૂત્ર, અંતકૃતદશાંગ સૂત્ર વગેરે આગમોમાં ઉલ્લેખ આવે છે કે ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞ ભગવંતો તથા તીર્થંકરો, ગૌશાળો, શ્રેણિક, કૃષ્ણ વગેરેના ભાવિ જીવનની ઘટનાઓનું વર્ણન કરે છે અને જે સમયે જે રીતે જે દેશકાળ પ્રમાણે ઘટનાઓ બનવાની છે તે સ્વરૂપે જોઈને તેનું વર્ણન કરેલ છે. એટલે સર્વજ્ઞ ભગવંતો હસ્તામલકવત્ બધી ઘટનાઓના ત્રણે કાળના સર્વ પર્યાયોને જુએ છે, જાણે છે એવો સર્વજ્ઞતાનો અર્થ કરેલો છે.

આચાર્ય હરિભદ્રસૂરીએ પણ સર્વજ્ઞતાનો આવો અર્થ સ્વીકાર્યો છે. બીજો વિકલ્પ એ ઉદ્‌ભવે છે કે ઉપાસકદશાંગમાં બતાવ્યા પ્રમાણે સંપૂર્ણ ઘટનાક્રમને અનિયત માનીને પુરુષાર્થવાદનું સ્થાપન કરવાથી ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞની ભવિષ્યવાણીને યથાર્થ સાબિત કરી શકાય નહિ; કારણ કે સર્વજ્ઞ ત્રિકાળજ્ઞાની ભવિષ્યમાં બનતી નિશ્ચિત ઘટનાઓ જોઈ શકે છે, અનિયત ઘટનાઓનું વર્ણન કરી શકે નહિ અને એમ માનીએ તો સર્વકાળના સર્વદ્રવ્યોના ભાવોની જાણકારી સર્વજ્ઞનું લક્ષણ હોય તો અનિયત ઘટનાઓનું દર્શન ન કરી શકનાર સર્વજ્ઞ કેવી રીતે કહી શકાય ?

આનો અર્થ અનિયતવાદ અર્થાત્ ભવિષ્યની ઘટનાઓ અનિયત હોય છે તે વાદ અસત્ય માનવો પડે અથવા ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞની વ્યાખ્યા બદલવી પડે અને એનો અર્થ ત્રણ કાળનું જ્ઞાન નહિ પણ સર્વજ્ઞને આત્મજ્ઞાન અને તમામ

*ઈંગ્લેન્ડમાં રવીન્દ્રે 'ભગ્નહૃદય' નામનું દીર્ઘકાવ્ય લખવાનું શરૂ કર્યું હતું. પાછા ફરતાં સ્ટીમરમાં પણ એ લખાતું રહ્યું. કલકત્તા આવી તેમણે એ પૂરું કર્યું. વિફળ પ્રણયની કથાનું એ કાવ્ય ૩૪ સર્ગ, ૪૦૦૦ પંક્તિઓ અને ૨૦૦ પાનાંમાં પથરાએલું છે. ૧૮૮૨માં તે કૃતિ પ્રગટ થઈ. પોતાની સામે જ રહેલા સાચા પ્રીતિપાત્રને માણસ ઓળખી શકતો નથી અને દૂરના ખોટા પાત્ર પાછળ એ નિરર્થક ઝાવાં મારે છે, પરિણામે તે બંનેને ગુમાવે છે ને દુઃખી થાય છે-આ ભાવ નિરૂપતી કથા 'ભગ્નહૃદય'માં વાંચવા મળે છે. રવીન્દ્રનાથની ઘણી કૃતિઓમાં આ વિષય નિરૂપાયો છે.*

દર્શનોનું તત્ત્વજ્ઞાન જાણવાનું સામર્થ્ય હોય છે એવો અર્થ વિચારી શકાય.

આ વિચારણા પણ તર્કસિદ્ધ નથી. કારણ કે જો બનેલી ઘટનાને અનિયત માનીએ તો ઘટના માટે જવાબદારી કોને સોંપવી, તેના ફળ ભોગવવા કોણે તૈયાર રહેવું પડે અને શા માટે ? દરેક ઘટનાના કાર્ય-કારણભાવ હોય છે તે સિદ્ધાંત ખોટો પડે. અકસ્માત કે સંયોગાધિન અનિયત ઘટનાનું પરિણામ ભોગવવાની જવાબદારી કોની તે પ્રશ્ન ઉઠે ? અને શા માટે ? આમ તો કર્મ સિદ્ધાંત જ ખોટો પડે. કારણ કે અનિયત બનતી ઘટનાઓમાં શુભાશુભ કર્મ કરનારને શુભાશુભ ફળ ભોગવવા પડે એ કર્મ સિદ્ધાંત ખોટો પડે જે હકીકતમાં સર્વેના અનુભવમાં શુભાશુભ કર્મના શુભાશુભ ફળ ભોગવવાનું આવે છે.

અનિયત ઘટનામાં કાર્ય કારણ હેતુની વિચારણા જ ઉપયોગી ન થઈ શકે એ પણ સત્ય નથી કે કાર્ય-કારણ હેતુનો અભાવ હોય.

આમ તર્કથી એ વાત સિદ્ધ કરી શકાય કે ઘટનાઓ નિયતવાદ અનુસારે બને છે અને જેવી બનવાની છે તેની ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞ જોઈને નિર્દેશન કરે છે, ભવિષ્યવાણી સાચી ઠરે છે.

આચારાંગ ભગવતીસૂત્ર આદિ આગમોના આધારે પંડિત સુખલાલજીનું મંતવ્ય એવું છે કે આત્મા, જગત, સાધનામાર્ગ સંબંધી સંપૂર્ણ દાર્શનિક જ્ઞાન, વર્તમાન યુગમાં સર્વજ્ઞનું જ્ઞાન માનવામાં આવે છે ત્રણ કાળના જ્ઞાનને નહિ. જૈન પરંપરામાં કેવળજ્ઞાન શબ્દનો અર્થ કેવળ દ્રવ્ય અને પર્યાય બંનેને સમાનભાવથી જાણે તેના જ્ઞાનને પૂર્ણજ્ઞાન કહેવાય છે. ગૌતમ બુદ્ધ પણ શિષ્યોને આ જ સંદર્ભમાં જણાવે છે કે હું ચાર આર્યશાસ્ત્રોનો સંપૂર્ણ જાણકાર છું પણ અગમ્ય કે કાલ્પનિક તત્ત્વોનો જ્ઞાતા નથી. આમ વાસ્તવિક ભૂમિકા ઉપર ગૌતમ બુદ્ધ પોતાને સર્વજ્ઞ કહેવડાવે છે, ત્રિકાળજ્ઞાની નહિ. આજ કથન પ્રભુ મહાવીરના કેવળજ્ઞાનને સરખાવતા અતિયુક્ત કે અલ્પોકિત વિના પોતે સકળ દ્રવ્ય પર્યાયના સંપૂર્ણ જ્ઞાનને કેવળજ્ઞાની તરીકે ઓળખાવતા હોવા જોઈએ, ત્રિકાળજ્ઞાની નહિ.

ગૌતમ બુદ્ધની પરંપરામાં બૌદ્ધિક વિદ્વાનોએ વાસ્તવિક ભૂમિકા ઉપર ગૌતમ બુદ્ધને સર્વજ્ઞ કહ્યા છે જ્યારે પ્રભુ મહાવીરની પરંપરામાં વિદ્વાનોએ ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞ તરીકે વર્ણવ્યા છે. કેવળજ્ઞાની પોતે તો પોતાને દાર્શનિક જ્ઞાનની પૂર્ણતા જ સમજે છે ત્રિકાળજ્ઞાની નહિ. કેવળ શબ્દ સાંખ્ય દર્શનમાં પ્રકૃતિ પુરુષ વિવેકના અર્થમાં વપરાય છે. જો કેવળ શબ્દ સાંખ્ય દર્શનમાંથી જૈન પરંપરામાં આવ્યો હોય તો સ્વાભાકિ છે કે કેવળ જ્ઞાનનો અર્થ દાર્શનિક તત્ત્વોનું યથાર્થ સંપૂર્ણ જ્ઞાન એવો થાય ત્રિકાળજ્ઞાન થાય નહિ.

આચારાંગ સૂત્રમાં આવું વચન જે એગં જાણઈ સે સવ્વં જાણઈ આવે છે તેનો અર્થ પણ એ જ છે કે જે આત્મ સ્વરૂપને યથાર્થરૂપથી જાણે છે તે તેના સર્વ દ્રવ્યો, પર્યાયો, ભાવો જાણે છે પણ ત્રિકાળજ્ઞાની એવો અર્થ થતો નથી. ભગવતી સૂત્રમાં સી જાણઈ સી ણ જાણઈ નો ભાવાર્થ કેવળજ્ઞાની ત્રિકાળજ્ઞાની નહિ પણ વિશુદ્ધ આધ્યાત્મિક દાર્શનિક તત્ત્વોનો જ્ઞાની. સર્વજ્ઞને અનંતજ્ઞાની કહેવાથી ત્રિકાળજ્ઞાની અર્થ થઈ શકતો નથી. આ શબ્દો સ્તુતિવાચક હોઈ શકે, વાસ્તવિક અર્થમાં જ્ઞાન અનંત છે સર્વનું જ્ઞાન છે એમ માની શકાય નહિ. કોઈને અનંત ઉપકારી કહેવાથી અનંતા-અગણિત-ઉપકારો થોડા વર્ષોમાં કરેલા છે એવો વાસ્તવિક અર્થ ઉપજાવી ન શકાય. ભક્તિરુપે સ્તુતિરુપે કૃતજ્ઞ વ્યક્તિ અનંત ઉપકારી સંબોધન કરી શકે. આ અર્થમાં જૈનદર્શનના પુરુષાર્થવાદનું સમર્થન અને ગોશાળાના નિયતિવાદનું વિરોધપણું સિદ્ધ થઈ શકે છે.

જો કે જૈન અનુયાયી પરંપરાગત ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞાની આવી અવહેલના સહન નહિ કરી શકે. બૌદ્ધ અને હિંદુ પરંપરામાં પણ અનુયાયીઓએ સર્વજ્ઞતાનો અર્થ ત્રિકાળજ્ઞાની તરીકે સ્વીકારેલો છે. ગીતામાં શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે હું અનેક જન્મોને જાણું છું તું નહિ.

હવે ત્રિકાળજ્ઞાની તરીકે પ્રભુ મહાવીર, ગૌતમ બુદ્ધ, શ્રી કૃષ્ણ ખરેખર સર્વજ્ઞ હતા કે નહિ અથવા ત્રિકાળજ્ઞાની કોઈ હોઈ શકે કે નહિ એ પ્રશ્ન ચર્ચા માંગી લે છે. વિશેષ રીતે વિવેચન કરતા એક વાત સ્પષ્ટ તારવી શકાશે કે ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞ એ તર્ક વિરૂદ્ધ પણ નથી. દેશ-કાળની મર્યાદા વિના કેવળજ્ઞાની બધું જોઈ-જાણી શકે છે એ વાત તર્કથી સિદ્ધ કરી શકાય છે.

સાપેક્ષવાદના સમર્થક વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને પણ સંપૂર્ણ નિરપેક્ષ દૃષ્ટિ હોઈ શકે છે તે સિદ્ધાંત પણ સ્વીકારેલો છે, તેમ તર્કથી ત્રિકાળજ્ઞ સર્વજ્ઞ હોઈ શકે છે એ સિદ્ધાંત પણ સાબિત થઈ શકે છે. જો જગતનું સંચાલન નિયમબદ્ધ હોય તો તેની વ્યવસ્થાનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતી વ્યક્તિને ત્રણે કાળની બનતી ઘટનાઓનું જ્ઞાન જરૂરથી હોઈ શકે. જેમ એક નિષ્ણાત જ્યોતિષીને ગ્રહ-નક્ષત્રની અસરોનું

*રવીન્દ્ર ગાતા, જ્યોતિરીન્દ્ર વાયોલિન વગાડતા, કાદમ્બરીદેવી ભાવ-વિભોર થઈ સાંભળી રહેતાં. ઢળતી સંધ્યાએ બજડા (નાની હોડી)માં બેસી ત્રણે ગંગા-વિહાર કરવા નીકળી પડતાં. પૂરવી રાગિણીથી શરૂ કરી બિહાગ સુધી પહોંચી જતા.*

*કાદમ્બરીદેવી રવીન્દ્રનાથ કરતાં ત્રણેક વર્ષ મોટાં હતાં. માતાના મૃત્યુ પછી તેમણે જ વાત્સલ્યપ્રેમ આપ્યો હતો. હેત અને જતનથી તેમણે જ રવીન્દ્રનાથને ઉછેર્યા હતા. કિશોરવયમાં તેમણે સખ્ય પૂરું પાડ્યું હતું. રવીન્દ્રનાથમાં સાહિત્ય અને સંગીતપ્રીતિ ખીલવવામાં તેમનો ફાળો મોટો હતો. તેમણે પ્રોત્સાહન અને પ્રેરણા પૂરાં પાડ્યાં હતાં. કાદમ્બરીદેવી વિષે 'છેલેબેલા' અને 'જીવનસ્મૃતિ'માં રવીન્દ્રનાથે ઘણી વાતો આલેખી છે.*

જ્ઞાન હોય તો તે ભૂત-ભવિષ્ય-વર્તમાનની ઘટનાઓનું બધા પ્રકારના સૂર્ય ચંદ્ર ગ્રહોની ચાલ-ગતિનું ત્રણકાળનું જ્ઞાન ધરાવી શકે છે. જો સર્વજ્ઞ આત્મ દ્રવ્યના બધા જ પર્યાયો જાણે છે તે સ્વીકારીએ છીએ તો આત્માના તમામ પર્યાયોની નિયતિ-નિશ્ચિતતાનું જ્ઞાન પણ સંભવી શકે છે.

નિયતિવાદ અને જૈન સર્વજ્ઞતામાં ફરક એટલો છે કે નિયતિવાદ વ્યક્તિના પુરુષાર્થ કે સ્વાતંત્ર્યનો અસ્વીકાર કરે છે જ્યારે જૈન ધર્મની સર્વજ્ઞતા વ્યક્તિની સ્વતંત્રતા અને પુરુષાર્થનો સ્વીકાર કરી સર્વ પર્યાયોની નિયતતાનો સ્વીકાર કર છે. પ્રભુ મહાવીરના જીવન પ્રસંગો ઉપરથી ઘટનાઓની નિયતાનિયતનો અભ્યાસ કરવાથી સર્વજ્ઞતા અને પુરુષાર્થવાદને સમર્થન મળે છે. આમ ત્રિકાલજ્ઞ સર્વજ્ઞની ધારણામાં પુરુષાર્થની સંભાવના નિયત પુરુષાર્થના રૂપમાં જ શક્ય છે. નિયતિમાં પુરુષાર્થ આવશ્યક છે અને તે પુરુષાર્થ પણ નિયત હોય છે અનિયત નહિ. અને સર્વજ્ઞતામાં નિયતિ પ્રમાણભૂત છે. આમ સર્વજ્ઞથી વ્યક્તિનો પુરુષાર્થ નિર્ધારીત નથી થતો પણ ભવિષ્યમાં થવાના નિયત પુરુષાર્થનું જ્ઞાન સર્વજ્ઞને હોય છે અર્થાત્ સર્વજ્ઞ જે જાણે છે તેવો પુરુષાર્થ વ્યક્તિ કરવાને બંધાયેલો નથી પણ વ્યક્તિ દ્વારા જે પુરુષાર્થ થવાનો છે તેનું જ્ઞાન સર્વજ્ઞ વર્ણવે છે. એટલે સર્વજ્ઞતામાં વ્યક્તિની સ્વતંત્રતા કે વ્યક્તિના પુરુષાર્થની અવગણના હોતી નથી.

સારાંશમાં સાચી દૃષ્ટિથી મૂલ્યાંકન કરવાથી સર્વજ્ઞ ત્રિકાળજ્ઞાની છે, ભૂત-ભવિષ્ય-વર્તમાન જાણે છે, જુએ છે, ત્રણે લોકના સકળ દ્રવ્યોના ભાવોને, પર્યાયોને જુએ છે અને એ અર્થમાં અનંતજ્ઞાની પૂરવાર થાય છે.

જૈન દર્શન વિરૂદ્ધ લખાયું હોય તો મિચ્છામી દુક્કડં.

✶ ✶ ✶

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૫૯૦

# ગાંધીજી અને ગુરુદેવ

**ગૌરી પંત 'શિવાની'** (૧૯૨૩-૨૦૦૩) ● અનુવાદ : **શાંતિલાલ ગઢિયા**

ગાંધીજીનો જન્મોત્સવ–સમારંભ શાંતિ નિકેતનમાં ખૂબ ધામધૂમથી મનાવવામાં આવતો. પ્રાર્થનાસભા ઘણું કરીને આમ્રકુંજમાં થતી. એક વખત ગુરુદેવે આ સભામાં કહ્યું હતું:

'આજે મહાત્મા ગાંધીના જન્મદિન સમારંભમાં આપણે આશ્રમવાસીઓ આનંદોત્સવ કરીશું. હમણાં જે સ્વરગાન થયું તેનો આરંભ પકડવા માંગું છું. જેમને કેન્દ્રમાં રાખી આપણે આનંદ મનાવી રહ્યા છીએ એમનું સ્થાન ક્યાં છે? એમની વિશિષ્ટતા શી છે? જે દૃઢ શક્તિના પ્રભાવથી ગાંધીજીએ સમસ્ત ભારતવર્ષને સચેતન બનાવી દીધું છે, એ પ્રચંડ છે. સમસ્ત દેશની પૂરી છાતી પર પડેલા ભારે પથ્થરને એ શક્તિએ હલાવી દીધો છે.'

ગાંધીજીના અનશન વખતે પણ આખા આશ્રમમાં ઉદાસી અને ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. આશ્રમવાસીઓને એકઠા કરી ગુરુદેવે ફરી એજ આમ્રકુંજમાં એક સભામાં ઉદ્‌બોધન કર્યું હતું:

'જય હો એ તપસ્વીનો, જે અત્યારે મૃત્યુને પોતાની સામે રાખીને બેઠો છે, ઈશ્વરને હૃદયસ્થ કરીને, સમસ્ત હૃદયના પ્રેમને તપાવીને, બાળીને. તમે સૌ જયઘોષ કરો એમનો, જેથી તમારો કંઠસ્વર એમના આસન સુધી પહોંચી શકે. કહો, તમને ગ્રહણ કરી લીધા છે, તમારા સત્યને અમે સ્વીકારી લીધું છે. જે ભાષામાં એ બોલી રહ્યા છે, એ કાનથી નહિ, પ્રાણથી સાંભળવાની ભાષા છે. મારી ભાષામાં જોર ક્યાં છે? ભાષાની પરાકાષ્ટા તો એ મનુષ્યની છે, કારણ કે નિઃશંક એ તમારા પ્રાણ સુધી પહોંચે છે.'

*મને એવું યાદ છે કે સદર સ્ટ્રીટનો રસ્તો જ્યાં પૂરો થતો હતો ત્યાં ફ્રી-સ્કૂલના બગીચાનાં ઝાડ દેખાતાં હતાં. એક દિવસ સવારે વરંડામાં ઊભો રહીને હું એ તરફ જોતો હતો. જોતાં-જોતાં અચાનક એક પળમાં મારી આંખો પરથી જાણે એક પડદો સરી ગયો. આખી દુનિયા મને કોઈ અપૂર્વ મહિમામાં તરબોળ દેખાઈ, ચારેબાજુ સૌંદર્યનાં મોજાં ઊછળતાં હતાં. મારા હૃદયમાં વિષાદના જે થર બાઝેલા હતા તેને એક પલકમાં ભેદી નાખી મારા સમસ્ત અંતરને વિશ્વજ્યોતિએ એકદમ છલકાવી દીધું. તે જ દિવસે 'નિર્ઝરેર સ્વપ્નભંગ' કવિતા નિર્ઝરની પેઠે જ જાણે પ્રગટ થઈને વહી ચાલી. કવિતા પૂરી થઈ ગઈ, પરંતુ જગતના એ આનંદમય સ્વરૂપ ઉપર પડદો પડ્યો નહિ. મારી એવી દશા થઈ હતી કે મને હવે કોઈ જ અને કંઈ જ અપ્રિય રહ્યું નહિ...*

**–રવીન્દ્રનાથ ટાગોર**

બોલતાં બોલતાં ગુરુદેવનો કંઠસ્વર ઉત્તેજિત થઈ કાંપવા લાગ્યો હતો. પછી જ્યારે સન ૧૯૪૦ના ફેબ્રુઆરીમાં ગાંધીજી આશ્રમે આવ્યા, ત્યારે તો જાણે ઉત્સવોનું પૂર ઊમટ્યું હતું. અતિ વિશાળ શમિયાણો ઊભો કરાયો હતો. પૂ. બા પણ પધાર્યાં હતાં. વિવિધ પ્રકારનાં ચિત્રોથી આશ્રમની જમીન અને દિવાલો સુશોભિત કરવામાં આવી અને બે-ત્રણ દિવસ સુધી નાનામોટા ઉત્સવો ચાલતા રહ્યા હતા.

✶ ✶✶

એ–૬, ગુરુકૃપા સોસાયટી,
શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ,
વડોદરા-૩૯૦ ૦૦૬.

# અનુભૂતિની અફલાતૂન અભિવ્યક્તિ

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

એકવાર, છ દાયકા પુરાણા મારા અધ્યાત્મક-સુહૃદય ડૉ. ભાસ્કરભાઈ દેસાઈના શ્રીમતી કુમુદબહેન દેસાઈએ અણધાર્યો ચોંકાવનારો પ્રશ્ન પૂછ્યોઃ 'તે હેં અનામીભૈ ! તમે આ પ્રણય-કાવ્યો લખો છો તે કોઈને પ્રેમ કરીને લખો છો ? શ્રીમતી કુમુદબહેનનો આવો પ્રશ્ન પ્રો. ભાસ્કરભાઈને વિચિત્ર લાગ્યો એટલે પત્નીને ટોકતાં કહેઃ 'આવું શું પૂછતી હોઈશ.' કુમુદબહેને કહ્યુંઃ 'એમાં શું ખોટું છે ? જાણવું તો જોઈએ ને કે આ કવિઓ પ્રણયકાવ્યો લખે છે તે કેવળ કલ્પનાથી કે વાસ્તવિક અંગત અનુભવથી.' મેં મારા મિત્ર પત્નીને અતિ-સંક્ષેપમાં કહ્યુંઃ 'કલ્પનાથી લખાય, અન્યના અનુભવથી પણ લખાય, સાહિત્યમાં નિરૂપિત વાંચીને લખાય પણ અંગત અનુભવ અને અનુભૂતિની વાત નિરાળી; કેમ જે 'સુસ્પષ્ટ અનુભૂતિની સુદક્ષ અભિવ્યક્તિ તે કવિતા'...પછી તે કવિતા પ્રણયની હોય, પ્રકૃતિની હોય, ભક્તિની હોય કે કોઈ પણ વિષયની હોય.

એવું કહેવાય છે કે કવિશ્રી નરસિંહરાવ દીવેટિયાના મિત્રની પત્નીનું અવસાન થયું. મિત્રભાવે તેમણે નરસિંહરાવને કવિતા લખવાનું કહ્યું ત્યારે કવિએ કહ્યુંઃ અવસાન તો તમારા પત્નીનું થયું છે, મારી પત્ની સુશીલા તો જીવે છે.' આ ઉક્તિની પાછળ પમ અંગત અનુભૂતિ કેન્દ્રમાં છે. ધાર્યું હોત તો નરસિંહરાવ મિત્ર પત્નીના અવસાનનું વિરહકાવ્ય...શોક પ્રશસ્તિ કાવ્ય લખી શક્યા હોત પણ એમાં અંગત તીવ્ર અનુભૂતિની ઊણપ રહેત. પ્રતિભાશાળી કવિ અનન્ય કલ્પનાથી અન્યની ઉત્કટ અનુભૂતિની અભિવ્યક્તિ કરી શકે છે. દાખલા તરીકે કાલિદાસનો 'અજ-વિલાપ' ને 'રતિવિલાપ' પણ આવા પરલક્ષી અનુભવમાંય આત્મલક્ષી અનુભૂતિની છાંટ કે માત્રા ગર્ભિત હોય છે. પરકાયા પ્રવેશશક્તિની જેમ અન્યના મનોગતના આંતર પ્રવાહોને તાગવાની સર્જકમાં શક્તિ હોવી જોઈએ. સર્વજનીન ને સર્વકાલીન સાહિત્યની આ જ તો ખૂબી ને બલિહારી છે. વ્યાસવાલ્મીકિની યાવશ્ચન્દ્રદિવાકરૌ પ્રતિભાનું આ રહસ્ય છે. 'વ્યાસોચ્છિષ્ટમ્ જગત સર્વમ્' ઉક્તિમાં સર્વજનીન ને સર્વકાલીન અનુભવ ને અનુભૂતિનો અણસાર અભિપ્રેત છે.

સેંકડો વર્ષ જીવે તથાપિ માનવ આખરે તો મર્ત્ય જ છે જ્યારે એનું પ્રથમ કક્ષાનું સાહિત્ય અમર છે. ઋષિ વિશ્વામિત્રને થઈ ગયે વર્ષો વહી ગયાં પણ એમણે આપેલો ગાયત્રીમંત્ર આજે હજ્જારો વરષથી આર્ય પ્રજાના કંઠમાં ને રક્તમાં રણકે છે, વહે છે.

ૐ તત્સવિતુર્વરેણ્યં
ભર્ગો દેવસ્ય ધીમહિ
ધિયો યો નઃ પ્રચોદયાત્ ।।

*હું દેવદારના વનમાં ભમ્યો, ઝરણાંને કાંઠે બેઠો, તેના જળમાં નાહ્યો, કાંચનજંઘાનો મેઘયુક્ત મહિમા અનિમેષ આંખે જોઈ રહ્યો, પરંતુ દર્શન થવું સહેલું માન્યું હતું ત્યાં મને કશું મળ્યું નહીં...*

*નગાધિરાજ ગમે તેવા અભ્રભેદી હોય તોપણ તેઓ કંઈ આપી શકે એમ નથી. જે આપવાવાળો છે તે તો ગલીના નાકે એક જ પલકમાં વિશ્વનું દર્શન કરાવી આપે છે.*

**–રવીન્દ્રનાથ ટાગોર**

આ મંત્ર સંબંધે પ્રો. બ. ક. ઠાકોર લખે છેઃ 'આર્ય પ્રજાના અવાજનો આ મણિ આ જ પણ પ્રથમ ઉચ્ચારાયો તે ક્ષણના જેટલો જ જ્યોતિર્મય છે, સજીવન છે...હિંદુ પ્રજા ગત થશે, તે પછી પણ એ મંત્ર હજારો ને લાખ્ખો માણસો રહ્યા કરશે. સાહિત્યની અમરતા તે આનું નામ.' (વિવિધ વ્યાખ્યાનો-ગુચ્છ ત્રીજો, પૃ. ૧૫૭).

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-આ ચાર પુરુષાર્થ છે. ચાર આશ્રમ ને ચાર વર્ણની આપણે ત્યાં વ્યવસ્થા હતી. ચાર આશ્રમ દરમિયાન ચાર પુરુષાર્થ સાધવાના હતા. જીવનની આ સુંદર વ્યવસ્થા હતી. ધર્મ દ્વારા અર્થ, કામ ને મોક્ષની પ્રાપ્તિ શક્ય હતી. મહાભારતના રચયિતા ભગવાન વ્યાસનું આ દર્શન હતું, પણ પ્રજા અર્થ ને કામમાં રત હતી. ધર્મ ને મોક્ષની બહુ ઓછાને પડી હતી...ત્યારે આક્રોશપૂર્વક અરણ્યરુદન-વાણી ઉચ્ચારે છેઃ 'ઊંચા હાથ કરીને હું હંમેશાં બૂમ પાડું છુંઃ છતાં મારું કોઈ સાંભળતું નથી કે **ધર્મ થકી જ અર્થ અને કામ સિદ્ધ થાય છે,** છતાં પણ એને (ધર્મને) લોક કેમ નહિ સેવતા હોયઃ (ધર્મવર્ણન-પૃ. ૬૮) ભગવાન વ્યાસના જમાનાની જો આ સ્થિતિ હતી તો આજે તો સ્થિતિ એથી પણ બદતર છે. પ્રજા વર્ણશંકર થતી જાય છે, આશ્રમો બે જ રહ્યા છે ને પુરુષાર્થ પણ બે જ રહ્યા છે...અર્થ અને કામ, મહાભારત કાળમાં અર્થદાસો હતા...વ્યાસને કહેવું પડ્યુંઃ 'સર્વ અર્થના દાસ છે, અર્થ કોઈનો દાસ નથી.' ભૌતિકવાદના, બાબરા ભૂતે માઝા મૂકી છે, એણે કામાચાર વધાર્યો છે ને 'સબસે બડા રૂપૈયા'ની બોલબાલા કરી મૂકી છે. ધર્મની હાટડીઓ મંડાઈ છે ને મોક્ષ વાસનાતૃપ્તિ પૂરતો પર્યાપ્ત છે. વ્યાસનું આર્ષ-દર્શન સર્વકાલીન ને સર્વજનીન છે. એમના પુણ્ય-પ્રકોપ અને અરણ્યરુદનને ચિત્રબદ્ધ કરવા જેવા ખરા. કલ્પના-શક્તિને કામે લગાડો. કવિ-ઋષિ-મનીષીનું આ અમર-દર્શન છે. સચોટ ભવિષ્યવાણી જેવું. કવિઃ કાન્તદર્શી તે આનું નામ. એ દર્શનની અભિવ્યક્તિ પણ કેટલી બધી વેધક ને સચોટ છે. એક ઉપનિષકારે પણ સત્યના મુખને સુવર્ણ પાત્રથી ઢંકાયેલું ક્યાં કહ્યું નથી. સુવર્ણ બોલે ત્યાં સત્ય ચૂપ. સુવર્ણપાત્રના એ આવરણને તો પૂષન જ દૂર કરી શકે ને સત્યનો પ્રકાશ પ્રસરાવી શકે. આજના રાજકારણમાં પણ સત્યના મુખને સુવર્ણનું પાત્ર જ ઢાંકે છે ને ! રાજકારણની વાત નીકળી છે તો તિલક મહારાજને યાદ કરીએ. એમના બે વાક્યોમાં જ એમની અનુભૂતિની અભિવ્યક્તિ કેવી સચોટ રીતે વ્યક્ત થઈ છેઃ 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે ને તે હું લઈને જ રહીશ.' એમના અનુગામી પૂ. બાપુના લખાણમાંથી તો આવાં અનેક શબ્દ-બ્રહ્મના દર્શન થાય. 'મારું જીવન, મારી વાણી' બાકી બધું ઝાકળપાણી).

'મારા જેવા લાખ્ખોનો ક્ષય થાઓ પણ સત્યને માપવાનો ગજ ટૂંકો ન બનો.' કાગડા–કૂતરાને મુખે મરીશ પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પગ મૂકનાર નથી.' અને સ્વામી વિવેકાનંદની વાણીનું વીર્ય પણ કેટલું બધું ઓજસ્વી ને પ્રેરક છેઃ 'ઉત્તિષ્ઠત, જાગ્રત, વરાન પ્રાપ્ય નિબોધત'–જાગો, ઊઠો અને ઉત્તમ વસ્તુને પ્રાપ્ત કરો.' `Arise, Awake & stop not till the goal is reached.'

કવિ કાલિદાસનું મહાકાવ્ય 'રઘુવંશ' મેં ઘણીવાર વાંચ્યું છે, એમાંનું ઘણુંબધું મને ગમ્યું છે પણ અનેક રીતે મહત્વના એક પ્રસંગના સંસ્કાર મારા ચિત્તમાં વર્ષોથી દૃઢ થયા છે તે હજી સુધી ભૂલાયા નથી એમાં સીતાના વ્યક્તિત્વને જે ઉઠાવ મળ્યો છે તે અદભુત છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે આર્યનારીને માટે સીતા–સાવિત્રી જેવાં અનુકરણીય આદર્શ પાત્રો છે...બીજે શોધવાની શી જરૂર છે? ધોબીની ટીકાથી રામ સીતાનો ત્યાગ કરે છે. લક્ષ્મણને શિરે કપરી જવાબદારી આવી છે–માતા સમી ભાભીને વાલ્મીકિના આશ્રમમાં પહોંચાડવાની. કામ પતતાં લક્ષ્મણ સીતાને વંદન કરી કહે છે દેવિ! ક્ષમસ્વેતિ બભૂવ નમ્રઃ' લક્ષ્મણને ઉઠાડીને સીતા કહે છેઃ પ્રીતાસ્મિ તે સૌમ્ય! ચિરાય જીવ' 'પ્રસન્ન હું, વત્સ! ચિરંજીવી થાઃ જતાં જતાં લક્ષ્મણને બે–ત્રણ વાતો કહે છે...તેમાં પ્રથમ અનુક્રમે બધી જ સાસુઓને પ્રણામ પાઠવે છે ને પોતે સગર્ભા છે એટલે કહેવડાવે છેઃ–

વસેલ મારા ઉદરે તમારા
સુપુત્રના અંશનું રૂડું ચાહજો.'

એ પછી પતિ રામને સંદેશમાં આર્યપુત્ર, પ્રિયતમ કે એવાં આત્મીય સંબોધન ન કરતં કહે છેઃ

'ને વેણ કહેજે મુજ **રાજને** એ. મારા ને પ્રજાના રાજાને કહેજે કે 'તું સમ્મુખે અગ્નિથી વિશુદ્ધ થૈ, છતાં

લોકાપવાદે મુજને તજી, એ
પ્રસિદ્ધ ત્હારા કુલને શું છાજે?'

ત્હારા જેવો પ્રતાપી પતિ હોવા છતાં મારે અન્યને શરણે જવાનું! બીજી એક મહત્ત્વની વાત. તારા વિયોગમાં જ મેં દેહ છોડ્યો હોત, જીવનનો મને મોહ નથી પણ જીવી રહી છું કારણ કે–હું સગર્ભા છું...ને મારી ફરજ છે મારી કૂખમાં આડશરૂપ રહેલ 'તારું વસ્યુ તેજ રખોપવાનું.'

પ્રસૂતિ બાદ હું તપ તપીશ ને પ્રભુને પ્રાર્થીશ કે–

'ભૂયો યથા મે જનનાન્તરેડપિ
ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગ'
'કે આવતા યે ભવમાં, ફરીને તમે
જ મારા પતિ, ને, વિજોગ ના.'

મનુએ કહ્યા પ્રમાણે, વર્ણાશ્રમ ધર્મનું પાલન કરાવવાનું રાજાનું કર્તવ્ય છે તો આમ ત્યાગી મુજને, છતાંયે

બીજા તપસ્વી સમ ધ્યાન રાખજો.'

અનુભૂતિઓની આ અભિવ્યક્તિ કેટલી બધી કરુણ–ભવ્ય છે! પાત્રોનું આભિજાત્ય ને દાક્ષિણ્ય પણ ઉચ્ચ કક્ષાએ નિરૂપાયું છે. દૃશ્યમાળાની ગૂંથણી કેટલી બધી કલાત્મક ને સચોટ છે. સાહિત્યમાંથી આવાં તો અનેક દૃષ્ટાંતો મળી રહે પણ સંત–કવિ કબીર જે ખાસ કંઈ ભણ્યા જ નહોતા એમના

# ગીતાંજલિ

**૧૯૧૦**માં પ્રગટ થયેલી બંગાળી 'ગીતાંજલિ'ની આવૃત્તિ અને જેને માટે મુખ્યત્વે રવીન્દ્રનાથને ૧૯૧૩માં નોબેલ પુરસ્કાર મળ્યો તે અંગ્રેજી 'ગીતાંજલિ', એ બંને સ્વતંત્ર અને જુદાં જ પુસ્તકો છે. બંગાળી 'ગીતાંજલિ'માં ૧૯૦૬થી ૧૯૧૦ દરમ્યાન લખાયેલાં બંગાળી ગીતો છે, જ્યારે અંગ્રેજી 'ગીતાંજલિ' રવીન્દ્રનાથના જુદા-જુદા દસ જેટલા કાવ્યસંગ્રહોમાંથી તેમણે પોતે ચૂંટેલાં અને અનૂદિત કરેલાં ૧૦૩ કાવ્યોનું ગુચ્છ છે.

પહેલી નવેમ્બર ૧૯૧૨ના દિવસે 'ગીતાંજલિ'ની પહેલી મર્યાદિત આવૃત્તિ પ્રગટ થઈ, ૭૫૦ પ્રત છપાઈ.

૧૯૧૩ના માર્ચમાં લંડનની મૅકમિલન કંપનીએ 'ગીતાંજલિ'ની પ્રથમ જાહેર અને પ્રમાણભૂત આવૃત્તિ પ્રગટ કરી. નવેમ્બર ૧૯૧૩માં 'ગીતાંજલિ' માટે રવીન્દ્રનાથને નોબેલ પુરસ્કાર મળ્યો. માર્ચ અને નવેમ્બરના આઠ માસના ગાળામાં નોબેલ પ્રાઈઝ પૂર્વે 'ગીતાંજલિ'નાં દસ પુનર્મુદ્રણ થયાં.

'ગીતાંજલિ'ના ગીતોની સાદગી ને નિખાલસતા, ભાવવાહિતા ને નાદમાધુર્ય એવાં તો સચ્ચાઈભર્યાં છે કે આપણને લાગે કે આ તો જાણે મારાં જ મન-હૃદયના ભાવ. આથી જ **કાકા કાલેલકરે 'ગીતાંજલિ'ને 'હૃદયની સાર્વભૌમ વાણી' તરીકે વર્ણવી છે.** દેહદમન, ત્યાગ, ધ્યાન કે તપનું તેમાં નામ નથી. સમગ્ર જીવનની સુવાસ, સૌંદર્ય અને આનંદ 'ગીતાંજલિ'માં અનુભવાય છે. વ્યાકુળતા, ભક્તિ, કૃપા અને સમાધાનથી 'ગીતાંજલિ' તરબતર છે. **કાકાસાહેબ કહે છે, ચિરપરિચિતતાનું સમાધાન અને અનનુભૂત નવીનતાની ચમત્કૃતિ બંને એકસાથે 'ગીતાંજલિ'માં મળે.**

લંડન આવી રવીન્દ્રનાથે રોધેન્સ્ટાઈનને 'ગીતાંજલિ'નો અનુવાદ દેખાડ્યો. રોધેન્સ્ટાઈન પ્રસન્ન-ચકિત થઈ ગયા. તેમણે લખ્યુંઃ

...મેં કવિતાઓ વાંચી. એક નવા જ પ્રકારની કવિતાઓ મારી આંખો સમક્ષ હતી. મોટા ગજાના રહસ્યવાદી કવિઓની સંતવાણી જેવું તે કવિતાઓનું સ્તર હતું.

...રવીન્દ્રનાથની કવિતાનો એક પછી એક પાઠ થયો...તે સાંજે મેં કેવો અસીમ આનંદ અનુભવ્યો તે મને બરાબર યાદ છે. રવીન્દ્રનાથની કવિતાના આસવે મને મત્ત કરી મૂક્યો. ચૅપમૅને કરેલો હોમરનો અનુવાદ પહેલવહેલી વાર વાંચી કવિ કિટ્સને થયો હતો બરાબર તેવો જ અનુભવ મને થયો.

સિન્કલેરે રવીન્દ્રનાથ પરના પત્રમાં લખ્યું :

...તમારી કવિતાના પ્રભાવને હું કદી ભૂલી નહીં શકું. તમારા કાવ્યોમાં મને મૂર્તિમંત સૌંદર્યઅને કવિતાની પૂર્ણસિદ્ધિ જોવા મળ્યાં છે, એટલું જ નહીં મને ક્યારેક જ આછોઅમથો અને અનિશ્ચિતપણે થતો દિવ્યતાનો પરિચય તમારી કવિતાથી પૂર્ણ થયો છે.

પૉલ નૅશે અહેવાલ આપ્યો છે :

...મારા પોતાના ધૂંધળા વિચાર ને લાગણીઓ (આ કાવ્યોમાં) એટલાં તો સ્પષ્ટ અને સુંદર રીતે અભિવ્યક્ત થયેલાં લાગે છે કે હું આનંદવિભોર થઈ ગયો. મનની શાંતિ અને શક્તિ માટે બાઈબલની જેમ હું 'ગીતાંજલિ'

સાહિત્યમાંથી અનુભૂતિની ને તેની દક્ષ અભિવ્યક્તિની અનેક પંક્તિઓ મળે છે ત્યારે આનંદ સાથે આશ્ચર્ય થાય છે. 'આકાશવાણી'–અમદાવાદ–વડોદરાએ કબીરની આ પ્રકારની વાણીનો પ્રચાર કરવામાં ખૂબ મહત્ત્વનું યોગદાન આપ્યું છે. આના સમર્થનમાં અનેક દૃષ્ટાંતો આપી શકાય પણ હું કેવળ બે જ દૃષ્ટાંત આપીશ. તનના જોગી તો અનેક મળે પણ મનના જોગી મળવા વિરલ. પ્રભુમાં ધ્યાન ન હોય ને માળા ફેરવવી એ કેવળ દંભ ને આત્મપ્રતારણા છે. નમાજ સમે જોરથી બાંગ પોકારનારને કબીર કહે છે કે ખૂદા તો કીડીના પગનો ઝાંઝરનો રણકાર પણ સાંભળી શકે તો તું શીદને જોરથી બાંગ પૂકારે છે...'શું અલ્લાહ (ખુદા) તેરા બહેરા હૈ?' અહીં અખો સોનારો યાદ આવે. અખો કહે છેઃ–

'સજીવાએ નજીવાને ઘડ્યો
ને સજીવો નજીવાને કે'છે કે–
તું મને કાંક દે,
આ અખો ભગત તો એમ પૂછે છે કે–
અલ્યા! ત્હારી તે એક ફૂટી છે કે બે?

સ્નેહના સંબંધો–મૈત્રી–નિભાવવી અતિ કપરી સાધના છે, છતાં મૈત્રી થઈ જાય પણ એ અતંદ્ર જાગ્રતિ માગે છે, પ્રમાદ, અપેક્ષા, ઉપેક્ષા એમાં ન નભે. કબીર પ્રેમ–સંબંધે લખે છેઃ–

નેહ નિભાવન કઠન હય,
સબસે નિભત નાહિ;
ચઢવો મોમ–તુરંગપે,
ચલવો પાવક માંહિ.

સ્નેહ તો થાય પણ એને નિભાવવો કેટલો કઠણ છે. તત્સંબંધે એના આપેલા દૃષ્ટાંતનું નાવીન્ય મૌલિક ને સચોટ છે. કબીર કહે છે કે મૈત્રી કે સ્નેહસંબંધ નિભાવવો તે મીણના ઘોડા ઉપર સવારી કરી અગ્નિપથ પર ચાલવા જેવી કપરી વાત છે. 'ઢાઈ અક્ષર પ્રેમકા'ની વાત જ નિરાળી છે!

કેટલીક અનુભૂતિઓ વ્યષ્ટિગત ને કેટલીક સમષ્ટિગત હોય છે. લંગડો, આંધળો, મૂંગો, બધિરની અનુભૂતિઓ કેવી હોય?એમની અપૂર્ણતાઓને, ખોડખાંપણોને, અધૂરપોને સંવેદનશીલ કવિ ગુણ–વિશેષમાં મૂલવી બતાવે ત્યારે? વાંચો આ વિરલ શ્લોકઃ–

પંગો વન્દ્યસ્ત્વમસિ ન ગૃહં યાસિ યોડર્થી પરેષાં
ધન્યોડન્ધ ત્વં ધનમદવતાં નેક્ષસ યન્મુખાનિ।
શ્લાઘ્યો મૂક ત્વમસિ કૃપણં સ્તૌષિ નાર્થાશયા યઃ
સ્તોતવ્યસ્ત્વં બધિર ન વચો યઃ ખલાનાં શૃણોષિ।।

મતલબ કે હે લંગડા માણસ! તું વંદન કરવાને લાયક છે કારણ કે તું પારકાને ઘેર કંઈ માગવા જતો નથી? હે આંધળા માનવ! તને ધન્ય છે કારણ કે ધનથી ઉન્મત્ત બનેલા માણસોના મુખ તારે જોવા પડતાં નથી; હે મૂંગા માણસ! તું પ્રશંસાને પાત્ર છે કારણ કે કંજૂસ માણસની પાસે ધન મેળવવાની આશાથી તું પ્રશંસા કરતો નથી. હે બહેરા માનવ! તું વખાણને પાત્ર છે કારણ કે તારે દુર્જનોનાં ખરાબ વચનો સાંભળવા પડતાં નથી.

એક અતિશય કરુણ અનુભૂતિનું દૃષ્ટાંત મહાત્મા

---

વાંચવાનું પસંદ કરું.

રવીન્દ્રનાથે 'ગીતાંજલિ' રોથેન્સ્ટાઈનને અર્પણ કરી. યેટ્સે 'ગીતાંજલિ' માટે અદ્‌ભુત પ્રસ્તાવના લખી. તેમણે લખ્યું છેઃ

....અનુવાદની હસ્તપ્રત સાથે ને સાથે રાખી દિવસોના દિવસો સુધી હું ફર્યો છું; ટ્રેનના ડબ્બામાં, બસના ઉપલા માળે કે રેસ્ટોરાંમાં બેઠાં-બેઠાં – જ્યાં તક અને સમય મળે ત્યાં – હું આ કવિતાઓ વાંચતો રહ્યો છું...

...આપણાથી સાવ અજાણી એવી એક આખી પ્રજાને, એક આખી સંસ્કૃતિને કવિની કલ્પનાના કૅમેરાએ ઝડપી છે, પણ અજાણપણાનું રહસ્ય-વિસ્મય નહીં, પણ તેમાં જોવા મળતી આપણી પોતાની જ છબી આપણને ભાવવિભોર કરી મૂકે છે.

અમેરિકાના 'ફૉર્ટનાઈટલી રિવ્યૂ'માં **ઍઝરા પાઉન્ડે** 'ગીતાંજલિ' વિષે લેખ કર્યો; લખ્યું:

...પદ્યખંડોમાં ક્યાંક-ક્યારેક (ગ્રીક સંસ્કૃતિની) 'હેલેનિક' પુનિત-ભવ્યતાની ઝલક દેખાય છે, તો ઘણી બધી જગાએ દ ગુરુમૉન્ટ કે બૉદલેર જેવા કવિઓએ આખરી તબક્કામાં સાધેલી શુદ્ધ કાવ્યસફાઈ જોવા મળે છે.

...રવીન્દ્રનાથની કવિતાઓના પાયામાં તેમજ તેના આકાશમાં વિસ્મિત શાંતતા છવાયેલી છે...આપણા યાંત્રિક જીવનમાં એકાએક શાણપણનું નીરવ પ્રભાત ઊઘડી ઊઠે છે...

...પ્રકૃતિ સાથે કવિ એકાકાર થઈ ગયા છે. ક્યાંય કશો જ વિરોધ રહ્યો નથી.

લંડનના ટાઈમ્સ લિટરરી સપ્લિમેન્ટે ઊંચામાં ઊંચા પ્રકારના અભિનંદન આપ્યાંઃ

'ગીતાંજલિ'ની રચનાઓ વાંચતાં આપણા યુગના કોઈ ડેવિડના સ્તોત્રો વાંચતાં હોઈએ એવો અનુભવ થાય છે. પોતાના શ્રદ્ધા-સાધનાકર્મ અને જીવન-અનુભવોથી કવિ ઈશ્વર પામ્યા છે. તેને ઉદ્દેશીને તેમણે કાવ્યો રચ્યાં છે.

...ક્યાંય કલા-કસબ કે બુદ્ધિની છીછરી ચાતુરી નથી...સાદગી એવી પૂર્ણ છે કે કાવ્યોને તો સૌ કોઈ સહજતાથી સમજી શકે અને છતાંય તેમાં સમજવા જેવું ગંભીર ઊંડાણ અલ્પ કે નહિવત્ તો નથી જ નથી

તેમની કવિતામાં ઘણાને બાઈબલનું શાણપણ અને શાંત રમ્યતા દેખાયાં. ડાર્વિનના વિદુષી પૌત્રી ફ્રાન્સિસ કોનફૉર્ડે એકરાર કર્યો, 'રવીન્દ્રનાથને મળ્યા પછી એકીસાથે શક્તિપ્રભાવી અને મૃદુ એવી ઈશુની પ્રતિભામાં હું માનતી થઈ. તે પહેલાં એવા અજબ સમન્વયનું સત્ય હું સ્વીકારી શકી નહોતી.

'ગીતાંજલિ'ની રચનાઓએ પશ્ચિમના વિશ્વમાનસમાં રવીન્દ્રનાથની એક વિશિષ્ટ છબી ઉપસાવી. પૂર્વમાંથી આવેલા શાણા અને સંત ઋષિ તરીકેની તેમની છાપ ઊભી થઈ. તેમને ઈશા મસીહ સાથે સરખાવનારાઓની સંખ્યા નાનીસૂની નહોતી.

❑ **મહેશ દવે**

'કવિતાનો સૂર્ય'માંથી

ગાંધીના જીવનનું વર્ણવી આ લેખ પૂરો કરીશ. પૂ. બાપુના સૌથી મોટા દીકરા હરિદાસ સાથે સોરાબ–રૂસ્તમીનો સંબંધ હતો. દીર્ઘજીવનમાં મહાત્મા ગાંધીએ અનેકનું હૃદય પરિવર્તન કર્યું હતું પમ મહંમદઅલી ઝીણા અને એમના મોટા દીકરાને સમજાવવામાં તેઓ કરુણ રીતે નિષ્ફળ નીવડેલા. હરિદાસ બધી જ રીતે હાથથી ગયેલ સંતાન છે. બધી જ રીતે ખુવાર થઈ ગયેલ છે. દાઢી વધી ગઈ છે. પહેરવેશના કંઈ ઠેકાણાં નથી...ને એક કરુણ ઘટના નાગપુર સ્ટેશને બને છે. નાગપુર સ્ટેશને માણસોની ભીડ જામી છે. એક ગાડીમાં મહાત્મા ગાંધી ને પૂ. કસ્તુરબા મુસાફરી કરી રહેલ છે. એમને આવકારવા લોકોની ઠઠ જામી છે. ગાડી યાર્ડમાં આવે છે એટલે લોકો 'મહાત્મા ગાંધી કી જય' પુકારે છે. એ પુકારમાં બીજો એક મોટો પુકાર સંભળાય છે:

'માતા કસ્તુરબાનો જય'. એ અવાજ હરિદાસનો છે. એના હાથમાં માગી ભીખીને મેળવેલી એક નારંગી છે. એ નારંગી કસ્તુરબાને આપે છે. ખાસ બા માટે લાવેલ છે. બાપુએ પૂછ્યું, 'મારે માટે નથી?' પુત્રે કહ્યું; 'ના, તમારે માટે નથી...કેવળ 'બા' માટે જ છે. પછી પિતાને કહે છે: 'તમે આટલા બધા મહાન થયા છો તે મારાં બાને લીધે. Surely કહી પૂ.બાપુ એના વિધાનનો સ્વીકાર કરે છે...પછી પૂ. બાપુ પૂછે છે: 'અમારી સાથે આવવું છે, ચાલ' એ સ્પષ્ટ ના ભણે છે. પૂ. બાની આંખમાં આંસુના તોરણ છે. ગાડી ઉપડે છે...કસ્તુરબા પાસે ટોપલીમાં ફળ છે. પુત્રને આપવા જાય છે ત્યાં ગાડી ઉપડી જાય છે. ત્રણેયને કાજે આ કેવી કરુણ અનુભૂતિ છે.

✷ ✷✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

## મહાવીર કથા ડી.વી.ડી.

બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી આ કથા, તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈ ગઈ છે.

આ બે ડી.વી.ડી.ના સેટની કિંમત રૂા. ૨૫૦/- છે.

મર્યાદીત સંખ્યામાં આ કેસેટ તૈયાર કરવાની હોય આપનો ઑર્ડર આ જે જ ફોન ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર જણાવો. આપને ઘેર બેઠા આ ડી.વી.ડી. અમે પહોંચાડીશું.

કુટુંબીજનો અને મિત્રોને આ ડી.વી.ડી. ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે. વસ્તુની પ્રભાવના ક્ષણજીવી છે, વિચારની પ્રભાવના ચિરંજીવ છે. દશથી વધુ સેટ ખરીદનારને ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.

પ્રત્યેક જૈનના ઘરમાં આ ડી.વી.ડી. હોવી જ જોઈએ.

જ્ઞાન પ્રભાવના જ પ્રભાવક પ્રભાવના છે.

સમ્યક્ જ્ઞાન સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ આવા મહાવીર વિચારથી જ થાય છે.

મહાવીર કથાના દૃશ્યને નિહાળો અને વાણીનું શ્રવણ કરી મહાવીરને જાણો, માનો અને પામો.

**પ્રમુખ, શ્રી મું. જૈન યુવક સંઘ**

## 'મહાવીર કથા' અંગે પ્રતિભાવ

સ્નેહી ભાઈશ્રી ધનવંતભાઈ અને
શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યોથી સદા યુવાન સર્વ સુત્રધારો-
જય જિનેન્દ્ર.

હૃદયપૂર્વકના અભિનંદન અને આભાર.

સંઘ દ્વારા પ્રબુદ્ધ-જીવન, અમુલ્ય પુસ્તકો, પર્યુષણ વ્યાખ્યાન- માળા જેવા સુંદર, જીવનોપયોગી કાર્યક્રમો તો નિયમિત થતાં જ રહે છે; જ્ઞાન-ગંગા, જ્ઞાન-સરિતા હંમેશા વહેતી જ રહે છે. પરંતુ તા. ૨૭ માર્ચ–કે. સી. કૉલેજ હૉલ તથા ૨૮ માર્ચ–ભારતીય વિદ્યા ભવનમાં 'મહાવીર કથા'નો નવતર છતાં સર્વ રીતે સફળ પ્રયોગ, જેમાં લાભ લેવાની, ધર્મ-જ્ઞાનમાં તરબોળ તથા સંતૃપ્ત થવાની જે તક મળી તેને હું મારા જીવનની અવિસ્મરણીય તક માનું છું.

કોઈપણ જૈન ભાઈ-બહેન એવા નહીં હોય કે જેમણે પ્રભુ મહાવીર વિષે વાંચ્યું કે સાંભળ્યું ન હોય. ઉપાશ્રયોમાં જ્ઞાની ગીતાર્થ ગુરુ ભગવંતોએ ઉપદેશ સ્વરૂપે ઘણું બધું વ્યાખ્યાનોમાં કહ્યાનું આપણે બધાએ સાંભળ્યું હશે.

પરંતુ જૈન ધર્મના ઊંડા અભ્યાસી, તત્ત્વચિંતક, લેખક તથા વાણી ઉપર જેમનું અદ્‌ભુત પ્રભુત્વ છે તેવા મૃદુભાષી પદ્મશ્રી ડૉ. કુમારપાળ ભાઈએ જે સરળતાથી ભગવાન મહાવીરના જીવનના દરેક પ્રસંગો-માતાના ગર્ભથી લઈને મોક્ષ સુધીના સચોટ રીતે કથા સ્વરૂપે રજૂ કર્યા અને સાચો જૈન ધર્મ એ ક્રિયાઓમાં નહીં પણ આચરણમાં છે તે સુંદર રીતે સમજાવ્યું. સ્નેહી ભાઈ કુમારપાળભાઈને આ કાર્ય માટે તેમણે કરેલી મહેનત, તન્મયતા તથા જૈન ધર્મના અગાધ સમુદ્રમાંથી શોધેલ મોતી સર્વ જિજ્ઞાસુ શ્રોતાજનો સમક્ષ રજૂ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન તથા આભાર.

જ્ઞાનપીઠ, કથાનો માહોલ તથા સંગીત વ્યવસ્થા ખરેખર જ પ્રસંગને અનુરૂપ હતાં. રામકથા, ભાગવતકથા વિગેરેમાં સંગીત સાથે ધૂન હોય છે એટલે સંગીત લાઉડ હોય છે, પરંતુ જો મહાવીર કથામાં સંગીત થોડું સૌમ્ય રાખ્યું હોત તો વધારે માણવા યોગ્ય બન્યું હોત તેમ મારું અંગત મંતવ્ય છે.

બે દિવસમાં કુલ પાંચ કલાકનો સમય, ભગવાન મહાવીરે પ્રબોધેલા પંચ-મહાવ્રત જે તેમણે તેમના જીવનની પળે પળે આચરણમાં મૂકેલ તે સમજાવવા, રજૂ કરવા માટે સમય ઘણો ઓછો પડ્યો હોય તેમ લાગે છે. જો કથાનો સમય ત્રણ કે ચાર દિવસનો હોત અને કુમારપાળભાઈની વાણીનો લાભ મળ્યો હોત તો જે થોડા તરસ્યા રહી ગયાની લાગણી થાય છે તે ન થઈ હોત.

આવા અત્યંત ઉપયોગી સુંદર સફળ પ્રયોગ માટે અભિનંદન-શુભેચ્છા.

❑ **હિંમતલાલ એસ. ગાંધી**

૪૦૪, સુંદર ટાવર, ટી. જે. રોડ, શીવરી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૧૫.
ફોન : 022-24131493. મોબાઈલ : 09323331493.

# પત્ર ચર્ચા

## વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ?

*[ 'પ્ર.જી.'ના જુલાઈ અંકના તંત્રી લેખ 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા' દ્વારા અમે ઉપરના વિષયની ચર્ચા માટે સમગ્ર સમાજને આમંત્રણ આપ્યું હતું. એ વિશે પ્રાપ્ત થયેલ પત્રો 'પ્ર.જી.'ના આગળના અંકોમાં અમે પ્રકાશિત કર્યા હતા, આ અંકમાં એક વધુ પત્ર અહીં પ્રસ્તુત કરીએ છીએ.*

*અમોને જેમ જેમ પત્રો પ્રાપ્ત થતા જશે એ પ્રમાણે પ્ર.જી.ના અંકમાં પ્રસિદ્ધ કરતા રહીશું. સર્વેનો આભાર.* ❑*તંત્રી ]*

*હમણાં બે માસ પહેલાં લીંબડી પાસે બે સાધ્વીશ્રીઓ અને આ જ મહિનાની મેની નવમીએ શંખેશ્વર તરફ વિહાર કરતા એક સાધ્વીશ્રીએ જીવન ગુમાવ્યું. જૈન સમાજ માટે હવે આ ચિંતાનો વિષય છે.*

(૯)

તંત્રીશ્રી પ્રબુદ્ધ જીવન,

જુલાઈ ૨૦૦૯ના પ્ર.જી.ના અંકમાં ડૉ. ધનવંત શાહના લેખમાં શ્રી ધનવંતભાઈએ જૈન ધર્મના ભાવિ અંગેની પોતાની ચિંતા સુચારુ રૂપે વ્યક્ત કરી અને ત્યારબાદ સપ્ટેમ્બરના અંકમાં પણ ત્રણ પત્રો આવ્યા, જે વાંચી આ લખવા હું પ્રેરાયો છું.

આ અંગે જેટલું પણ લખાય ઓછું પડે તેમ છે. હું માત્ર અમુક મુદ્દાઓ તરફ અંગુલી નિર્દેશ કરવા ચાહું છું.

પહેલી વાત તે એ કે તથાકથિત 'સુધારા'ની વાત જો આપણે સાધુ–સાધ્વીઓ પૂરતી મર્યાદિત રાખીશું તો ભાગ્યે જ કોઈ અર્થ સરશે!

મારા નમ્ર મત પ્રમાણે, શરૂઆત શ્રાવકોએ પોતાની જાતથી કરવી પડશે. સાધુ થવા માગતી હરેક વ્યક્તિ, હકીકતમાં, શ્રાવક કુટુંબમાંથી જ અને આશરે ૨૫-૩૦ વર્ષના સંસ્કાર લઈને આવે છે. વળી, દીક્ષા પછી પણ સાધુઓએ આહાર–પાણી વહોરવા અને અન્યથા પણ શ્રાવકોના સતત સંપર્કમાં રહેવું પડે છે જેથી સમાજમાંના દુષણો વહેલા–મોડા તેમને આંબી જાય એ નિશ્ચિત વાત છે.

વળી, શ્રાવકોએ, કમ સે કમ મોટા ભાગના શ્રાવકોએ, પૈસા, સંપત્તિ, સમૃદ્ધિને આજે જે રીતે અત્યંત વધુ પડતું મહત્ત્વ આપ્યું છે તેમાંથી બહાર આવી, સીમિત પણ ન્યાયપૂર્ણ આજીવિકાને મહત્ત્વ આપવું પડશે અને ટીવી, રેફ્રિજરેટર, એરકન્ડીશનર, મોબાઈલ ફોન જેવી લક્ઝરીની વસ્તુઓને તિલાંજલી આપી સાદુ જીવન–જરૂર લાગ્યે શહેરો તેમ જ તેમની ઝાકઝમાળનો ત્યાગ કરીને વતનને વ્હાલાં કરીને પણ–અપનાવવું પડશે.

વ્યક્તિની જેમ, આપણી સંસ્થાઓમાંથી તેમ જ અનુષ્ઠાનોમાંથી પૈસાની નાગચૂડને ઘટાડવી જોઈશે અને આજે જ્યાં ત્યાં 'ભવ્ય' કે પછી 'ભવ્યાતિભવ્ય'ના ભપકા થાય છે ત્યાં બધે સંપૂર્ણ સાદગી અપનાવવી પડશે.

સાધુઓ પાસેથી સાચા સાધ્વાચારની અપેક્ષા જેમ આપણે તેમના અને જૈન ધર્મના સારા ભાવિ માટે કરીએ છીએ તેમ સાચા અને પૂરા શ્રાવકાચાર આપણે પણ અપનાવવા પડશે અને આત્મશ્રેયાર્થે પૌષધાદિ કરી શક્ય એટલો વધુ સમય સાધુ–મહાત્માઓના સંપર્કમાં કાઢી તેમની તકલીફો વગેરેથી વાકેફ રહેવું જોઈશે.

હવે સાધુ સંસ્થાની વાત કરીએ તો, દીક્ષાર્થીઓની–તેમના જ્ઞાન, વૈરાગ્ય અંગેની–ચકાસણીમાં સાચા શ્રાવકો, પંડિતોએ પોતાનો ફાળો આપવો પડશે અને જરૂર લાગે તો શ્રમણ–શ્રમણી જેવી સંસ્થા શરૂ કરી તેમની કેળવણી વગેરે ઉપર ધ્યાન આપવું પડશે.

આ અંગેની બીજી વાત તે એ કે સાધુ મહાત્માઓની બીમારી, વૃદ્ધાવસ્થા વગેરેમાં તેમની વૈયાવચ્ચ વગેરે ઉપર શ્રાવકોએ પોતે પૂરતું લક્ષ્ય આપવું પડશે જેથી તેમની એ અંગેની ચિંતા ટળી જાય.

આટલું થયા પછી, જે અનિવાર્ય વાત લાગે છે તે એ કે જો અમુક સાધુ–કોઈ પણ કારણે–સાધુના આચાર પાળી શકે તેમ ના જ હોય તો, તેના કે અન્યોના પરિણામ વધુ બગડે તે પહેલાં, તેને 'સાધુત્વ'થી મુક્તિ આપવાનું જરૂરી બની જાય તો તે શક્ય બનાવવાની તૈયારી પણ રાખવી જ રહી.

કામ હકીકતમાં, ખૂબ જ કપરું અને છતાં અનિવાર્ય છે. વખત આવ્યે, આપણે ઘડિયાળના કાંટા પાછા ફેરવી, ભગવાન મહાવીરના સમય સુધી નહીં તો યે ગાંધીજી–શ્રીમદ્‌ના સમય સુધી પાછળ જવું જોઈશે.

આ 'પ્રદૂષણ' જે ફેલાયેલું છે તે ફક્ત જૈન ધર્મમાં જ છે એવુંયે નથી. લગભગ બધા ધર્મોના અનુયાયીઓને નહીં, પર્યાવરણમાં વધતાં જતાં પ્રદૂષણ, $CO_2$ વાયુ અને ઓઝોનના પટલને થઈ રહેલા વ્યાપક નુકશાનમાંથી બચવાનો, સમગ્ર સૃષ્ટિ માટે, મારા નમ્ર મત પ્રમાણે આ એક જ માર્ગ છે અને જૈનો જો આ દિશામાં આગળ વધી શકે તો બધા માટે એ માર્ગદર્શક બની શકે. ✷✷✷

**અશોક ન. શાહ**
બી-૪, આનંદ એપાર્ટમેન્ટ,
૨૪, જે. પી. રોડ, અંધેરી (પ.),
મુંબઈ–૪૦૦ ૦૫૮.
ટેલિ. નં.: ૨૬૨૪૨૬૪૩.

*રવીન્દ્રનાથ ઈંગ્લેન્ડ હતા ત્યારે મુંબઈના આત્મારામ તરખુડ કલકત્તા આવ્યા હતા. સાથે તેમની પુત્રી ઍના હતી. આત્મારામ ખાસ્સા સુધારાવાદી હતા. તેમણે ઍનાને ભણાવી હતી, એટલું જ નહીં, પરદેશમાં પલોટી હતી. તેમને નાત-જાતના ભેદ નડતા નહોતા. ઍના શિક્ષિત સંસ્કારી યુવતી હતી. સાહિત્ય અને સંગીતમાં તેને સાચુકલો રસ હતો. રવીન્દ્રનાથ તરફની ઍનાની લાગણી સ્પષ્ટ હતી. રવીન્દ્રનાથે આપેલું સાહિત્યિક નામાભિધાન 'નલિની' એણે કેટલાંય વર્ષો સુધી જાળવેલું. તેના એક ભત્રીજાનું નામ તેણે 'રવીન્દ્ર' પાડેલું. આત્મારામ કલકત્તા આવ્યા ત્યારે તેમણે દેવેન્દ્રનાથની મુલાકાત લીધી હતી. આત્મારામે ઍના માટે રવીન્દ્રનાથની વાત છેડી હોવાની અટકળ છે, પણ દેવેન્દ્રનાથ ધર્મની બાબતમાં ભલે ગમે તેટલા સુધારક હોય, સામાજિક વ્યવહાર અને રીતરિવાજ બાબતમાં રૂઢિચુસ્ત હતા. પરપ્રાંતની કન્યા પુત્રવધૂ તરીકે સ્વીકારવાનું દેવેન્દ્રનાથના લોહીમાં નહોતું. ઍના જેવી પત્નીએ રવીન્દ્રનાથના જીવનને કેવો વળાંક આપ્યો હોત તેવી કલ્પના કરવી નિરર્થક છે.)*

# નવકાર મંત્રમાં 'ન' કે 'ण' : નમુક્કારો કે णमुक्कारो ?

❑ પુષ્પા પરીખ

આ વિષય બહુચર્ચિત નથી તેથી ઘણા લોકોને પ્રશ્ન થાય કે સાચો અક્ષર કયો ? આ ચર્ચા માટે થોડો અભ્યાસ જરૂરી છે. આપણા એટલે કે જૈનોના જૂના ગ્રંથો, મુ. રમણભાઈના પુસ્તક 'શાશ્વત નવકારમંત્ર', તથા અન્ય લેખકોના લખેલા લેખોનો જો અભ્યાસ કરીએ તો જણાશે કે 'ण' એ મૂળ નવકાર મંત્રમાં વપરાયેલ છે અને સમય જતાં 'ण' નો 'ન' થઈ ગયો લાગે છે. આ 'ન' થઈ જવાના પણ કારણો તો છે જ જે આપણે આગળ જતાં જોઈશું.

સૌ પ્રથમ આપણે જૂના ગ્રંથોનો વિચાર કરીએ તો આપણા ગ્રંથો પ્રાકૃત અને અર્ધમાગધી ભાષામાં લખાયેલા છે. પ્રાકૃત અને અર્ધમાગધીમાં 'ન' કરતાં 'ण'નો ઉપયોગ વધુ જણાય છે. પ્રાકૃત એ લોકભાષા હતી. સંસ્કૃત એ બ્રાહ્મણોની એટલે કે ભણેલાઓની ભાષા હતી જેમાં 'ण' કરતાં 'ન' નો ઉપયોગ વધુ થતો હતો.

ડૉ. રમણભાઈના વિચારો મુજબ 'શાશ્વત નવકાર મંત્ર' પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે 'ण' અને 'ન'માં ખાસ મોટો તફાવત નથી. મારા મંતવ્ય પ્રમાણે 'ન' દન્ત્યવર્ણ છે જ્યારે 'ण' મૂર્ધન્યવર્ણ છે. 'ન' બોલવામાં કોઈ તકલીફ થતી નથી જ્યારે 'ण' બોલવામાં જીભ ઉંધી વાળીને તાળવામાં ઉપરના ભાગમાં લગાડવી પડે છે. 'ण' નાભિમાંથી આવે છે 'ન' બોલવામાં સહેલું પડે માટે સમય જતાં 'ण' નો 'ન' થઈ ગયો લાગે છે.

જો કે દરેક જગ્યાએ 'ण' નો 'ન' નથી કર્યો. જેમ કે 'નમો અરિહંતાણં'. અહીં સંસ્કૃતની વિભક્તિનો જ ઉપયોગ કર્યો છે. 'નમો અરિહંતાનં' બોલવામાં અને સાંભળવામાં મધુર નથી લાગતું અને 'ण' બોલતાં જ ન આવડતો હોય અને તોતડું બોલતા હોઈએ તેવું લાગે છે. પાંચે પદમાં શરૂઆતમાં 'ण' કે 'ન'માં જરાયે વાંધો નથી લાગતો. દિ. સંપ્રદાયમાં તો આજે પણ 'ण' નો જ ઉપયોગ કરાય છે. 'ભગવતી સૂત્ર'માં પણ 'નમો અરિહંતાणं' જ છે. ડૉ. રમણભાઈના હિસાબે પ્રાચીન કાળથી જ 'નમો' 'णमो' બંને પદો વિકલ્પે પ્રયોજાય છે અને તેથી બંને સાચા છે અને તેવી જ રીતે 'નમુક્કારો' અને 'णमुक्कारो' પણ સાચા છે.

'ન' અને 'ण' નું વિશિષ્ટ પ્રકારનું નાદ માધુર્ય હોય છે. યોગીઓના મંતવ્ય મુજબ 'ન' ના ઉચ્ચારણથી હૃદયતંત્રી વધુ સમય તરંગીત રહે છે. 'ण' વ્યંજન જ્ઞાનનો વાચક મનાય છે તેથી તેને મંગલસ્વરૂપ માનવામાં આવે છે. જૈન ધર્મના ઘણા શાસ્ત્રોમાં 'ण' અક્ષરનું સ્વરૂપ વ્યોમ બતાવ્યું છે અને 'ન'નું શૂન્યમ્. નવકારમંત્રમાં આપણે 'નમો' કે 'णमो' એ વંદન કરવાના અર્થમાં વાપરીએ છીએ. એટલે વ્યોમ એટલે આકાશ અને 'ન' નકારાત્મક સૂચક તરીકે પણ વપરાય છે. 'ન' એ આત્મસિદ્ધિ સૂચક, જલતત્ત્વનો સૂચક, મૃદુતર કાર્યોનો સાધક અને આત્મનિયંતા છે. એ દૃષ્ટિએ પણ બંને અક્ષરો પ્રભાવી છે. પરંતુ બંનેમાં થોડો ફરક છે. 'ण' શાંતિસૂચક હોવાથી સમત્ત્વભાવ આપનાર છે. આત્મસિદ્ધિ મેળવવા સમત્ત્વભાવ પહેલો કેળવવો રહ્યો.

નવકારમંત્ર જૈન ધર્મનો મુખ્ય મંત્ર છે. આ મંત્રમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ

*રવીન્દ્રનાથ માટે વધૂની પસંદગી થઈ ગઈ અને લગ્ન લેવાયાં. દસ વર્ષની, દૂબળી-પાતળી, દેખાવે સામાન્ય અને લગભગ નિરક્ષર એવી પુત્રી ભવતારિણીને રવીન્દ્રનાથના ભાભીઓએ પસંદ કરી. રવીન્દ્રનાથ ભાવિ વધૂ જોવા પણ નહોતા ગયા. એમણે ભાભીઓને કહી દીધું હતું, 'તમારે જે કરવું હોય તે કરો, મારે એમાં કશું કહેવાનું નથી.'*

*તેમનાથી બાર-તેર વર્ષ નાની, કાચી વયની, સીધી-સાદી ગ્રામ-બાલિકા તેમણે જરાય આનાકાની વગર સ્વીકારી લીધી. તેની પાછળ કદાચ પિતા દેવેન્દ્રનાથનું વજન કામ કરી ગયું લાગે છે. રવીન્દ્રનાથને મહર્ષિ પિતા પ્રત્યે અપાર આદર હતો. તેમને તે અહોભાવથી જોતા. તેમની આમન્યા રવીન્દ્રનાથ ઉથાપે નહીં.*

*કન્યાનું પિયરનું નામ હતું 'ભવતારિણી'. મોટાભાઈ દ્વિજેન્દ્રનાથે સાસરવાસનું નવું નામ આપ્યું 'મૃણાલિની'.*

### અન્ય સામયિકના તંત્રીશ્રી અને લેખકોને વિનંતિ

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતાં લેખો અને પ્રસંગો અન્ય સામયિકના તંત્રીશ્રીઓ પોતાના સામયિકમાં પુનઃ પ્રકાશિત કરે છે એનો અમને આનંદ છે. પરંતુ એ લેખના અંતે 'પ્રબુદ્ધ જીવન' સૌજન્ય લખાય તો અમારા આનંદમાં વિશેષ ઉમેરો થાય.

'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થતા લેખોના લેખકોને પુરસ્કાર અર્પણ કરાય છે.

કેટલાક મહાનુભાવ લેખકો પોતાનો લેખ 'પ્રબુદ્ધ જીવન' ઉપરાંત એ જ સમયે અન્ય સામયિકોને પણ મોકલે છે. એટલે 'જ્યાં છપાય ત્યાં ભલે' એ વિચારથી. પરંતુ આ યોગ્ય નથી. કારણ કે કેટલીક વખત આ એ લેખ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થાય ત્યારે એ જ સમયે બીજા સામયિકમાં પણ પ્રકાશિત થયો હોય, તંત્રીઓ માટે આ વિમાસણ પરિસ્થિતિ છે.

એટલે લેખક મહાશયોને વિનંતિ કે 'પ્રબુદ્ધ જીવન' માટે જો લેખ મોકલો એ જ સમયે અન્યત્ર ન મોકલો.

આશા છે કે અન્ય તંત્રીશ્રીઓ અને વિદ્વાન લેખકો આ હકીકતમાં અમને સહકાર આપશે.

–તંત્રી

પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવ્યા છે. આ મંત્રમાં કોઈ વ્યક્તિવિશેષને નમસ્કાર ન કરતાં ગુણોને નમસ્કાર કર્યા હોવાથી આ મંત્ર મહામંત્ર તરીકે ઓળખાય છે. મંત્ર શાસ્ત્રમાં 'ન'ના ૩૫ નામ આપવામાં આવ્યા છે. 'ण'નાં ૨૦ અથવા ૨૪ નામ આપવામાં આવ્યા છે. 'વૃત્તરત્નાકર'માં માતૃઅક્ષરોનાં જે શુભ કે અશુભ ફળ દર્શાવવામાં આવ્યા છે તે પ્રમાણે 'ण' શ્રમ કરાવનાર છે અને 'ન' સંતોષ આપનાર છે. નવકારમંત્રના પદો વ્યક્તિવાચક નહિ પણ જાતિવાચક કે ગુણવાચક હોવાથી જ સર્વવ્યાપક અને સનાતન રહ્યા છે અને સાથે સાથે અન્ય ધર્મને પણ સ્વીકાર્ય બની શકે છે.

*મૃણાલિની ઝાઝું ભણ્યાં નહીં, સાહિત્ય અને કળા જેવા ઈતર રસ કેળવી શક્યાં નહીં. જોકે મૃણાલિની સારાં ઘરરખ્ખુપત્ની બની રહ્યાં. કુટુંબમાં તે સારી રીતે ભળી ગયાં. કુટુંબમાં બધાં તેમનાથી પ્રસન્ન હતાં. તેમણે રવીન્દ્રનાથની સંભાળ સારી રીતે રાખી, પાંચ સંતાનો આપ્યાં. શાંતિનિકેતન માટે રવીન્દ્રનાથને નાણાભીડ હતી ત્યારે તેમણે તેમના સર્વ ઘરેણાં વિના સંકોચે કાઢી આપ્યાં હતાં. જીવ્યાં ત્યાં સુધી મૃણાલિની પતિની પડખે રહ્યાં.*

વૈજ્ઞાનિક દૃષ્ટિએ 'ण' અને 'ન' બોલવામાં આપણા શરીરમાં ક્યાં અને શું ફેરફારો થાય છે તે જોઈએ. આપણા મસ્તિષ્કમાં જાતજાતના તરંગો હોય છે. આલ્ફા, બીટા, ડેટા, તેટા આદિ. જ્યારે આલ્ફા તરંગો અધિક માત્રામાં હોય ત્યારે મનુષ્ય આનંદિત હોય છે. 'ण'નો પ્રયોગ આલ્ફા તરંગોના ઉત્પાદનમાં અતિ સહાયક ગણાય છે. 'ण' બોલવાથી કંઠ અને જિહ્વાની પેશીઓ પર એક પ્રકારની ખેંચ આવે છે. કંઠમાં થાઈરોઈડ અને પેરાથાઈરોઈડ ગ્રન્થીઓછે. થાઈરોઈડ ગ્રન્થી મૂળમાં શરીરની શક્તિ ઉત્પાદન કરવાવાળી ગ્રન્થી છે. પાચન ક્રિયામાં પણ આ ગ્રન્થી સહાયકર્તા છે. 'ण' ના ઉચ્ચારથી થાઈરોઈડ અને પેરાથાઈરોઈડ ગ્રન્થીઓનું સંતુલન જળવાય છે અને ગ્રન્થીઓ શક્તિશાળી બને છે.

ણમોકાર મંત્રમાં 'ण' અક્ષરનો પ્રયોગ ૧૪ વાર થાય છે. એક માળામાં 'ण'નો પ્રયોગ ૧૫૧૨ વાર લયબદ્ધ કરવાથી જીભ તાળવાને લાગે છે અને તેના ફળ સ્વરૂપે મસ્તિષ્કની ગ્રન્થીઓ જેવી કે હાઈપોથેલેમસ, પિચ્યુટરી તથા પીનીયલને જાગ્રત કરે છે, વ્યવસ્થિત કરે છે. આ રીતે 'ण' અક્ષરના પ્રયોગથી શરીરની આધ્યાત્મિક, માનસિક, શારીરિક પુષ્ટિની સાથે રોગોને રોકવાની શક્તિ પણ વધતી જાય છે તથા અમુક રોગો પણ દૂર થાય છે. આજ કારણને લીધે મહાનુભાવોનું કહેવું છે કે નવકાર મંત્રના જાપથી ઘણી વાર રોગીઓના રોગો દૂર થાય છે. આ દૃષ્ટિએ 'ણમોકાર' મંત્ર દવા પણ છે અને ટોનિક પણ છે. એ આધ્યાત્મિક બિમારીને દૂર કરી આત્માને શક્તિશાળી પણ બનાવે છે.

ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ 'ण' અને 'ન' નો વિચાર કરીએ તો મહામંત્રના જાપ શુદ્ધ ઉચ્ચાર સાથે કરવાથી શું ફાયદા થાય અને કેવી રીતે ફાયદા થાય તે જોઈએ. આ મહામંત્રમાં ફક્ત લૌકિક જ નહીં પરંતુ શારીરિક, માનસિક અને પારલૌકિક સિદ્ધિનો હેતુ પણ સમાયેલો છે તેથી પ્રાકૃતનો 'ण' અક્ષર બોલીને જાપ કરવાથી જે તરંગો ઉત્પન્ન થાય છે તે હવામાં ઉત્પન્ન થયેલા ધ્વનિ તરંગો સાથે મળી ઊર્ધ્વગમન કરી ચૌદલોકમાં વિસ્તરીત થઈ સમષ્ટિને પ્રભાવિત કરે છે અને સાથે સાથે સાધકના આભામંડળને પણ પ્રભાવશાળી બનાવે છે.

'શાશ્વતધર્મ' સામયિકમાં શ્રી વિમલકુમાર ચૌરડિયાના લેખમાં તો ઘણા વિસ્તારથી 'ण' અક્ષર બોલવાથી જાપ કરીએ તો શારીરિક વિજ્ઞાનની દૃષ્ટિએ આપણા શરીરમાં કઈ જાતના ફેરફારો થાય અને શું અસર થાય એ ઘણાં વિસ્તારથી સમજાવ્યું છે. જોકે થોડું ઘણું તો આપણે પણ આગળ જોઈ ગયા. આ 'ण' અક્ષરથી થતા ફેરફારોને લીધે આપણામાં ધીમે ધીમે ઉત્પન્ન થતા ક્રોધ, લાલસા આદિ ભાવો હોય એવો જ સ્રાવ ગ્રંથીઓમાંથી થાય અને એ સ્રાવને અનુરૂપ મનુષ્યનો વ્યવહાર અને આચરણ બને.

શ્રી વિમલકુમારજીએ તેમના લેખમાં શરૂઆતમાં સુંદર શ્લોક (જે નીચે આપેલો છે) ટાંકીને 'ण' અક્ષરનો મહિમા અને 'ण' અક્ષર એટલે શું તે જણાવ્યું છે.

'कुण्डलीत्त्व गता रेखा, मध्यतस्तत ऊधंतः।

वामा दधोगता सैव, पुनरुर्ध्वं गता प्रिय ।।१।।

ब्रह्मोशविष्णु रुपासा, चतुर्वगफलप्रदा ।

ध्यानमस्य णकारस्य प्रवक्ष्यामि च तच्छृणु।।२।।

द्विभुजां वरदां रम्यां भक्ताभीष्ट प्रदा यिनीन्।

राजवि लोचनो नित्यां, धर्मकामार्थ मोक्षदाम् ।।३।।


## 'પ્રબુદ્ધ જીવન' સૌજન્યદાતા માટે વિનંતિ

૨૦૧૦-૨૦૧૧ના વર્ષ માટે કોઈ પણ એક માસના રૂા. ૨૦,૦૦૦/-નું અનુદાન આપી સૌજન્યદાતા બનવા અમે અમારા 'પ્રબુદ્ધ જીવન'ના સુજ્ઞ વાચકોને વિનંતિ કરીએ છીએ.

જ્ઞાનદાન એ ઉત્તમ અને ચિરંજીવ દાન છે.

પોતાના સ્વજનોનું આવા જ્ઞાન કર્મથી તર્પણ કરવું એ જ સાચી શ્રદ્ધાંજલિ છે, અને ભવ્ય તર્પણ છે. ગુજરાતી ભાષા અને તત્ત્વ વિચારની આ ઉત્તમોત્તમ સેવા છે.

સૌજન્યદાતાનું નામ લખાવવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ફોન-૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર સંપર્ક કરવા વિનંતિ.

આપના હૃદયમાં જન્મેલ ભાવને અમારા વંદન.

**પ્રમુખ, શ્રી મું. જૈન યુવક સંઘ**

*જોડાસાંકોના ઘરની અગાસી પર ઢળતી બપોરે હું આંટા મારતો હતો. નમતા પહોરની મ્લાનતામાં સૂર્યાસ્તનો ઉજાસ ભળતાં તે દિવસે આવી રહેલી સંધ્યા મારે મન કોઈ વિશિષ્ટ પ્રકારે મનોહર બની ગઈ. બાજુના ઘરની દીવાલો સુદ્ધાં મારે માટે સુંદર બની ગઈ...સંધ્યા જાણે મારી અંદર જ આવી ગઈ. મારામાંનો 'હું' ઢંકાઈ ગયો. 'હું' ખસી ગયો એટલે જગતને તેના નિજના સ્વરૂપમાં હું જોઈ રહ્યો... એ સ્વરૂપ કદી તુચ્છ નથી... એ આનંદમય અને સૌંદર્યમય છે.*

**–રવીન્દ્રનાથ ટાગોર**

एवं ध्यात्वा ब्रह्मरूपां,

तनमंत्रं दशधा जयेत ।।४।।

इति वर्णोद्वार तन्त्रे।

અર્થ :

આ ત્રણ રેખાઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સ્વરૂપ છે અને ચતુર્વર્ગ રૂપને બક્ષનાર છે અને 'ण'કારના ધ્યાનનો અર્થ સાંભળોઃ બે હાથવાળી, વરદાન આપનારી, સૌંદર્યવાન, ભક્તોને પસંદ ફળ આપનારી, કમલાક્ષી, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનારી છે.

'ण' અક્ષરમાં વચ્ચેના ભાગમાં કુંડલીની રૂપરેખા છે જેની પછી ઉપરની તરફ વળી પાછી એ રેખા ડાબી તરફ જાય છે અને પ્રિયે, પાછી એ ઉપર ગઈ છે. વર્ણો દ્વારા તન્ત્ર અનુસાર णम् પદમાં સર્વે સિદ્ધિ આપનાર શક્તિ વિદ્યમાન છે.

'ण' અક્ષરનો મહિમા જૈન તથા હિન્દુ બંને ધર્મમાં ગવાયો છે. આપણે તો જૈન ધર્મના નવકાર મંત્રમાં 'ण' કે 'ન'ની જ ચર્ચા કરી છે. આટલી ચર્ચા બાદ હું વાચક પર મારા વિચારો પ્રદર્શિત કર્યા બાદ નિર્ણય લેવાનું અને જે યોગ્ય લાગે તે ઉચ્ચાર અથવા અક્ષરનો ઉપયોગ નિયમિત નવકાર મંત્રના જાપમાં અથવા રોજીંદા ઉપયોગમાં લેવાને વિનવું છું.

છેલ્લે ડૉ. રમણભાઈના લેખમાં અંતમાં ટાંકેલા શ્લોકથી આ લેખની પૂર્ણાહુતિ કરીશ.

શ્રી રત્નમંદિર ગણિએ કહ્યું છેઃ

'मंत्र पंच नमस्कार: कल्पकारस्काराधिक:।

अस्ति प्रत्यक्षराष्टाग्रोत्कृष्ट विद्यासहस्त्रक:।।

(પંચ નમસ્કાર મંત્ર કલ્પવૃક્ષથી પણ અધિક પ્રભાવવાળો છે. એના પ્રત્યેક અક્ષર ઉપર એક હજાર અને આઠ મહા વિદ્યાઓ રહેલી છે.)

'ન' અને 'ण' ના તફાવતની ચર્ચા કરી મહામંત્ર સુધી પહોંચ્યા એ નાની સૂની વાત નથી.

*મૃત્યુના વિષયમાં રવીન્દ્રનાથ જેટલું ઊંડું મનન કોઈએ કર્યું નથી, પણ કાદમ્બરીદેવીના મૃત્યુનો શોક રવીન્દ્રનાથને જીવનના અંત સુધી સતાવતો રહ્યો. રવીન્દ્રનાથે કાદમ્બરીદેવીને મૃત્યુ પહેલાં પોતાના ચાર અને મૃત્યુ પછી બે ગ્રંથ અર્પણ કર્યા છે. બીજા કોઈને તેમણે આટલા ગ્રંથ અર્પણ કર્યા નથી.*

✷ ✷ ✷

૬/બી, ૧લે માળે, કૅનવે હાઉસ,
વાડીલાલ પટેલ માર્ગ,
મુંબઈ–૪૦૦ ૦૦૪.
ટે. નં.: ૨૩૮૭૩૬૧૧;
મો.: ૯૮૨૦૫૩૦૪૧૫

## ભીવંડી–ગોકુલનગરમાં સવારની પાઠશાળાનું આયોજન

ભીવંડી-ગોકુલનગરમાં પૂ. ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરિ મહારાજ સાહેબની પાવન નિશ્રામાં પ્રવચનકાર પૂજ્ય પંન્યાસશ્રી મહાબોધિ વિજયજી મહારાજની પ્રેરણાથી છેલ્લા પાંચ મહિનાથી મોર્નિંગ પાઠશાળાનું આયોજન થયું છે.

જેમાં લગભગ ૧૫૦ જેટલા યુવાનો બે પ્રતિક્રમણના સૂત્રોનો સ્વાધ્યાય કરે છે. સવારે ૬-૩૦ થી ૭-૪૫ સુધીમાં ચાલતી આ પાઠશાળામાં સૂત્ર સ્વાધ્યાયની સાથે સાથે અવાર નવાર સામાયિક પ્રતિક્રમણ, યાત્રા પ્રવાસ, તત્ત્વજ્ઞાન, પ્રશ્નોત્તરી અને વિવિધ ભક્તિ અનુષ્ઠાનોના આયોજન થાય છે.

સાથે સાથે છેલ્લા બે-અઢી મહિનાથી એક નવું આયોજન ગોઠવાયું છે. જે છે વિહાર સેવા. શેષકાળ દરમિયાન લગભગ ૪૦ જેટલા યુવાનો વિવિધ સમુદાયના સાધુ-સાધ્વીજી ભગવંતો સાથે ભિવંડીથી ચારે તરફ એકેક મુકામ સુધી ૫૦ થી ૬૦ વખત વિહાર કરી ચૂક્યા છે. આ સેવામાં યુવાનો તેમજ પ્રૌઢો ખૂબ જ ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે.

વર્તમાનમાં વિહાર દરમિયાન આપણા પૂજ્યોના જે રીતે અકસ્માત થઈ રહ્યા છે તેમાંથી બચવાના અનેક ઉપાયોમાંથી એક મહત્ત્વનો ઉપાય છે વિહારમાં શ્રાવકોએ પૂજ્યોની સાથે રહેવું. બેટરી, સિટી વગેરે સાધનો સાથે પૂજ્યોની સાથે કે આગળ પાછળ ચાલવાથી અકસ્માતનો પ્રશ્ન ઘણા ભાગે હલ થશે એમ જણાય છે.

મુંબઈ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતના સંઘો અને યુવાનો જાગૃત થાય અને વિહાર સેવાનો પ્રારંભ કરે એવી સહુને હાર્દિક ભલામણ છે.

# જયભિખ્ખુ જીવનધારા : ૧૮

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[સાહિત્યકારના સર્જનમાં ઘણીવાર એમના અંગત જીવનનું પ્રતિબિંબ ઝીલાય છે. જીવનના વૈવિધ્યસભર અનુભવો એમની કૃતિઓમાં ભિન્ન ભિન્ન રૂપે પ્રગટ થાય છે. ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન કરનાર અને જિંદાદિલીભર્યું જીવન જીવનાર 'જયભિખ્ખુ'ના જીવનની આ ઘટના એક ડરપોક અને વહેમી છોકરાનું એક સાહસિક છોકરામાં કેવી રીતે રૂપાંતર થાય છે તેનો આલેખ આપે છે. સર્જક 'જયભિખ્ખુ'ના કુમારાવસ્થામાં બનેલા પ્રસંગને જોઈએ આ અઢારમા પ્રકરણમાં.]*

## શેરસિંહ બાપુની બહાદુરી!

ઘરના મુરબ્બી પાસે ભીખા ('જયભિખ્ખુ'નું હુલામણું નામ)એ વિદેશી ઘડિયાળ જોયું અને એ જમાનામાં અત્યંત કિંમતી અને દુર્લભ ગણાતું આ ઘડિયાળ ભીખાએ જીદ કરીને જીવની જેમ જાળવવાની શરતે લીધું. ઘડિયાળ પહેરીને સાબરમતી નદીમાં ન્હાવા ગયેલા ભીખાલાલે પીપળાના ઝાડના થડની નાની–શી બખોલમાં આ ઘડિયાળ મૂક્યું. એવામાં અંધારું થતાં પાછા વળવાની ઉતાવળમાં એ લેવાનું ભૂલી ગયો.

ઘેર આવ્યા પછી રાતના ઘેરા અંધકારમાં હાથમાં કડિયાળી ડાંગ સાથે એ ઘડિયાળ લેવા માટે પોતાના ગોઠિયા એવા ખેડૂતના દીકરા જગતની સાથે નીકળ્યો અને રસ્તામાં રીંછનો ભેટો થયો. જગતે ભારે ઝીંક ઝીલી; પરંતુ એ ઘાયલ થતાં ડરપોક ભીખાના મનમાં એકાએક શૂરાતન જાગ્યું અને એણે જીવસટોસટ ખેલીને કડિયાળી ડાંગ રીંછના પાછલા પગે જોરથી ફટકારી અને પછી નીચે પડેલા રીંછ પર બંનેએ ડાંગનો વરસાદ વરસાવ્યો. રીંછ મરણતોલ માર ખાઈને નીચે પડ્યું ને મરી ગયું. ભીખો અને જગત બન્ને થાકીને લોથપોથ થઈ ગયા હતા.

રાતના ત્રણેક વાગી ચૂક્યા હતા અને ભીખાએ ઘેર પાછા ફરવાનો વિચાર કર્યો, ત્યારે ખેડૂતના ભડ દીકરા જગતે કહ્યું, 'અલ્યા! જે ઘડિયાળને માટે આ મોતનો મુકાબલો કર્યો, એનું શું? એને લીધા વિના પાછા જવાય નહીં.'

ભીખાએ કહ્યું, 'દોસ્ત! એ અપશુકનિયાળ ઘડિયાળને યાદ ન કરાવ. હવે એને ભૂલી જા. આટલું જાનનું જોખમ ખેડ્યું તે ઓછું છે?'

'એ વાત તો સાચી, પણ જોખમ માથે લીધા પછી પાછા ફરવામાં હું માનતો નથી. ગમે તે થાય, આ વાંઘાંઓને વીંધીને, નદી કિનારે પહોંચીને ઘડિયાળની તપાસ તો કરવી જ પડે.'

'જવા દે ને. આટલી હિંમત બતાવી તે બસ છે! હિંમતના બહુ પારખા ન હોય! કાકાને હું ચોખ્ખે ચોખ્ખું કહી દઈશ કે ઘડિયાળ ખોવાઈ ગયું છે. તમારે ઠપકો આપવો હોય તો ઠપકો આપો અને મારવો હોય તો મારી નાખો!'

જગત હાથમાં કડિયાળી ડાંગ ઘુમાવતો બોલ્યો, 'અલ્યા, પાગલ, છેક નદીકિનારે જઈને તરસ્યા પાછા આવીએ તે ચાલે! તારે ન આવવું હોય તો અહીં બેસ. હું અબઘડી વાંઘાં–કોતર વીંધી નદીએ પહોંચીને ઝાડની બખોલમાંથી ઘડિયાળ લઈ આવું છું.'

આમ બોલી જગત જમીન પર કડિયાળી ડાંગ ઠોકી આગળ ચાલવા લાગ્યો. ભીખો જગતને જતો જોઈ રહે એવો નહોતો. એણે પણ જગતની સાથે ચાલવા માંડ્યું. બંનેનાં કપડાં ધૂળથી રગદોળાયેલાં હતાં. કપડાં પરથી ધૂળ ખંખેરી. ભીખાની બંડી ફાટી ગઈ હતી અને જગતના આખા શરીરે રીંછના નહોરના ઉઝરડા ઊપસી આવ્યા હતા. આ કશાની પરવા કર્યા વિના આ બંને ગોઠિયા નદી તરફ ચાલ્યા.

રીંછને ધરતી પર ઢાળીને મેળવેલા સાહસભર્યા વિજયના કારણે એમનામાં પ્રબળ ઉત્સાહ હતો. બંનેને એમ લાગતું કે આજે આ આખી દુનિયામાં અમને કોઈ ડરાવી કે હરાવી શકે તેમ નથી. રીંછ પરના વિજયે એમનામાં નવો જુસ્સો અને સંકલ્પ જગાવ્યા હતા. આજ સુધી દિવસે વાંઘાં–કોતરોમાં જતાં ભય પામતો ભીખો હવે આ અંધારી રાતમાં નિરાંતે–નિર્ભય બનીને ચાલતો હતો.

બંને નદીના કિનારે પહોંચ્યા અને પીપળાની બખોલ તપાસી. ઘડિયાળ જેવું મૂક્યું હતું જેવું બિચારું શાંતિથી પડ્યું હતું. માત્ર એ પોતાનું કામ કરતું હતું. ચંદ્રના ઝાંખા અજવાળામાં ભીખાએ ઘડિયાળ જોયું, તો બરાબર રાતના ત્રણ અને પિસ્તાળીસ થયા હતા.

હવે નવી ફિકર પેઠી. ઘેર મા દૂઝણાં (દૂધ આપતું ઢોર)ની સંભાળ લેવા ઊઠે તે પહેલાં પહોંચી જવું પડે તેમ હતું. બંને ઝટપટ નદીકિનારે પહોંચ્યા અને હાથ–મોં ધોયા. એમના શરીર પર લોહીના ડાઘા પડ્યા હતા, એ પણ સાફ કરી નાખ્યા. બંડીઓ કાઢીને ધોઈ નાખી અને પછી લાકડી પર એને ફરફરતી ધજાની જેમ ભરાવીને ઘર તરફ પાછા ફર્યા. જાણે રીંછ પરના એમના વિજયની પતાકા ઉડાડતા ન હોય!

*તેમનાં પત્ની મૃણાલિની દેવી બે મહિના માંદાં રહ્યાં. કૃષ્ણ કૃપલાનીના જણાવ્યા મુજબ રવીન્દ્રનાથે ખૂબ શુશ્રુષા કરી. વીજળી નહોતી તેથી હાથે પંખો નાંખતા રહ્યા. કૃષ્ણ દત્ત અને એન્ડ્રુ રોબિન્સને શુશ્રૂષાની આવી વાતનો પ્રતિવાદ કર્યો છે. રથીન્દ્રનાથે લખ્યું છે કે રવીન્દ્રનાથની આંતરિક શાંતિ કોઈ બાહ્ય શોકાર્ત ઘટનાથી વિચલિત થતી નહીં.' પત્નીના મૃત્યુ પછી તે નવા ઉત્સાહથી શાંતિનિકેતનના કામમાં લાગી ગયા.*

બંને ઝડપથી ચાલતા હતા, ત્યાં રીંછ સાથેની 'યુદ્ધભૂમિ' આવી. ચંદ્રના પ્રકાશમાં આશ્રય આપનારા વૃક્ષની ઊંચી ડાળે કંઈક માખીઓ જેવું ઊડતું હતું. એ તરફ જગતે સહેજ ઊભા રહીને ધ્યાનપૂર્વક જોયું. ભીખો અકળાયો. એને થયું કે હવે જલ્દી ઘરે પહોંચવાનું છે, ત્યાં વળી આ નવી પંચાત શાની? એણે વૃક્ષની ઊંચી ડાળને એક ધ્યાને જોતા જગતને જરા ઢંઢોળ્યો, એટલે જગત બોલી ઊઠ્યો,

'ભીખા, આ રીંછ આ ઝાડ પર કેમ ચઢ્યું એનું કારણ તું જાણે છે? આખરે એનો ભેદ ખૂલી ગયો.'

'હા, મારા મનમાં પણ સવાલ હતો. એ વાત ઘોળાતી હતી કે ન જાણ, ન પિછાન! આ રીંછ સાથે આપણે કોઈ સંબંધ નહોતો, છતાં આપણે જે ઝાડ પર ચઢીને બેઠા હતા, એ જ ઝાડને એણે કેમ પસંદ કર્યું?'

'બસ, હવે એનો તાળો મળી ગયો. ઝાડની ઊંચી ડાળી પર જરા ધ્યાનથી જોઈશ એટલે ખ્યાલ આવી જશે. એના પર મધપૂડો છે અને આ રીંછભાઈ મધના ભારે શોખીન હોય છે. એ રોજ અહીં આ મધનો ચટાકો કરવા આવતા હશે.'

ભીખાએ કહ્યું, 'પણ મધમાખીઓ એને હેરાન-પરેશાન ન કરે. એના ડંખ તો બહુ કાતિલ હોય છે અને જો બધી મધમાખી એકસામટી તૂટી પડે, તો ભલભલા આદમીને પણ ફોલીને ખાઈ જાય. ભીખાએ મધમાખી વિશેનું ઊંડું જ્ઞાન પ્રગટ કર્યું અને એ જગતને બતાવવા ચાહતો હતો કે એને પણ પશુ-પંખીની ઘણી બાબતોની જાણકારી છે.

જગત બોલ્યો, 'તારી વાત સાવ સાચી; પરંતુ મધમાખીનો ડર આપણને લાગે, રીંછને નહીં. રીંછના શરીર પર જથ્થાબંધ ઘાટા કાળા રંગના જાડા વાળ હોય છે એટલે માખી એને ડંખ મારી ન શકે. આપણા ગામનો ગબલો પણ વાળનો કામળો ઓઢીને આખા ને આખા મધપૂડા ઉપાડી લાવે છે, એ તે નથી જોયું? રીંછને તો ભગવાને જ કામળાની ગરજ સારે એવા વાળ આપ્યા છે.'

ભીખાએ કહ્યું, 'દોસ્ત! હવે આ રીંછપુરાણ બંધ કરીશ? એ તો ક્યારનુંય મરી ગયું; પરંતુ હજી તારા મનમાંથી ગયું નથી. જો રાત વીતતી જાય છે અને ઘેર મોડા પડ્યા તો આપણું આવી બનશે એટલે ચર્ચા કરવાનું છોડીને ઝડપથી દોડીએ.'

રાતના આકાશમાં હરણી (મૃગશીર્ષ, આકાશમાં ઊગતું નક્ષત્ર) થોડે દૂર હતી. બંને મિત્રો દોડતા જાય અને હાંફતા જાય. નવું ચેતન આવ્યું હોય એમ લાગ્યું. એનું એક કારણ એ કે રીંછના રામ રમાડી દીધા હતા અને બીજું કારણ એ કે અંતે ઘડિયાળ લઈને પાછા આવ્યા.

ભીખાના મનમાં તો કોઈ સામ્રાજ્ય પર વિજય મેળવ્યો હોય એવો ભાવ રમતો હતો. બંને ઘેર પહોંચ્યા અને ચૂપચાપ પરસાળ (ઓસરી)માં પડેલા ખાટલા પર ઊંઘી ગયા. થાક એવો લાગ્યો હતો કે ખૂબ ઘેરી ઊંઘ આવી ગઈ.

સવાર પડી, સૂર્યનારાયણ પણ ક્ષિતિજથી ઊંચે આવી ગયા, ત્યારે ગોઠિયા નારણે આવીને બંનેને ઢંઢોળ્યા. એમને જગાડવાનું કારણ એ કે નારણ પોતે એક રોમહર્ષક સમાચાર લઈને આવ્યો હતો. એને સનસનાટીપૂર્ણ સમાચારો દોડી દોડીને સૌને પહોંચાડવાનો શોખ હતો. બંનેને ભર ઊંઘમાંથી ઢંઢોળ્યા અને હજી એ આંખો ચોળીને પૂરા જાગ્રત થાય, તે પહેલાં નારણે એમને સમાચાર આપ્યા.

'અલ્યા ઊંઘણશીઓ! ક્યાં સુધી ઊંઘશો? અમે પેલા ગોઝારા (હત્યારા) કૂવે જઈએ છીએ. શેરસિંહ ફોજદારે ભારે બહાદુરીથી એક રીંછને માર્યું છે. ચાલો જોવું હોય તો અમારી સાથે. બહાદુરી શી ચીજ છે એનો ખ્યાલ આવશે.'

શેરસિંહ ફોજદારને વળી રીંછ ક્યાંથી મળ્યું? કેવી રીતે એમને એનો ભેટ થયો? આ અંગે તો નારણે ગામમાં ફેલાયેલી વાત કરી એટલે જગત અને ભીખાને ખાતરી થઈ ગઈ કે આ આપણે મારેલું રીંછ જ શેરસિંહ ફોજદારે ફરી માર્યું. વાહ, બાપુની તે કેવી મર્દાનગી! જીવતાને મારનારા બહાદુર કહેવાય; પરંતુ મરેલાને મારનારા તો આપણા એકલા શેરસિંહ ફોજદાર જ. જગતથી પુછાઈ ગયું, 'અરે નારણ! આ ફોજદાર સાહેબે મરેલા રીંછને માર્યું છે કે જીવતાને.'

'મરેલાને મારવામાં શી મર્દાઈ? તમે બંને સાવ ગાંડા થઈ ગયા છો. આખું ગામ આ જોવા જાય છે. હું પણ ચાલ્યો અને તમારે આવવું હોય તો ચાલો.'

આટલું કહીને નારણ પોતાના બીજા મિત્રો સાથે શેરસિંહ બાપુની બહાદુરી નજરોનજર જોવા ગયો. શેરસિંહ બાપુ ગામ વચ્ચે ચોરે બેસી મૂછોની વળ ચઢાવી કહેતા હતા,

'અરે! સવારે પાસેના ગામથી પાછો આવતો હતો અને સામે આ રીંછ મળ્યું. જોતજોતામાં એના રામ રમાડી દીધા. ભાઈ, આવા જબરા રીંછને મારવું એ કંઈ છોકરાના ખેલ નથી.'

*વિશ્વના દેશોને જોડનારા કેન્દ્ર તરીકે શાંતિનિકેતનને ઉપસાવવું એવી રોમાંચક કલ્પના, અમેરિકા હતા ત્યારે, રવીન્દ્રનાથને આવી હતી. ૧૯૧૬ના ઑક્ટોબરનો એ સમય. રવીન્દ્રનાથ દક્ષિણ કેલિફોર્નિયામાં હતા. એક સવારે ફરવાનો મુડ થઈ આવ્યો. લોસ એન્જેલસ નજીકના દરિયાકિનારે ટહેલવા નીકળી પડ્યા. પાછા ફરતાં રસ્તામાં ફળોની મનોહર વાડી પર નજર પડી. રવીન્દ્રનાથ ઊભા રહી ગયા. સંતરાનાં વૃક્ષોની સુગંધથી વાતાવરણ તરબતર હતું. રવીન્દ્રનાથને ધ્યાન ધરવાનું મન થઈ આવ્યું. વૃક્ષોની ઝાડી વચ્ચે હરિયાળીમાં રવીન્દ્રનાથ ધ્યાનમાં બેસી ગયા. તે વખતે શાંતિનિકેતનને વિશ્વવિદ્યાલય બનાવવાનો વિચાર સ્ફુર્યો.*

*શાંતિનિકેતન કલકત્તાની ઉત્તર-પશ્ચિમે ૧૬૦ કિ.મી. જેટલું દૂર છે. નજીકનું સ્ટેશન બોલપુર છે. બોલપુરથી શાંતિનિકેતન ત્રણેક કિ.મી. છે.*

ખરેખર શેરસિંહ બાપુની વાત સાચી હતી. સૌ છોકરાંઓએ કબૂલ કર્યું. ભીખા અને જગતે પણ એની વાત સ્વીકારી, કારણ કે શેરસિંહ બાપુના પરાક્રમનો ભેદ ભાંગવામાં પિતાની શિક્ષાનો એમને ભારે ભય હતો.

જગત અને ભીખાને આખા શરીરે ખૂબ કળતર થતું હતું. ઊઝરડાની વેદના પણ શમી નહોતી, આથી એ ફરી ખાટલામાં આડા પડ્યા.

શેરસિંહ બાપુએ તો એ રીંછને ખેંચી મંગાવી, એને સાફ કરીને મસાલો ભરીને ચોરામાં રાખ્યું. એ ચોરામાંથી જગત અને ભીખો જ્યારે નીકળતા, ત્યારે શેરસિંહ બાપુની છટાથી પરસ્પર એકબીજા સામે જઈને કહેતા,

'આ જબરા રીંછને મારવું એ કંઈ છોકરાંના ખેલ નથી.' આટલું બોલીને બંને મિત્રો ખડખડાટ હસી પડતા! (ક્રમશઃ)

✷ ✷ ✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

---

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન : ૧૯

❑ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

### નવદશ પ્રકરણ : શ્રેણિકાદિ સ્તુતિ

'શ્રી મહાવીર જૈન ગીતા'માં જે છેલ્લાં છ સ્વતંત્ર પ્રકરણ છે તેમાં તૃતીય પ્રકરણ 'શ્રેણિકાદિ સ્તુતિ' છે. આ પ્રકરણમાં ૧૭ શ્લોકો છે.

ભગવાન મહાવીરના સમયના મહાન રાજવીઓ, શ્રેણિક તથા ઉદાયન તથા ચંડપ્રદ્યોત તથા ચેટક વગેરે આ પ્રકરણમાં પ્રભુની સ્તુતિ કરે છે.

'શ્રી મહાવીર જૈન ગીતા'ની રચના યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કરે છે ત્યારે તેમાં તેમની એક વિરલ સર્જક તરીકેની ઓળખ સ્થાપિત થાય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સર્જકદૃષ્ટિ, રચનાશૈલી, અને ભક્તિભાવના સતત ધ્યાનાર્હ બની રહે છે.

મહારાજા શ્રેણિક, મહારાજા ઉદાયન, મહારાજા ચંડપ્રદ્યોત, મહારાજા ચેટક વગેરે ક્ષત્રિય રાજવીઓ તે સમયના ભારતવર્ષના મહાન રાજાઓ હતા. સૌએ જ્યારે જ્યારે અનુકૂળતા પ્રાપ્ત થઈ ત્યારે પ્રભુના દર્શન, વંદન, ભક્તિ ઈત્યાદિ શ્રદ્ધાપૂર્વક કર્યા અને ધર્મલાભ મેળવ્યો. મહારાજા શ્રેણિકનું નામ ભગવાન મહાવીર સાથે અનેક ઘટનાઓમાં ઉલ્લેખાયું છે. આગમ ગ્રંથોમાં પણ રાજા શ્રેણિકનો ઉલ્લેખ વારંવાર નિહાળવા મળે છે.

રાણી ચેલ્લણાની પ્રેરણાથી અને અનાથી મુનિના નિમિત્તે રાજા શ્રેણિક ભગવાન મહાવીરના સંપર્કમાં આવ્યા. એ પછી તેમનું જીવનપરિવર્તન થયું. જીવન ધર્મમય થયું. પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા પ્રગાઢ બની. ક્ષાયક સમ્યક્ત્વની, તીર્થંકર નામકર્મની પ્રાપ્તિ થઈ. ધર્મીજીવ જેની પ્રતિપળ ઝંખના કરે છે અને આ અલભ્ય પ્રાપ્તિ કવચિત્ જ પ્રાપ્ય બને છે તે, રાજા શ્રેણિકને મળ્યું. એ અદ્ભુત સુખ મળશે તે માટે રાજા શ્રેણિકનું અંતર તૈયાર હશે તેમ માનીએ તો પણ, તે માટે તેણે કોઈ વિશિષ્ટ પુરુષાર્થ કર્યો હોય તેવી ઘટના તેના જીવનમાં બની નથી. રાજા શ્રેણિકે જેને અપૂર્વ કહી શકાય તેવો શ્રદ્ધાભાવ, પ્રભુ પ્રત્યે કેળવ્યો અને તેના પરિણામ રૂપે તેને, શ્રાયક સમ્યક્ત્વ તથા તીર્થંકર નામકર્મની સંપ્રાપ્તિ થઈ. ભક્ત ભગવાન પાસેથી આવું અપૂર્વ વરદાન મેળવે ત્યારે તેના આત્માના શિખર પર જે ભાવનાનો કળશ ચઢે તે કેવો દર્શનીય બની રહે!

મહારાજા ઉદાયન, ભગવાન મહાવીરના શાસનના અંતિમ રાજર્ષિ છે. પ્રભુ મહાવીર સ્વયં, મંત્રી અભયકુમારને, ઉદાયન અંતિમ રાજર્ષિ બનશે તેવો નિર્દેશ કરે છે. સાધુપદ પામ્યા પછી, દ્વેષબુદ્ધિથી, જીવનના અંતિમ સમયે તેમને ઝેર અપાયેલું. કાતિલ પીડાની વચમાં તેમણે અખૂટ સમતા દાખવી અને આત્મકલ્યાણ પામ્યાં.

રાજાઓ અને ભોગવિલાસનો સંબંધ પ્રગાઢ છે. મહારાજા ચંડપ્રદ્યોત રાણી મૃગાવતીના રૂપથી આકર્ષિત થઈને યુદ્ધે ચઢેલા. રૂપ અને

*આવા શાંતિનિકેતનમાં ૨૧ ડિસેમ્બર ૧૯૦૧ના દિવસે પાંચ વિદ્યાર્થીઓ સાથે રવીન્દ્રનાથે તેમની તપોવન-શાળાનો પ્રારંભ કર્યો. તેને નામ આપ્યું, 'બ્રહ્મચર્ય આશ્રમ'. ચાર વિદ્યાર્થીઓ કલકત્તાથી આવેલા, પાંચમા હતા રથીન્દ્ર. બધા વિદ્યાર્થીઓએ લાલ અબોટિયાં ને ઉત્તરીય ધારણ કર્યાં હતાં. રવીન્દ્રનાથે ગાયું,*

*અમે થઈએ છીએ સત્યને સમર્પિત...*

*પાંચ વિદ્યાર્થીઓ માટે એક ઋષિ આચાર્યને બદલે પાંચ શિક્ષકો હતા-જેમાંના ત્રણ ખ્રિસ્તી હતા.*

*શિક્ષણકાર્ય ને રહેવા-જમવા માટે કોઈ ફી નહોતી રાખી. તેમ છતાં પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ આવતા નહોતા. (પાછળથી ફી દાખલ કરવામાં આવી હતી.)*

*બેએક વર્ષ શાંતિનિકેતનમાં રહી અભ્યાસ કરનાર સત્યજિત રેના શબ્દોમાં: 'શાંતિનિકેતનમાં બીજું કશું હોય કે ન હોય, પરંતુ તદ્દન શુષ્ક અને સાવ સંસારી-વ્યવહારી માણસમાં પણ ધ્યાન-ચિંતન પ્રેરવાની અને તેને અદ્ભુત વિસ્મય-ભાવનાથી ભરી દેવાની અજબ આંદોલન-શક્તિ શાંતિનિકેતનના વાતાવરણમાં છે.'*

વાસનાના કામણમાં બુદ્ધિ બહેર મારી જતી હોય છે. રાણી મૃગાવતીએ ચતુરાઈથી રાજા ચંદ્રપ્રદ્યોત પાસેથી છૂટકારો મેળવીને ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈ લીધી. અત્યંત પરાક્રમી રાજા ચંડપ્રદ્યોત ઘા ખાઈ ગયો. તેની શાન ઠેકાણે આવી. તેણે પ્રભુ મહાવીરનો સંપર્ક જાળવીને ભક્તિના પંથે પ્રયાણ કર્યું અને આત્મકલ્યાણ પ્રાપ્ત થયું.

રાજા ચેટકને જૈન ઈતિહાસ અપૂર્વ શક્તિશાળી, યુદ્ધ કૌશલ્યના નિષ્ણાત તરીકે ઓળખે છે. સાંસારિક સંબંધમાં રાજા ચેટક ભગવાન મહાવીરના મામા થાય છે. આમ તો, રાજા ઉદાયન અને રાજા ચંડપ્રદ્યોત પણ પ્રભુ મહાવીર સાથે સાંસારિક સંબંધ ધરાવે છે. આ બંને રાજાઓ, રાજા ચેટકની પુત્રીઓને પરણેલા તેથી તે પ્રભુના બનેવી થાય છે.

વૈશાલીના રાજા ચેટકના માટે એવી અનોખી ઐતિહાસિક નોંધ મળે છે કે તે ગમે તેવા યુદ્ધમાં દિવસમાં માત્ર એક જ વાર ધનુષ હાથમાં લેતા અને એક જ બાણ ફેંકતા! વળી, તેમનું નિશાન પણ અચૂક રહેતું!

રાજા ચેટક પ્રભુ મહાવીર દેવના સાંનિધ્યમાં ગયા અને આત્મકલ્યાણ પામ્યા.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી આ ચાર રાજાઓએ પ્રભુની સ્તુતિ કરી તેવું પ્રકરણ મૂકે છે. એમ લાગે છે કે આ ચાર રાજાઓ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના પ્રતીક છે. રાજા શ્રેણિકના જીવનમાં સમ્યક્ દર્શનનો પ્રભાવ છે, રાજા ઉદાયનના જીવનમાં સમ્યક્ જ્ઞાનનો પ્રભાવ છે, રાજા ચંડપ્રદ્યોતના જીવનમાં સમ્યક્ ચારિત્રનો પ્રભાવ છે અને રાજા ચેટકના જીવનમાં સમ્યક્ તપનો પ્રભાવ છે.

ભગવાન મહાવીરની આજ સુધીમાં રચાયેલી પ્રત્યેક સ્તુતિમાં પ્રભુનું ગુણકીર્તન નિહાળવા મળે છે તેવું જ અહીં પણ છે.

પ્રભુના સ્તવનનો, સ્તુતિનો પ્રભાવ અપરંપાર છે. પ્રભુના ઉપકારનો તો આપણે શું બદલો વાળી શકીએ? પ્રભુનું ગુણકીર્તન કરીએ તેજ શ્રેષ્ઠ ઉપાય. પરંતુ એ સમયે પણ જાણે આપણને તો પ્રભુનો અહેસાન પ્રાપ્ત થાય છે! જેમ જેમ પ્રભુનું ગુણવર્ણન કરીએ તેમ તેમ આપણું ભીતર પણ સુખ પામે, ગુણ પામે, આનંદ પામે. આ પણ પ્રભુનો જ ઉપકાર થયો ને! પ્રભુની ભાવવાહી સ્તુતિ ગાયકને પણ ભાવમય બનાવી મૂકે. જે ગુણોનું કથન થાય તેવા જ ગુણો પામવા હૃદય તડપે. એટલું જ નહિ, શ્રી યશોવિજયજી મહારાજ એક સ્તવનમાં કહે છે તેમ, 'જસ ગુણકથા ભવવ્યથા ભાંજે!'–પ્રભુના ગુણોની કથા આપણો ભવસંસાર ઘટાડી દે છે! હૃદયમાંથી સાચી આરત જાગે તો આમ જરૂર બને. પ્રખ્યાત જૈન કવિવર શ્રી ઉદયરત્નજીનો અનુભવ સ્મરણીય છે. વિ. સં. ૧૭૫૦માં શંખેશ્વરજી તીર્થમાં સંઘ સાથે પહોંચ્યા ત્યારે ત્યાંના ઠાકોરે પ્રભુની પ્રતિમા તેના કબજામાં હતી તેથી, પ્રભુના દર્શનનો tax માંગેલો! પં. ઉદયરત્નજી કહે કે પ્રભુના દર્શનના કર ન હોય! એમણે ખરા દિલથી 'પાસ શંખેશ્વરા! સાર કર સેવકાં, દેવ કાં એવડી વાર લાગે?'–વાળું ભક્તિમય સ્તવન લલકાર્યું અને તત્ક્ષણ પ્રભુના પ્રગટ દર્શન થયેલા!

'શ્રી જૈન મહાવીર ગીતા'માં આવતી 'શ્રેણિકાદિ સ્તુતિ' આ સ્વરૂપે જોવાની છે. રાજાઓ નતમસ્તકે પ્રભુના ગુણ ગાય છે, પ્રભુના પદકમળ પૂજે છે, પ્રભુ જેવા થવા માંગે છે – એ ભાવ આ સ્તુતિનો પ્રાણ છે. 'શ્રેણિકાદિ સ્તુતિનો પ્રારંભ આમ થાય છેઃ

श्रेणिकोदायिनौ चण्डप्रद्योतनश्च चेटकः।
प्रणम्य श्री महावीरं, स्तुवन्त्येवं विवेकतः।।
धर्मोद्धारक! देवेश! महावीर! महाप्रभो।
सर्ववीरेषु वीरस्त्वं, सर्वयोगप्रदर्शक!।।
क्षात्रवंशशिरोरत्नं, पूर्णब्रह्म गुरुः प्रभुः।
सर्वज्ञायकतीर्थेशो, भवत्सेवा सदाऽस्तु नः।।
सर्ववर्णाधिकारेण, जिनधर्मस्त्वयोदितः।
प्रोक्तानि स्वाऽधिकारेण, कर्माणि सर्वदेहिनाम् ।।
कलौ त्वच्छासनं सर्वविश्वाऽऽधारतया स्थितम् ।
त्वदाज्ञायां स्थितो धर्मः, श्रद्धया सुखकारकः।।

('શ્રી જૈન મહાવીર ગીતા' ગાથા ૧,૨,૩,૪,૫)

**'શ્રેણિક, ઉદાયિન, ચંડપ્રદ્યોત અને ચેટકે શ્રી મહાવીરને નમસ્કાર કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.'**

**'હે ધર્મોદ્ધારક દેવેશ, મહાવીર, મહાપ્રભુ તમે સર્વવીરોમાં વીર અને સર્વયોગ પ્રદર્શક છો.'**

**'તમે ક્ષાત્રવંશના શિરોરત્ન જેવા, પૂર્ણબ્રહ્મ, પ્રભુ, ગુરુ, સર્વજ્ઞાયક, તીર્થેશ છો. તમારી સેવા અમે કરીએ.'**

*શાંતિનિકેતન વિકસાવવા માટે પુષ્કળ પૈસાની જરૂર રહેતી. મિત્ર જગદીશચંદ્ર બોઝને લંડન ભણવા મૂક્યા હતા. તેના ખર્ચનો બોજો ઉપાડવાનું રવીન્દ્રનાથે સ્વીકાર્યું હતું, તે જવાબદારી પણ હતી. એકમાત્ર ત્રિપુરાના મહારાજાએ આર્થિક મદદ કરી. મૃણાલિનીદેવી પતિની પડખે ઊભાં રહ્યાં. તેમનાં ઘરેણાં રવીન્દ્રનાથે તેમની બહેનને વેચી દીધાં. જગન્નાથપુરીની એક કોઠી પણ રવીન્દ્રનાથે વેચવી પડી. તે સમય સુધીના તેમના લખાણોની લગભગ ૧૩૦૦ પાનાંની સમગ્ર સાહિત્યની આવૃત્તિના હક તેમણે રૂ. ૨૦૦૦/- જેટલી મામૂલી રકમમાં પ્રકાશકને આપી દેવા પડ્યા. આ રીતે રવીન્દ્રનાથ ઝઝૂમ્યા, ઝૂક્યા નહીં.*

*૧૯૧૫માં રવીન્દ્રનાથ પર બ્રિટિશ સલ્તનતે 'નાઈટહૂડ'ના સરપાવની નવાજેશ કરી. કવિ 'સર રવીન્દ્રનાથ ટાગોર' બન્યા.*

*જલિયાંવાલા બાગની ઘટનાને પગલે ૧૯૧૯માં રવીન્દ્રનાથે પોતાને મળેલા ઈલ્કાબનો ત્યાગ કર્યો.*

**'તમે સર્વવર્ણના અધિકાર વડે જીત-ધર્મ ઉપદેશ્યો છે. સ્વ અધિકાર વડે સર્વલોકોના કાર્યો કહ્યાં છે.'**

**'કલિયુગમાં તમારું શાસન સર્વવિશ્વના આધારથી સ્થિર છે. તમારી આજ્ઞામાં શ્રદ્ધા વડે તમારો ધર્મ સ્થિર છે.'**

ઉપર કહ્યું તેમ આ સંપૂર્ણ સ્તુતિ ભાવમય સ્તુતિ છે. વ્યક્તિ જ્યારે કોઈથી અંજાય છે ત્યારે હાથ જોડે છે પરંતુ ભક્ત જ્યારે કોઈ પાસેથી ગુણ પામે છે ત્યારે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે અને હંમેશાં તેના પદકમળ પૂજે છે. એમાં પણ સ્વયં ભગવાનનો ભેટો થઈ જાય પછી તો પૂછવું જ શું ?

મહારાજા શ્રેણિકની ભક્તિ અને શ્રદ્ધાની પ્રશંસા તો આગમ ગ્રંથોમાં પણ નિહાળવા મળે છે. પ્રભુ પ્રત્યે રાજા શ્રેણિક વગેરે અનેક રાજાઓને અપાર ભક્તિ અને શ્રદ્ધા સૂર્ય સાથે જેમ પ્રકાશ જોડાઈ જાય તેમ આત્મા સાથે જોડાઈ ગયા હતા. ભગવાન મહાવીરનું સર્વકલ્યાણકારક જીવન અને સર્વજીવઉદ્ધારક ધર્મતત્ત્વ સર્વલોકોને હંમેશાં આકર્ષક રહ્યું છે. વળી તે સમયમાં તો સ્વયં ભગવાન વિદ્યમાન હતા એટલે સૌને અનહદ આકર્ષણ થાય અને શ્રદ્ધા જાગે તે તદ્દન સ્વાભાવિક હતું. ભગવાન મહાવીરની સાથે તેમના ચતુર્વિધ સંઘમાં રાજાઓ, રાણીઓ, મંત્રીઓ, શ્રેષ્ઠિઓ, મહિલાઓ સર્વે નાત-જાતના ભેદ તોડીને જોડાયા અને આત્મકલ્યાણ પામ્યા. સમગ્ર ભારતમાં તે સમયે આ અલૌકિક ઘટના હતી કેમકે ભગવાન એમ કહેતા હતા કે સર્વ જીવોને મોક્ષ પામવાનો અધિકાર છે. અને મા પાસે જેમ બાળકો ઘેરીને બેસી જાય તેવી જ રીતે આ ચતુર્વિધ સંઘ પણ સમવસરણમાં બારે પર્ષદારૂપે બિરાજમાન થતો હતો અને તે સમયે ભગવાન પાસેથી સૌને જે તત્ત્વની અમૃતધારા મળતી હતી તે ભગવાનના ભક્ત બનાવી દેવા માટે સમર્થ હતી. શ્રેણિક વગેરે રાજાઓના દિલમાંથી જે સ્તુતિ પ્રકટ થઈ છે તે આ ભક્તિનું પ્રતિબિંબ છે.

થોડાંક શ્લોકાર્થ જોઈએ :

**સર્વ ધર્મોમાં આત્મામાં અભેદ છે. જગતમાં તારા વચનમાં શુભ આસક્તિ સુખ આપે છે.'**

**'જે યોગો ક્ષાત્રધર્મને હિતકારક છે, તે યોગોથી ભ્રષ્ટ થયેલા પુરુષો અને સ્ત્રીઓ દુ:ખી થાય છે.'**

**'તમારા નામ વડે સર્વ પાપો અને દુર્મતિ પલાયન થઈ જાય છે. તમારા નામની સ્મૃતિ માત્રથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે.'**

**'ૐ અર્હમ, તમે મહાવીર, તું સર્વ દેહીઓનો આધાર છે. તું દેવ દેવીઓનો પાલક છે. તું શુદ્ધ આત્મા છે. હૃદયમાં રહેલો છે.'**

**'તું પરબ્રહ્મ, પરિપૂર્ણ, યોગેશ, અર્હન્, સદાશિવ છે. ક્ષાત્રધર્મને ફેલાવીને કલેશ રાશિનો નાશ કરનાર છે.'**

**'તું ત્રણે ભુવનમાં બ્રાહ્મણ વગેરે પ્રભુનો આધાર છે. તું સદાશિવ છે. સર્વ વિશ્વના જીવોનો આધાર છે.'**

**'તું સર્વ જીવોનો આધાર છે. તારી ભક્તિથી પરમ પદ મળે છે. તારા કહ્યા પ્રમાણે લોકો તેને પામે છે અને પામશે.'**

**'ધર્મના ઉદ્ધાર વડે હિંસા, દુષ્ટ દોષો વગેરેને નાશ કર્યા છે. મોહ ગર્ભિત પાખંડોને સત્યજ્ઞાન વડે નાશ કર્યા છે.'**

**'તું પરવ્યક્ત, વિશુદ્ધાત્મા છે. જૈનધર્મ શિરોમણિ છો. તારી આજ્ઞાથી સર્વ દોષો વિલીન થઈ જાય છે.'**

**'આર્યાવર્ત વગેરે દેશોનો તું દ્યોતક છે. કર્મયોગીઓ શિર ઉપર તારી આજ્ઞા ધારણ કરે છે.'**

**'તું ઈન્દ્રિયોથી અગોચર છે. વાણીથી કહી શકાય તેમ નથી. શ્રી મહાવીર અમને તારો પ્રકાશ પૂર્ણ ભક્તિથી પ્રાપ્ત થાઓ.'**

**'હે મહાવીર, તું જય પામ. તારી ભક્તિનો અમે આશ્રય કર્યો છે. જૈન ધર્મના પ્રકાશથી સર્વનું મંગલ થાઓ.'**

('શ્રી મહાવીર જૈન ગીતા' ગાથા ૭ થી ૧૭)

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની આ 'શ્રેણિકાદિ સ્તુતિ'નો ભાવ સ્પષ્ટ છે. આપણને પણ જેમાંથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેવી પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા પ્રકટ થાઓ !

**(ક્રમશ:)**

**આચાર્ય શ્રી વાત્સલ્યદીપ મહારાજ સાહેબ,**
જૈન ઉપાશ્રય, ક્લબ હોલની ઉપર, સુધા પાર્ક, શાંતિપથ, ગારોડિયાનગરની બાજુમાં, ઘાટકોપર (પૂર્વ)
મો. ૯૭૬૯૯૫૭૩૯૩

*ભર્યાભર્યા કુટુંબમાં રવીન્દ્રનાથનું બાળપણ અને કિશોરજીવન વીત્યું હતું. બાર-બાર ભાઈ-બહેનો, ભાભીઓ, પિતરાઈઓ અને સંતાનોનો સહવાસ માણ્યો હતો. પ્રવૃત્તિઓ અને પ્રવાસોથી જીવન સભર હતું. પણ જીવનયાત્રામાં આગળ ચાલતા ગયા તેમ એકલતા વીંટળાતી ગઈ. તેનું મુખ્ય કારણ આપ્તજનોનાં મૃત્યુઓનો અનુભવ. બાળપણમાં માતા ગુમાવ્યાં. પછી વજ્રાઘાત અનુભવ્યો ભાભી કાદમ્બરીદેવીના મૃત્યુનો. સમાનધર્મા સખ્ય પૂરું પાડનાર કાદમ્બરીદેવી વિદાય થયાં ત્યારે રવીન્દ્રનાથની ઉંમર ત્રેવીસ વર્ષની. ત્યાર પછી મૃત્યુની ઘટના સદાસર્વદાના સાથી તરીકે રવીન્દ્રનાથ સાથે ચાલતી રહી. આત્મીયજનો મૃત્યુ પામતાં રહ્યાં. ફૂલ જેવાં કુમળાં-કુમળાં પ્રાણપ્રિય સંતાનો અકાળે ખરતાં ગયાં. રવીન્દ્રનાથના નિજી કુટુંબમાંથી ૧૯૦૨માં પત્ની મૃણાલિનીદેવી, એક જ વર્ષ પછી ૧૯૦૩માં વચેટ પુત્રી રેણુકા (રાણી), ચાર વર્ષ પછી ૧૯૦૭માં નાનો પુત્ર શમીન્દ્ર, ૧૯૧૮માં મોટી પુત્રી માધુરીલતા (બેલા) અને ૧૯૩૨માં દોહિત્ર નીતીન્દ્ર-એક પછી એક એ બધાંએ વિદાય લીધી. બાકી રહેલાં બંને સંતાનો રથીન્દ્રનાથ અને મીરાં નિ:સંતાન. રવીન્દ્રનાથ જોઈ શક્યા હશે કે તેમનું વ્યક્તિગત કુટુંબ નામશેષ થવાનું, કારણ કે રથીન્દ્ર કે મીરાંને હવે બાળકોનો સંભવ નહોતો. એટલે જ કદાચ નીતીન્દ્રના મૃત્યુ-સમયે એમણે મૃત્યુને આઘાત, વજ્રપાત, ઉત્પાત તરીકે વર્ણવતું 'મૃત્યુંજય' કાવ્ય લખ્યું. જોકે તે કાવ્યમાંય મનુષ્યને મૃત્યુ કરાતાં મોટો કહ્યો છે:*

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(એપ્રિલ ૨૦૧૦ના અંકથી આગળ)

૬૨૨. નારાચ : છ પ્રકારના સંઘયણમાં નારાચ ત્રીજું સંઘયણ.
छ प्रकार के संहनन में नाराच तीसरा संहनन।
Out of the six types of Samhanana Naraca is third type of Samhanana.

૬૨૩. નાશ : નષ્ટ થવું.
नष्ट होना।
Destruction.

૬૨૪. નિઃશલ્ય : જે શલ્યરહિત હોય તે નિઃશલ્ય.
जो शल्यरहित है वो निःशल्य।
Spiritual enjoyment.

૬૨૫. નિઃશીલત્વ : જે શીલથી રહિત છે તે નિઃશીલતવ.
जो शील से रहित होना है वो निःशीलत्व।
To be devoid of sila.

૬૨૬. નિઃશ્રેયસ : આધ્યાત્મિક સુખનું સાધન.
आध्यात्मिक सुख का साधन ।
Spiritual enjoyment.

૬૨૭. નિઃશ્વાસ : બહાર કાઢવામાં આવતો શ્વાસ.
बहार निकाला जानेवाला वायु।
Out-breath.

૬૨૮. નિઃશ્વાસવાયુ : પ્રાણ.
आत्मा द्वारा उदर से बाहर निकाला जानेवाला वायु (प्राण)।
Prana-that is, out-breath which is soul expels outwards from the abdomen

૬૨૯. નિઃસૃતાવગ્રહ : સંપૂર્ણ રીતે આવિર્ભૂત પુદ્ગલોનું ગ્રહણ.
सम्पूर्णतया आविर्भूत पुद्गलों का ग्रहण 'निःसृतावग्रह' है।
That grasping a thing as mixed with alien properties is nisrita-grasping avagraha.

૬૩૦. નિકાય : અમુક સમુહ જેટલે જાતિ.
समूह विशेष या जाति को निकाय कहते है।
Group of species.

૬૩૧. નિક્ષેપ : ન્યાય વિભાગ
न्याय विभाग।
Manner of positing.

૬૩૨. નિગોદશરીર : સૂક્ષ્મ શરીર
सूक्ष्म शरीर।
One common body inhabited by ananta jivas.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. મો. નં. ૦૯૮૨૫૮૦૦૧૨૬ (વધુ આવતા અંકે)

*હોંગકોંગના બંદરે રવીન્દ્રનાથને સખત મજૂરી કરતા ચીની કામદારો જોવા મળ્યા. જરાય ચરબી વગરનાં કસાયેલાં એમનાં શરીર તડકામાં ચમકતાં હતાં. તેમના સુદૃઢ-સ્નાયુબદ્ધ શરીરમાંથી અનેરું સૌંદર્ય પ્રગટતું હતું. રવીન્દ્રનાથને લાગ્યું કે વ્યવસ્થિત રૂપે થતો પરિશ્રમ માનવદેહને અનોખી આભા આપે છે. ચીની શ્રમિકોની લયબદ્ધ કામગીરી જોઈ રવીન્દ્રનાથે લખ્યું, 'વાજિંત્રમાંથી નર્તન કરતો સૂર વહે તેમ શ્રમિકોના શરીરમાંથી થનગન કરતો પરિશ્રમ સહજ રીતે વહી રહ્યો હતો. સ્ત્રીઓનું સૌંદર્ય પણ આ પુરુષોના સૌંદર્યની બરાબરી ન કરી શકે, કારણ કે પુરુષોના શરીરમાં બળ અને લાવણ્યની પૂર્ણ સમતુલા હોય છે. આ ગુણોની આવી સમતુલા સ્ત્રીઓને મળી નથી.' ચીની પ્રજાનાં શરીરબળ અને કાર્યકૌશલ તથા તેમનામાં જોવા મળતો કામ કરવાનો આનંદ નિહાળી રવીન્દ્રનાથ ખાસ્સા પ્રભાવિત થયા. તેમણે ભવિષ્યવાણી ભાખીઃ 'પ્રજાના આ ગુણોમાં જ્યારે આધુનિક વિજ્ઞાનના આશીર્વાદ ભળશે ત્યારે આ પ્રજાના સામર્થ્યને કોઈ પડકારી નહીં શકે.'*

# સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **રાજગુરુ આશીર્વાદ ચિંતનિકા**
આશીર્વાદ ઉદ્‌ગાતા પૂ. ગુરુદેવ રાજ્યશસૂરીશ્વરજી મહારાજ
લેખિકા : **સાધ્વી વાચંયમા શ્રી (બેન મહારાજ)**
પ્રાપ્તિ સ્થાન : (૧) શ્રી નિશીથભાઈ અતુલભાઈ શાહ, ૧૧, ઓપેરા સોસાયટી પાર્ટ-૧, મેઘમણી હાઉસ પાસે, નવા વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
(૨) શ્રીમતિ મીનાબેન સિદ્ધાર્થભાઈ શાહ ૧૭, રાજસ્વી બંગલો, પ્રેરણાતીર્થ વિભાગ-૧, રોઝવુડ એસ્ટેટની બાજુમાં, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
પ્રકાશક : શ્રી લબ્ધિ વિક્રમ સિદ્ધાચલ ચાતુર્માસ સમિતિ
મૂલ્યઃ અમૂલ્ય, પાના ૧૫૨, આવૃત્તિ પ્રથમ.

આ પુસ્તકના લેખિકા પ. પૂ. સા. વાચંયમાશ્રીજી લખે છે, 'પૂજ્યશ્રીના આશીર્વાદ એક મહાન ગ્રંથ સમાન છે. સંયમ-શાસન અને સમુદાયના જરૂરી અનેક વિષયો સહજ ભાવે આશીર્વાદમાં સંકળાયેલ છે.' પૂજ્યશ્રીએ અંતરના આશીર્વાદ સૌ પર વરસાવ્યા છે સાથે સમસ્ત જ્ઞાનનો સાર અને વ્યવહારનો નીચોડ આપ્યો છે. સાથે સાથે પૂજ્યશ્રીએ આશા વ્યક્ત કરી છે કે 'પ્રત્યેક સાધકના જીવનમાં પરિવર્તનનું પવિત્ર પથદર્શક આ પુસ્તક બનશે.'

આ નાનકડા પુસ્તકમાં પ. પૂ. ગુરુદેવ, શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.એ આપેલ આશીર્વાદના લેખન-સંકલનને ૬૫ પૃષ્ઠોમાં તેના રહસ્યો સમજાય તે રીતે આલેખ્યા છે, જેમાં બેન મહારાજનો વામન વિરાટને સ્પર્શે તેવો પ્રયત્ન છે. આ પાંસઠ આશીર્વાદોની ભાષા મધુર અને રહસ્યોથી ભરેલી છે.

X X X

પુસ્તકનું નામ : **મંથન (હિન્દી)**
લેખક : **મુનિ રાજરત્નવિજય**
પ્રકાશક : **મુકેશકુમાર અશોકકુમાર**
બમ્બોરી પરિવાર-રતલામ.
મૂલ્યઃરૂ.૧૦/-, પાના ૬૪,આવૃત્તિ વિ. સં.૨૦૬૬.

આજના ભૌતિક યુગમાં સદ્‌ગુરુનું સાન્નિધ્ય પ્રાપ્ત થવું અતિ દુર્લભ હોય છે. આ. ભગવંત રાજરત્નવિજયજી મહારાજ સાહેબે રતલામના ચાતુર્માસ સમયે ૭૦ થી ૭૨ પ્રવચનો આપ્યા હતા. તે દ્વારા ત્યાંના શ્રાવકોને જ્ઞાનના પીયૂષ પાયા હતા.

આ પ્રવચનોમાં માત્ર જ્ઞાન નહિ પણ હૃદયની ભાવનાઓને જાગૃત કરવાનું બળ પણ છે. એ પ્રવચનોને મુકેશકુમાર બમ્બોરીએ પુસ્તક રૂપે પ્રકટ કરી જૈન શાસન પર ઉપકાર કર્યો છે.

'મંથન' નામના નાનકડા પુસ્તક દ્વારા વાચકના હૃદયમાં એક એવો ભાવ ઉઠે છે કે મનુષ્ય માત્રનું જીવન ધર્મમય બનો, દરેક માનવીને અતિ દુર્લભ એવો મનુષ્ય ભવ પ્રાપ્ત થયો છે તો તેનું મૂલ્ય સમજે અને સન્માર્ગે પ્રયાણ કરી જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મેળવે. આ નાનકડું પુસ્તક વસાવવા જેવું અવશ્ય છે.

X X X

પુસ્તકનું નામ : **પવન તું તારી દિશા બદલી નાંખ**
લેખક : **પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરત્નસુંદર સૂરીશ્વરજી મહારાજ**
પ્રકાશક : **રત્નત્રયી ટ્રસ્ટ,** પ્રવિણકુમાર દોશી ૨૫૮, ગાંધી ગલી, સ્વદેશી માર્કેટ, કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોનઃ૨૨૦૬૦૮૨૬ (સમય બપોરે ૧૨ થી ૭).
મૂલ્યઃ રૂ. ૩૦/-, પાના ૧૦૦, આવૃત્તિ ૨

ઉત્તમ આદર્શો અને ઉત્તમ આચરણોના દર્શન દુર્લભ થતા જાય એવું વાતાવરણ આજે ચારેય બાજુ નજરે પડે છે. માધ્યમનું સ્થાન પવનનું સ્થાન છે. ગટરની દિશા તરફ વહેતો પવન જો બગીચાની દિશા તરફ વહેવા લાગે તો વાતાવરણને જેમ તાજગીસભર બનાવી દે છે, તેમ ગંદુ જ દર્શાવતાં રહેતા પ્રચાર માધ્યમો જો આજે સારું અને સમ્યક્, શુભ અને સુંદર પ્રસ્તુતિ પેશ કરે તો સમગ્ર જગતમાં તાજગી લાવી શકે. પવને બીજું કશું જ નથી કરવાનું માત્ર પોતાની દિશા બદલવાની છે. એ બદલવા માટે પવને શું કરવું જોઈએ એની અનેકવિધ વાતો મહારાજશ્રીએ અહીં કરી છે.

આ નાનકડા પુસ્તકના ૧૦૦ પાનામાં ૫૦ પત્રોમાં વર્તમાન જીવનની વાસ્તવિકતાઓનો વેદના ઉપજે એવો ચિતાર આલેખ્યો છે. આચાર્યશ્રીની કટાક્ષયુક્ત શૈલી હૃદય સોંસરી ઊતરી જાય તેવી છે. તેનો એક નમૂનો જોઈએ :

...અને છતાં દુઃખદ આશ્ચર્ય એ સર્જાયું છે કે લોકોની પાસે સમાચાર પહોંચી રહ્યા છે વેપારીઓની લુચ્ચાઈના, યુવકોની નાગાઈના, દુર્જનોની દુર્જનતાના, નેતાઓના કૌભાંડોના અને વેષધારીઓના પાખંડોના...સર્વત્ર ફેલાતી રહેતી ગટરની દુર્ગંધ જે રીતે નગરનું આરોગ્ય બગાડી રહે છે. બસ એ જ રીતે, સર્વત્ર ફેલાઈ રહેલ ખરાબ સમાચારો, નકારાત્મક વિચારો વિદ્વંશાત્મક પ્રસંગો આજે અતિશયોક્તિ વિના કહું તો આખી દુનિયાનું આરોગ્ય બગાડી રહ્યા છે. આવા ગંદવાડથી બચવા માટે આ પુસ્તક વાંચવું જરૂરી છે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩. ફોન નં. : (022) 22923754

*'...આ સુંદર વિશ્વમાંથી હું મરવા ઈચ્છતો નથી.' મરવાનું તો સૌને છે, પણ કવિ જીવન-પ્રીતિની ભાવનાથી જીવતા હતા. પીડાની ફરિયાદ ન કરતા કે તેમની આંખમાં ક્યારેય આંસુ જોવા ન મળતાં. પોતે લખી ન શકે તો બીજા પાસે કવિતા લખાવતા. પોતે લાંબુ બોલી ન શકે તો લખાવી બીજી પાસે બોલાવતા. સ્વાસ્થ્ય કથળતું જતું હતું. વિશ્વયુદ્ધ ચરમસીમાએ હતું. ચારેકોર અશાંતિ હતી. ભારત હજી પરતંત્ર હતું તેનું કવિને દુઃખ હતું. બંગાળી કૅલેન્ડર પ્રમાણે ૧૪ એપ્રિલ, ૧૯૪૧ના દિવસે તેમનો એંસીમો જન્મદિવસ ઊજવાયો. 'સભ્યતાર સંકટ' એ નામનો ગુરુદેવનો સંદેશ શાંતિનિકેતનના અંતેવાસીઓ સમક્ષ વંચાયો. ગુરુદેવનો એ છેલ્લો જાહેર સંદેશો હતો. ગુરુદેવે સંદેશામાં કહ્યું હતુંઃ*

*''બ્રિટિશ સામ્રાજ્યની ચુંગાલમાંથી એક દિવસ ભાગ્યનું ચક્ર ભારતને છોડાવશે, પણ અંગ્રેજો કેવું ભારત મૂકી જશે...બસો વર્ષના તેમના શોષણવાળા વહીવટથી સુકાયેલું કંગાલ ભારત !... એક સમયે હું માનતો હતો કે યુરોપમાંથી ચારે તરફ સંસ્કૃતિનો ઉદય થશે, પણ આજે જ્યારે હું જગતમાંથી વિદાય લેવામાં છું, ત્યારે મારી એ શ્રદ્ધા મારામાં રહી નથી...*

*અને છતાંય મનુષ્યમાંથી શ્રદ્ધા ગુમાવવાનું મહાપાતક હું નહીં વહોરું. જ્યાંથી સૂર્ય ઊગે છે તે પૂર્વદિશાની ક્ષિતિજેથી પ્રભાત પ્રગટશે. એવો દિવસ આવશે જ્યારે અજેય એવો માનવી ફરી વિજયના માર્ગે વળશે અને માનવતાનો વારસો પામશે.''*

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment. No. South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



# રવીન્દ્ર સ્મૃતિ

❑ પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા

**(૭મી મે ની રવીન્દ્ર જન્મજયંતી પ્રસંગે)**

ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરની સેવામાં જીવનનાં ૨૨ વર્ષો મૂક પણે શાંતિ નિકેતનમાં રહીને તેમના પાસેથી 'મૂંગો ગુરુદયાળ'નું સંબોધન પામનાર પ્રેમના પયગંબર સૂફી સંત આચાર્ય ગુરુદયાલ મલ્લિકજી પાસે ગુરુદેવના મૂલ્યવાન સંસ્મરણોનો મોટો ખજાનો હતો. સ્વયં ગુરુદેવે તેમને કહેલા અને પોતે અનુભવી આત્મસાત્ કરેલા ગુરુદેવનાં પ્રેરણાભર્યા જીવનપ્રસંગો મલ્લિકજીના શ્રીમુખેથી સાંભળવા એ એક લ્હાવો હતો.

અહીં પ્રસ્તુત છે તેમાંનો એક પ્રસંગ તેમના જ શબ્દોમાં:

## (૨) પત્ર અને પૉસ્ટ ઑફિસ : અનંતના શાંતિ-સાગરનું મિલનદ્વાર

બીજી પણ આ જ ગામની વાત છે. એક ટપાલી રોજ ત્યાં આવતો હતો. ખુશમિજાજ અને ગાન મસ્ત. 'ગગન' તેનું નામ. એક દિવસ એ દરવાનને ગુરુદેવની ટપાલ આપીને ગણગણતો આગળ નીકળી ગયો. ભારે મધુર સૂરોમાં એ ગાતો જતો હતો:

'આમાર **ચિઠી** આશબે કબે ?'

ગુરુદેવે આ શબ્દ સાંભળી લીધા. બીજા દિવસે તેમણે આ ગગન ટપાલીને બોલાવીને તેના પાસેથી એ ગીત સાંભળ્યું. સાંભળીને તેઓ મંત્રમુગ્ધ થઈ ગયા અને આને પોતાના ધ્યાનનું સૂત્ર બનાવી દીધું:

'કાગળ મારો આવશે ક્યારે ?'

જે સમયે આપણો જન્મ થાય છે તે દિવસે જ આપણી સાથે એક પત્ર મોકલવામાં આવે છે. એ પત્ર ક્યારે, કયા જન્મમાં, આપણને પહોંચશે ?

આ પ્રસંગથી ગુરુદેવને પોતાના સર્વોત્તમ નાટક ડાકઘર : 'પૉસ્ટ ઑફિસ'ની પ્રેરણા મળી. તેમના પૂર્વ બંગાળના જીવનનો આ બીજો મહત્ત્વપૂર્ણ પ્રસંગ હતો.

આગળ જતાં આ 'પૉસ્ટ ઑફિસ' નાટક લખ્યા પછી એક વખત ગુરુદેવે કહ્યું હતું: 'મારું સાહિત્ય સમજવાને માટે 'પૉસ્ટ ઑફિસ' વાંચો...મારા સાહિત્યનો એક જ ઉદ્દેશ રહ્યો છે-સાંત (સ+અંત)નું **અનંતની** સાથે અને અનંતનું સાંતની સાથે સંમિલન (To relate the Finite with the Infinite and Infinite with the Finite).

'પૉસ્ટ ઑફિસ'માં ગુરુદેવે સાંતમાંથી અનંતનું, 'સીમા'માંથી 'અસીમ'નું, દર્શન કરાવ્યું છે. એક માંદો બાળક છે. તેના ઓરડાની બારીઓ બધા બંધ કરી જાય છે. બાળક રોજ કહે છે-'એક બારી અરધી-શી તો ખોલી જાઓ !' અરધી બારી પછી ખુલ્લી રખાય છે. તેમાંથી તે દૂરનો પર્વત નિહાળે છે, પ્રકૃતિનું દર્શન કરે છે, માણસોને જુએ છે. દૂરથી દહી વેચવા આવનારાને જુએ છે અને તેની પાસેથી દહી વેચવાનું શીખે છે. આ રીતે તે દરેકના કામમાં રસ લે છે અને નવી નવી વાતો શીખે છે.

જે ઑરડામાં રહે છે, બંધ રહે છે, તે કશું પામતો નથી. જે દ્વાર ખોલે છે, બારી ખુલ્લી રાખે છે, સીમાની પાર અસીમને જુએ છે, તેને કંઈક દર્શન થાય છે. બારી ખોલતાં વેંત જ અસીમની, અનંતની ઝાંખી થાય છે.

એક વખત, પોતાના દેહાંતના થોડા દિવસ પૂર્વ ગુરુદેવ શાંતિનિકેતનમાં આ 'પૉસ્ટ ઑફિસ' નાટકનો અભિનય કરાવી રહ્યા હતા. એકાએક તેઓ ગણગણવા લાગ્યા અને તેમણે અભિનય થંભાવીને બાજુના ઓરડામાં જઈને ગીત લખ્યું-**'શમુખે શાંતિ પારાબાર.'**

ગીત શ્રી શાંતિદેવ ઘોષને શીખવવામાં આવ્યું અને સ્વરલિપિ લખાવીને પરબીડિયામાં બંધ કરી દેવાયું. એ બંધ કવર શાંતિદેવને આપતાં આપતાં ગુરુદેવે કહ્યું-'જે દિવસે મારું દેહાવસાન થાય તે દિવસે આ ખોલવું અને ગાવું.'

આ પછી છ મહિનામાં તો ગુરુદેવ માંદા પડ્યા. શાંતિનિકેતનથી તેમને પોતાના પૈતૃક મકાન જોડાસાંકો ભવન કલકત્તામાં લવાયા. **૭મી ઑગસ્ટ ૧૯૪૧**નો એ દિવસ. સવારથી પેલું પરબીડિયું મગાવી, ખોલાવી 'શમુખે શાંતિ' ગીત સૌ પાસે ગવરાવાય છે. સતત વણથંભ્યું ગવાઈ રહેલું પોતાનું એ ગાન પોતે જ સુણતાં સુણતાં, અંતર ઊંડાણે એનો ભાવ ઘૂંટતા ઘૂંટતા ગુરુદેવ પોતાની જીવનનૈયાને એ શાંતિસાગરમાં વહાવતાં વહાવતાં વિરાટ વિશ્વસ્વરૂપમાં ભેળવી દે છે. વર્તમાનપત્રોએ ત્યારે લખ્યું હતું: **'ખરે બપોરે રવિ અસ્ત થયો.'** પરંતુ રવિ અસ્ત નહીં, અભિનવ અનંતના ચિદાકાશમાં વિશ્વાત્મારૂપે ઊદિત થયો હતો ! એવું શું હતું એ ગીતમાં ?

ગીતમાં હતી અનંત કર્ણધાર પરમાત્મા પ્રત્યેની આ વેદનાભરી વિનંતિ:

લહેરાઈ રહ્યો છે સમીપે તારો શાંતિસાગર, હે કર્ણધાર ! હે મારી જીવનનૈયાના સુકાની ! હજુ સુધી તારું દર્શન ન થયું...ક્યારે થશે એ ? ક્યારે ?...મારી નૈયાને તારા શાંતિસાગરમાં વહાવી લઈ જા ! તારા વિરાટ વિશ્વની સાથે મને એકરૂપ કરી દે...તારા અનંત સ્વરૂપમાં મારું આ સાંત વ્યક્તિત્વ ભેળવી દે, પ્રભુ !'

शमुखे शान्तिपाराबार
भासाओ तरणी, हे कर्णधार।
तुमि हबे चिरसाथि, लओ लओ हे क्रोड पाति-
असीमेर पथे ज्वलिबे ज्योति ध्रुवतारकार।
मुक्तिदाता तोमार क्षमा, तोमार दया,
हबे चिरपाथेय चिरजात्रार।
हय जेन मर्तेर बन्धन क्षय,
विराट विश्व बाहु मेलि लय-
पाय अन्तरे निर्भय परिचय महा-अजानार।।

સન્મુખે લહરાઈ રહ્યો છે શાંતિ સાગર
(એમાં) વહાવી લઈ જાઓ મારી જીવનનૈયા હે કર્ણધાર !
તમે થશો મારા ચિરસાથી, મને ગ્રહી લો ગોદ ફેલાવી,
અસીમના પંથે ઝળહળશે જ્યોતિ ધ્રુવતારકની.
હે મુક્તિદાતા ! તમારી ક્ષમા, તમારી દયા કરુણા
બનશે ચિર પાથેય મારી ચિરયાત્રાનું
ક્ષય થશે જેનાથી મૃત્યુઓનાં બંધન
પસારો વિરાટ વિશ્વ બાહુ તમારા
જેથી અંતરે પામી શકું પરિચય તમારા અજ્ઞાત-
-મહાઅજ્ઞાત સ્વરુપનો !

✶✶✶

**(લેખકના પ્રકાશ્ય પુસ્તક 'ગુરુદેવ સંગે'માંથી)**

પારુલ, ૧૫૮૦ કુમારસ્વામી લે આઉટ,
બેંગલોર-૫૬૦૦૭૮. ટે. ૦૮૦-૬૫૯૫૩૪૦,
૨૬૬૬૭૮૮૨, ૯૬૧૧૨૩૧૫૮૦

# પંથે પંથે પાથેય...

Printed & Published by Niroobahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.